RNI NO. GUJ/GUJ/2004/15191
LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

BHAVNAGAR
www.aaspassdaily.com

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન : (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫ ફેક્સ : ૨૫૧૪૫૧૫

● સંવત ૨૦૮૨ અષાઢ વદ - ૬ મંગળવાર તા.૦૪-૦૮-૨૦૨૬ અંક : ૨૩૧ વર્ષ : ૨૩ news@aaspassindia.com કિંમત રૂા. ૨-૫૦ પાના - ૮

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

# રામ મંદિરમાં દાન ચોરી મામલે વિપક્ષનું પ્રદર્શન, લોકસભા ૨ વાગ્યા સુધી સ્થગિત

## વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગે અને સંસદીય કાર્યમંત્રી કિરણ રિજિજુ વચ્ચે થઇ દલીલ

નવીદિલ્હી,

સંસદના ચોમાસુ સત્રના ૧૨મા દિવસે રામ મંદિરના દાન ચોરીના મામલે બંને ગૃહોમાં ભારે હોબાળો થયો. લોકસભાની કાર્યવાહી માત્ર ૩ મિનિટ ચાલ્યા બાદ બપોરે ૨ વાગ્યા સુધી સ્થગિત કરી દેવામાં આવી. રાજ્યસભાની કાર્યવાહી લગભગ અડધા કલાકના હોબાળા બાદ ૧૨ વાગ્યા સુધી સ્થગિત કરી દેવામાં આવી. ત્યારબાદ ફરીથી કાર્યવાહી શરૂ થઈ. પરંતુ માત્ર ૨૦ મિનિટ બાદ, રાજ્યસભા પણ ૨ વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી હતી.



રાજ્યસભામાં વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગે અને સંસદીય કાર્ય મંત્રી કિરણ રિજિજુ વચ્ચે દલીલ થઈ. ખડગેએ કહ્યું- રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટની રચના કેન્દ્ર સરકારે કરી હતી. ટ્રસ્ટને ૭૦ એકરથી વધુ જમીન સોંપવામાં આવી. પીએમ પોતે રામ મંદિર સાથે જોડાયેલા દરેક કાર્યક્રમમાં સામેલ થયા. હવે ઈડી, ઝ્રમ્ૈં અને અન્ય કેન્દ્રીય તપાસ એજન્સીઓ ક્યાં છે? સરકારે ગૃહમાં તેનો જવાબ આપવો જોઈએ. આના પર સંસદીય કાર્ય મંત્રી કિરણ રિજિજુએ કહ્યું- કોંગ્રેસ અને સમાજવાદી પાર્ટી વર્ષો સુધી ભગવાન રામ અને રામ મંદિરનો વિરોધ કરતી રહી છે. રામ મંદિર બનવા પર કાળી પટ્ટી બાંધીને વિરોધ કર્યો હતો. આજે એ જ લોકો મગરના આંસુ પાડીને દેશને ગેરમાર્ગે દોરી શકશે નહીં. પહેલા ભગવાન રામનું અપમાન કરવા બદલ દેશની માફી માંગો, ત્યારબાદ સરકાર પાસેથી જવાબ માંગો. સંસદના ચોમાસુ સત્રનો આજે ૧૨મો દિવસ છે. નાણામંત્રી નિર્મલા સીતારમણ આજે લોકસભામાં 'ટેક્સેશન એન્ડ અધર લોઝ (એમેન્ડમેન્ટ) બિલ' રજૂ કરશે. આ બિલમાં ટેક્સ સંબંધિત વિવિધ કાયદાઓમાં સુધારાનો પ્રસ્તાવ છે.

## NDA સંસદીય દળની સાપ્તાહિક બેઠક



આજે સવારે પીએમ મોદી સંસદ પરિસરમાં આવેલા જી.એમ.સી. બાલયોગી ઓડિટોરિયમમાં NDA સંસદીય દળની સાપ્તાહિક બેઠક 'મંગલ મિલન'માં પહોંચ્યા હતા. બેઠકમાં ગૃહમંત્રી અમિત શાહ, રક્ષામંત્રી રાજનાથ સિંહ, ભાજપ અધ્યક્ષ નિતિન નવીન સહિત NDAના વરિષ્ઠ નેતાઓ અને સાંસદોએ ભાગ લીધો.

# E20-ફ્યુઅલ વિરુદ્ધ કેજરીવાલે PM આવાસ સુધી કૂચ કરી

### વડાપ્રધાનને મળવાનો સમય માંગ્યો છે, તેમને ૨ લાખ લોકોના પત્રો સોંપવામાં આવશે

નવીદિલ્હી,

આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ ઈ૨૦ પેટ્રોલના વિરોધમાં વડાપ્રધાન આવાસ સુધી કૂચ શરૂ કરી છે. કૂચ પહેલાં તેમણે કહ્યું કે ૨.૩ લાખ લોકોએ ઈ૨૦ વિરુદ્ધ વડાપ્રધાનને પત્રો લખ્યા છે. તેઓ લોકોના પત્રો પીએમને સોંપશે.

કેજરીવાલે સોમવારે દિલ્હીમાં પ્રેસ કોન્ફરન્સ દરમિયાન પીએમ આવાસ સુધી કૂચની જાહેરાત કરી હતી. તેમણે જણાવ્યું કે તેઓ પોતાની સાથે ૧૦૦ લોકોને લઈ જશે. કેજરીવાલનો આરોપ છે કે ભારતે અમેરિકા પાસેથી ઈથેનોલ ખરીદવા માટે ટ્રમ્પ સામે ઘૂંટણ ટેકવી દીધા છે. વડાપ્રધાન અમેરિકાથી ઈથેનોલ મંગાવીને દેશના લોકો પર થોપી રહ્યા છે, જેનાથી લોકોની ગાડીઓ ખરાબ થઈ રહી છે. આ યોગ્ય નથી તેમણે ગયા મહિને વડાપ્રધાનને પત્ર લખ્યો હતો. જેમાં ઈ૨૦ પેટ્રોલ સંબંધિત ચિંતાઓ પર ચર્ચા કરવા માટે સમય માંગ્યો હતો આ પત્રનો કોઈ જવાબ મળ્યો નથી. તેથી હવે તેઓ પોતે સ્આવાસ જઈને જનતા દ્વારા સહી કરાયેલી અરજીઓ સોંપશે. દિલ્હી ભાજપ અધ્યક્ષ હર્ષ મલ્હોત્રાએ કેજરીવાલના માર્ચના એલાન પર નિશાન સાધ્યું છે. તેમણે કહ્યું કે આ કોંગ્રેસ અને કેજરીવાલ વચ્ચે દેશના નંબર ૧ અરાજકતાવાદી બનવાની સ્પર્ધાનો એક ભાગ છે.

# તા.૮-૧૦ સપ્ટેમ્બરે ગુજરાત વિધાનસભાનું ચોમાસુ સત્ર



ગાંધીનગર,

ગુજરાત વિધાનસભાનું ચોમાસુ સત્ર આગામી ૮, ૯ અને ૧૦ સપ્ટેમ્બર દરમિયાન યોજાશે. રાજ્યપાલે ૧૫મી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રનું આહ્વાન કરતાં સત્ર સંબંધિત જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

વિધાનસભા અધ્યક્ષ શંકર ચોધરીએ કહ્યું કે સત્રને ધ્યાનમાં રાખીને ધારાસભ્યો ૨૦ ઓગસ્ટ સુધી પોતાના પ્રશ્નો ઓનલાઈન તેમજ પ્રત્યક્ષ રીતે રજૂ કરી શકશે. જ્યારે ૬ સપ્ટેમ્બરે કામકાજ સલાહકાર સમિતિની બેઠક યોજાશે, જેમાં સત્રના એજન્ડા અને ગૃહની કામગીરી અંગે ચર્ચા કરવામાં આવશે.

ત્રણ દિવસીય આ ચોમાસુ સત્ર દરમિયાન સરકાર વિવિધ વિધેયકો અને અન્ય સરકારી કામકાજ ગૃહમાં રજૂ કરે તેવી શક્યતા છે. વિપક્ષ પણ રાજ્યના વિવિધ મુદ્દાઓને લઈને સરકારને ઘેરવાનો પ્રયાસ કરશે તેવી રાજકીય વર્તુળોમાં ચર્ચા છે.

# કુવૈતમાં અમેરિકી સૈન્ય બેઝ પર ઈરાનનો હુમલો

### ઓમાનના દરિયાકિનારે એક માલવાહક જહાજ અજાણ્યા પ્રક્ષેપણની ઝપેટમાં આવ્યું: યુકે મેરીટાઇમ ટ્રેડ ઓપરેશન્સ

તહેરાન,

અમેરિકા-ઈરાન વાટાઘાટો પહેલાં ખાડી ક્ષેત્રમાં તણાવ વધી ગયો છે. ધ યરુશલમ પોસ્ટના રિપોર્ટ અનુસાર, ઈરાનની ઈઝ્રએ આજે મંગળવારે સવારે કુવૈતમાં આવેલા અમેરિકી સૈન્ય અડ્ડા પર ઓછામાં ઓછા ત્રણ ડ્રોનથી હુમલો કર્યો. હાલમાં કોઈ નુકસાન કે જાનહાનિની સત્તાવાર પુષ્ટિ થઈ નથી.બીજી તરફ, યુકે મેરીટાઇમ ટ્રેડ ઓપરેશન્સએ જણાવ્યું કે ઓમાનના દરિયાકિનારે એક માલવાહક જહાજ અજાણ્યા પ્રક્ષેપણની ઝપેટમાં આવ્યું. એજન્સીએ તપાસ શરૂ કરી દીધી છે અને જહાજોને સાવચેત રહેવાની સલાહ આપી છે.



આ દરમિયાન અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનને ચેતવણી આપતા કહ્યું કે તેની પાસે સમજૂતીનો છેલ્લો મોકો છે. તેમણે પુનરાવર્તન કર્યું કે જો વાતચીત નિષ્ફળ જશે તો અમેરિકા સૈન્ય કાર્યવાહીથી પીછેહઠ નહી કરે. જોકે, ઈરાને કહ્યું છે કે તેની અમેરિકા સાથે કોઈ સીધી વાતચીત થઈ રહી નથી અને તે હાલમાં ઓમાન સહિતના પ્રાદેશિક દેશો સાથે અલગ-અલગ સ્તરે સંપર્કમાં છે.

### ઈરાન બેવડી રમત રમી રહ્યું છેઃ ડોનાલ્ડ ટ્રમ્પ

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે ઈરાની નેતૃત્વ બેવડી રમત રમી રહ્યું છે. તેમણે આરોપ લગાવ્યો કે ઈરાન ખાનગી રીતે વાતચીત કરવા માંગે છે, પરંતુ જાહેરમાં દાવો કરે છે કે તેની અમેરિકા સાથે કોઈ વાતચીત ચાલી રહી નથી અને તે ફક્ત ઓમાન સાથે સંપર્કમાં છે. ટ્રમ્પે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ સોશિયલ પર લખ્યું કે ઈરાન હોર્મુઝ જળસંધિ પર નિયંત્રણનો દાવો કરે છે, જ્યારે ત્યાં સંપૂર્ણપણે અમેરિકી નૌકાદળનું નિયંત્રણ છે. તેમણે કહ્યું કે અમેરિકાની નાકાબંધી વિના ઈરાન સુધી કંઈપણ પહોંચી શકતું નથી.તેમણે કહ્યું કે જ્યાં સુધી સમજૂતી કે સંપૂર્ણ આત્મસમર્પણ ન થાય ત્યાં સુધી આ સ્થિતિ યથાવત રહેશે. દરમિયાન ઈરાને અમેરિકા સાથે પ્રત્યક્ષ વાતચીતના અહેવાલોને ફગાવી દીધા છે. વિદેશ મંત્રાલયે જણાવ્યું કે હોર્મુઝ સ્ટ્રેટને લઈને તેની વાતચીત ફક્ત ઓમાન સાથે થઈ રહી છે.

# ફરીદાબાદની સ્કૂલમાં યુવક દ્વારા શિક્ષિકાની ઉપરા-છાપરી છરીના ઘા ઝીંકી કરાઈ હત્યા

### ૩૨ સેકન્ડમાં ૩૪ વાર છરીના ઘા ઝીક્યાં, સમગ્ર ઘટના CCTVમાં કેદ

ફરીદાબાદ,

ફરીદાબાદના સિકરૌના ગામમાં પોલીસ ચોકીથી થોડા જ મીટરના અંતરે એક શિક્ષિકાની દિવસના સમયે જ ચાકુના ઘા મારીને હત્યા કરી દેવામાં આવી. નકાબ પહેરેલા એક યુવકે શાળાની અંદર ઘૂસીને આ હત્યાની ઘટનાને અંજામ આપ્યો અને સ્થળ પરથી ફરાર થઈ ગયો. યુવકે ૩૨ સેકન્ડમાં ૩૪ વખત ચાકુથી વાર કર્યા અને શિક્ષિકાને મોતને ઘાટ ઉતારી દીધી. આ ઘટના શાળામાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ છે. પોલીસ આ મામલાની તપાસ કરી રહી છે અને આરોપીની શોધખોળ કરવામાં આવી રહી છે.

મહિલા શક્ષિકા સિકરૌના ગામમાં આવેલી એક ખાનગી શાળામાં દરરોજની જેમ શાળામાં બાળકોને ભણાવવા માટે પહોંચી હતી. થોડીવાર પછી એક યુવક મોઢા પર કપડું બાંધીને શાળાએ પહોંચ્યો અને શિક્ષિકાને મળવાની વાત કરી.શિક્ષિકા જેવી શાળાના ગેટ પર મળવા માટે પહોંચી કે તરત જ યુવકે તેની ગરદન પર ચાકુથી હુમલો કરી દીધો.શિક્ષિકાએ પોતાની જાતને બચાવવાનો પ્રયત્ન કર્યો, પરંતુ યુવક તેના પર સતત વાર કરતો રહ્યો.

# પેટ્રોલ-ડીઝલ અને વિમાનના ઈંધણ પર સરકારે વધાર્યો વિન્ડફોલ ટેક્સ

### ઓઈલ રિફાઈનરીઓ દ્વારા આંતરરાષ્ટ્રીય માર્કેટમાં થતા નફા પર અંકુશ મેળવવા નિર્ણય

નવીદિલ્હી,

આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવમાં સતત થતી અસ્થિરતા અને અમેરિકા-ઈરાન વચ્ચે વધતા તણાવ વચ્ચે કેન્દ્ર સરકારે મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. નાણા મંત્રાલયના નોટિફિકેશન અનુસાર, સરકારે પેટ્રોલ, ડીઝલ અને જેટ ફ્યુઅલ (છ્હ્લ)ના નિકાસ પર લાગતા વિન્ડફોલ ટેક્સમાં મોટો વધારો કરી દીધો છે.

સરકાર દ્વારા પેટ્રોલ, ડીઝલ અને છ્હ્લ પર એક્સપોર્ટ ડ્યુટીમાં ફેરફાર કરવામાં આવ્યા જેમાં પેટ્રોલ નિકાસ શુલ્કમાં પ્રતિ લીટર રૂ.૧નો વધારો કરવામાં આવ્યો છે. હવે પેટ્રોલ પર નિકાસ શુલ્કપ્રતિ લીટર રૂ.૨.૫થી વધીને રૂ. ૩.૫ થઈ ગયું છે.ડીઝલના નિકાસ પર સૌથી મોટો ફટકો પડ્યો છે. જીછઈઢ અને અન્ય ટેક્સ મળીને ડીઝલ પર લગભગ રૂ. ૧૦પ્રતિ લીટર સુધીનો વધારો કરાયો છે, જેનાથી હવે કુલ શુલ્ક રૂ. ૨૫.૫ થઈ ગયું છે વિમાનોમાં વપરાતા ઈંધણ પર નિકાસ શુલ્ક રૂ. ૭.૫ પ્રતિ લીટર વધારીને રૂ. ૨૨ કરી દેવામાં આવ્યું છે, જે પહેલા રૂ. ૧૪.૫ પ્રતિ લીટર હતું.

આ ટેક્સ ભારતની અંદર વેચાતા પેટ્રોલ-ડીઝલ પર નહી, પરંતુ ઈન્ડિયન ઓઈલ ભારત પેટ્રોલીયમ કે હિન્દુસ્તાન પેટ્રોલીયમ જેવી રિફાઈનિંગ કંપનીઓ દ્વારા વિદેશમાં નિકાસ કરાતા તેલ પર લગાવવામાં આવ્યો છે. સરકારનો મુખ્ય ઉદેશ્ય એ છે કે રિફાઈનરીઓ વધુ નફો કમાવવાના ચક્કરમાં દેશ બહાર તેલ ન મોકલી દે અને દેશમાં પેટ્રોલ-ડીઝલની કોઈ અછત ન સર્જાય.

### જુલાઈમાં પ્રતિ દિન ૨૭ થી ૨૮ લાખ બેરલની આયાત

# ભારતની રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદી ૫૦ ટકાને પાર

### અમેરિકાની ટેરિફની ધમકી વચ્ચે રશિયા બન્યું ભારતનું નંબર-૧ પાર્ટનર! આયાતના રેકોર્ડ તૂટ્યા

નવીદિલ્હી,

ભારતે અમેરિકાની ટેરિફની ધમકી છતાં રશિયા પાસેથી જુલાઈ મહિનામાં વિક્રમજનક ક્રૂડ ઓઈલની આયાત કરી છે. ભારતની જુલાઈમાં ક્રૂડ ઓઈલની કુલ આયાત પ્રતિ દિન લગભગ ૫૦ લાખ બેરલ હતી, તેમાંથી રશિયા પાસેથી પ્રતિ દિન ૨૭ થી ૨૮ લાખ બેરલની આયાત કરવામાં આવી હતી. આમ, પહેલી વખત ભારતની રશિયા પાસેથી ક્રૂડ ઓઈલની ખરીદી ૫૦ ટકાને વટાવી ગઈ છે.

ભારતને ક્રૂડ ઓઈલનો પુરવઠો પૂરો પાડવામાં યુએઈ અને સાઉદી અરેબિયા અનુક્રમે બીજા અને ત્રીજા નંબરે આવે છે, પરંતુ બંનેનો સંયુક્ત પુરવઠો પણ રશિયા કરતાં ઓછો છે. ભારતની રશિયા પાસેથી ક્રૂડ ઓઈલની આયાતમાં વધારો નિર્ણાયક તબક્કે થયો છે. એક બાજુ અમેરિકા રશિયા પાસેથી ક્રૂડ ખરીદનારા પર ૧૦૦ ટકા ટેરિફ લાદવા આગળ વધી રહ્યું છે, તો તે જ સમયે ભારતે રશિયા પાસેથી જંગી પ્રમાણમાં આયાત ચાલુ રાખી છે.કેપ્લર સિનિયર રિસર્ચ એનાલિસ્ટ નિખિલ દુબેએ જણાવ્યું હતું કે ભારતની ઉર્જા સ્ત્રોતોનું વૈવિધ્વીકરણ કરવાની વ્યૂહરચના સફળ રહી છે. તેના કારણે રીફાઈનરોએ વિપરીત ભૂરાજકીય સ્થિતિમાં પણ નિયમિત ધોરણે વીજ પુરવઠો અને ઓઈલ જાળવી રાખ્યું છે.

# CBIને તપાસમાં સહયોગ ન કરવાના આરોપમાં અરુણાચલના મુખ્ય સચિવને સુપ્રિમ કોર્ટનું તેડું

### આગામી સુનાવણી તા.૨૪ ઓગસ્ટના રોજ વ્યક્તિગત રૂપે હાજર રહેવા આદેશ

નવીદિલ્હી,

અરુણાચલ પ્રદેશના મુખ્યમંત્રી પેમા ખાંડુ સામેના કેસમાં તપાસ દરમિયાન રાજ્ય સરકાર દ્વારા સહયોગ ન કરવામાં આવવાને લઈને CBI સુપ્રીમ કોર્ટમાં પહોંચી છે. આ મામલે સુપ્રીમ કોર્ટે અરુણાચલ પ્રદેશના મુખ્ય સચિવ અને પ્રધાન સચિવ (ગૃહ) પાસે જવાબ માંગ્યો છે. જસ્ટિસ વિક્રમ નાથ અને જસ્ટિસ સંદીપ મહેતાની બેન્ચે ઝ્રમ્ૈં દ્વારા દાખલ કરવામાં આવેલી સ્ટેટસ રિપોર્ટની તપાસ કર્યા બાદ આ કડક પગલું ભર્યું છે. આ રિપોર્ટ અગાઉના એપ્રિલ મહિનાના આદેશ બાદ સોંપવામાં આવી હતી. જેમાં ખાંડુ સાથે જોડાયેલા પબ્લિક વર્ક્સ કોન્ટ્રાક્ટ ફાળવણીમાં પક્ષપાત કરવાના આરોપોની CBI તપાસનો આદેશ અપાયો હતો.૧૭ જુલાઈએ CBI દ્વારા સોંપવામાં આવેલી સ્ટેટસ રિપોર્ટ પરથી જાણવા મળ્યું કે ફેડરલ એજન્સીને રાજ્ય સરકાર પાસેથી રેકોર્ડ મેળવવામાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. બેન્ચે નોંધ્યું કે રેકોર્ડ ઉપલબ્ધ કરાવવાના મામલામાં રાજ્ય સરકાર સહયોગ કરી રહી નથી. આ કારણે સુપ્રીમ કોર્ટે મુખ્ય સચિવ અને પ્રધાન સચિવ (ગૃહ) ને નોટિસ જારી કરી છે અને આગામી સુનાવણીની તારીખ એટલે કે ૨૪ ઓગસ્ટના રોજ વ્યક્તિગત રૂપે હાજર રહેવા આદેશ આપ્યો છે.

# ભારતમાં અનેક WhatsApp એકાઉન્ટ ૨૪ કલાક માટે બ્લોક

### એપ ખોલવા પર તેમનું એકઉન્ટ તપાસ પર છે તેવો સંદેશ આવેલો, 'અમે એવા લોકો પર નજર રાખીએ છીએ જે અમારી સેવાઓનો દુરુપયોગ કરે છેઃ પ્રવક્તા

નવી દિલ્હી,

ભારતમાં ઘણા WhatsApp યુઝર્સ પરેશાન છે. તેઓ WhatsApp ચલાવી નથી શકતા.સોમવારે ભારતમાં ઘણા WhatsApp યુઝર્સના એકાઉન્ટ થોડા સમય માટે બ્લૉક થઈ ગયા. મેસેજિંગ પ્લેટફોર્મે તેમના એકાઉન્ટને ૨૪ કલાકની સમીક્ષામાં મૂકી દીધા છે. આ દરમિયાન યુઝર્સ એપના ઘણા મહત્વપૂર્ણ ફિચર્સનો ઉપયોગ કરી શક્યા નહીં. આ સમસ્યાની પહેલી માહિતી રાત્રે લગભગ ૮ વાગ્યે સામે આવી. ઘણા યુઝર્સે જણાવ્યું કે કોઈપણ અગાઉની ચેતવણી વગર તેમના એકાઉન્ટને તપાસ હેઠળ મૂકી દેવામાં આવ્યા.

આ પગલાથી ભારત સહિત અનેક જગ્યાએ લોકો પરેશાન થઈ ગયા અને સોશિયલ મીડિયા પર પોતાની ફરિયાદો પણ નોંધાવી.




આ મુશ્કેલી પછી ઘણા પ્રભાવિત યુઝર્સે સોશિયલ મીડિયામાં પોતાની સમસ્યા શેર કરી અને એ જાણવાનો પ્રયત્ન કર્યો કે તેમના એકાઉન્ટ પર આ કાર્યવાહી કેમ થઈ. સોમવારે રાત્રે લગભગ આઠ વાગ્યે યુઝર્સને WhatsApp પર આ સમસ્યા દેખાવાની શરૂ થઈ. એપ ખોલવા પર એક સંદેશ દેખાયો કે તેમનું એકાઉન્ટ તપાસ હેઠળ છે અને તેની પ્રવૃત્તિઓ તેમજ ફોન સંબંધિત માહિતીની સમીક્ષા કરવામાં આવી રહી છે. આ સાથે જ ૨૪ કલાકની અંદર આના પર નિર્ણય લેવામાં આવવાની માહિતી પણ આપવામાં આવી.

આ ઉપરાંત એપમાં યુઝર્સને જવાબદારીપૂર્વક ઉપયોગ કરવાની સૂચનાઓ અને ચોરાયેલા ફોન કે એકાઉન્ટ્સ સાથે જોડાયેલી માહિતીના વિકલ્પો પણ દેખાડવામાં આવ્યા. ઘણા લોકોએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર પોતાનો રોષ વ્યક્ત કર્યો.

# ગુજરાત ફ્લડ કંટ્રોલ સેલ : ટેકનોલોજીના ટેકે નાગરિક-સુરક્ષા અને જળ-વ્યવસ્થાપનનું ઉત્કૃષ્ટ ઉદાહરણ

**ચોમાસામાં પૂર વ્યવસ્થાપન માટે જળ સંપત્તિ વિભાગ સજ્જ: ગાંધીનગર ખાતે મધ્યસ્થ પૂર નિયંત્રણ એકમ ૨૪૮૭ કાર્યરત: રાજ્યના ૨૦૭ જળાશયોના જળસ્તર, પાણીની આવક-જાવક અને વરસાદી આંકડા પર રિઅલ-ટાઈમ મોનિટરિંગ**

ગાંધીનગર,

આબોહવા પરિવર્તન વધી રહ્યું છે. ટૂંક સમયમાં જ ભારેથી અતિભારે વરસાદની ઘટનાઓનું પ્રમાણ વધ્યું છે, ત્યારે ટૅકનોલોજીની મદદથી આપત્તિ વ્યવસ્થાપન એ પ્રાથમિકતા બન્યું છે. ગુજરાતમાં, જળ સંપત્તિ વિભાગ હેઠળ ગાંધીનગર કાર્યરત ફ્લડ કન્ટ્રોલ સેલ આ વાતનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. આ સેલ દર્શાવે છે કે કેવી રીતે એન્જિનિયરિંગમાં નવીનતા, ડિજિટલ ગવર્નન્સ અને રિયલ-ટાઈમ સંકલન દ્વારા પૂરની તૈયારીઓ અને જળ સંસાધન વ્યવસ્થાપનમાં નોંધપાત્ર સુધારો લાવી શકાય છે.

જળ સંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલના માર્ગદર્શનમાં ગુજરાતમાં ચોમાસા દરમિયાન પૂરની પરિસ્થિતિને પહોંચી વળવા અને જળાશયોમાં પાણીની આવક-જાવક પર સુચારુ દેખરેખ રાખવા માટે જળ સંપત્તિ વિભાગ હસ્તકનું મધ્યસ્થ પૂર નિયંત્રણ એકમ, ગાંધીનગર સજ્જ થયું છે. ચોમાસા પૂર્વે ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન અને ટેલિફોન ડિરેક્ટરી અદ્યતન કરી Reservoir Data Management System https://wrd-dam.guja®a.gov.in/index.php પોર્ટલ પર અપલોડ કરવામાં આવી છે. ચોમાસા દરમિયાન ૧ જૂનથી ૩૧ ઓક્ટોબર સુધી મધ્યસ્થ પૂર નિયંત્રણ એકમ, ગાંધીનગર સહિત રાજ્યના ૧૨ પ્રાદેશિક પૂર નિયંત્રણ એકમો ૨૪૮૭ કાર્યરત રહે છે.

૧૨ પ્રાદેશિક એકમો અને ૨૦૭ જળાશયોનું સતત મોનિટરિંગઃ રાજ્યમાં ઉકાઈ, સુરત, દમણગંગા, વડોદરા, નડિયાદ, ગોધરા, અમદાવાદ, હિંમતનગર, વિસનગર, ભાવનગર, રાજકોટ અને ભુજ ખાતે ૧૨ પ્રાદેશિક પૂર નિયંત્રણ એકમો કાર્યરત કરવામાં આવ્યા છે.

આ એકમ દ્વારા સરદાર સરોવર સહિત રાજ્યના મુખ્ય ૨૦૭ જળાશયો જેમાં ૧૮ મોટા, ૮૬ મધ્યમ અને ૧૦૩ નાના જળાશયોના જળસ્તર-લેવલ તેમજ પાણીની આવક અને જાવકનું રિઅલ-ટાઈમ મોનિટરિંગ કરવામાં આવે છે. મોટા ડેમોની દર કલાકે અદ્યતન માહિતી મેળવવામાં આવે છે. આ ઉપરાંત, દરરોજ સવારે ૮:૦૦ કલાકે અને બપોરે ૪:૦૦ કલાકે તમામ વિગતો મેળવીને સંયુક્ત અહેવાલ ઉચ્ચ અધિકારીશ્રીઓ અને સંબંધિત વિભાગોને મોકલવામાં આવે છે.

# ગુજરાતમાં હજુ પણ લો પ્રેશર, સાયસર, મોન્સૂન ટ્રફ એક્ટિવ હોવાથી વરસાદની સંભાવના

**આગામી સાત દિવસ વરસાદ પડી શકે તેવી હવામાન વિભાગની આગાહી**



અમદાવાદ,

રાજ્ય હવામાન ખાતાએ આગાહી કરતા કહ્યું કે આગામી સાત દિવસ રાજ્યમાં વરસાદ રહી શકે છે. કેટલાક વિસ્તારો માટે વરસાદનું યલ્લો એલર્ટ આપેલું છે જ્યારે માછીમારોને બે દિવસ દરિયો ન ખેડવા સૂચના પણ આપી છે. આ ઉપરાંત જાણીતા આગાહીકાર અંબાલાલ પટેલે પણ લેટેસ્ટ આગાહીમાં કહ્યું છે વધુ એક સિસ્ટમના કારણે ૮મી ઓગસ્ટથી ૧૫ ઓગસ્ટ સુધીમાં ગુજરાતમાં ફરી વરસાદની શક્યતાઓ છે.

રાજ્ય હવામાન વિભાગના વૈજ્ઞાનિક પ્રદીપ શર્માના જણાવ્યાં મુજબ વેલમાર્ક લો પ્રેશર હવે સાયક્લોનિક સર્ક્યુલેશનમાં ફેરવતા નબળો પડ્યો છે. આગામી સાત દિવસ વરસાદ રહી શકે છે. લો પ્રેશર, સાયસર, મોન્સૂન ટ્રફ એક્ટિવ છે. આથી બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, પાટણ માટે વરસાદનું યલ્લો એલર્ટ અપાયેલું છે. કચ્છ, મોરબી, જામનગર, પોરબંદર, દ્વારકામાં યેલો અલર્ટ સાથે ભારે વરસાદની શક્યતા છે

જાણીતા આગાહીકાર અંબાલાલ પટેલે પણ મોટી આગાહી કરતા કહ્યું છે કે આગામી ૨૪ કલાકમાં રાજ્યના ભાગોમાં હળવા વરસાદી ઝાપટા પડવાની શક્યતાઓ છે.

# ધંધુકા કોટન જીઆઈડીસી વરસાદી પાણીમાં ગરકાવ : ફેક્ટરીઓમાં પાણી ઘૂસી ગયા





ધંધુકા,

અમદાવાદ જિલ્લાના ધંધુકા કોટન GIDC વિસ્તારમાં ચોમાસાના વરસાદ બાદ વરસાદી પાણીનો યોગ્ય નિકાલ ન થતાં સમગ્ર વિસ્તારમાં પાણી ભરાઈ જવાની ગંભીર સમસ્યા સર્જાઈ છે. વરસાદી પાણી આગળ ન નીકળી શક્તા અનેક યુનિટોની આસપાસ અને અંદર પાણી ભરાઈ ગયા છે, જેના કારણે ઉદ્યોગકારો અને યુનિટ ધારકોને હાલાકીનો પડી રહ્યો છે.

કેટલાક યુનિટોમાં વરસાદી પાણી ઘૂસી જતાં મશીનરીને નુકસાન પહોંચ્યું હોવાનું અને ઉત્પાદન કાર્ય પણ અટકી જતાં કેટલાક યુનિટો બંધ રાખવાની ફરજ પડી હોવાનું યુનિટ ધારકો જણાવી રહ્યા છે. પાણી ભરાવાને કારણે માલસામાનની હેરફેર તેમજ કામદારોની અવરજવરમાં પણ મુશ્કેલી ઊભી થઈ છે. વેપારી અગ્રણી પૃથેશભાઈ શાહે જણાવ્યું કે.જીઆઈડીસીમાં વરસાદી પાણી નો કોઈ નિકાલ નથી જેના કારણે અનેક યુનિટો બંધ થયા છે અને યુનિટોને નુકશાન થયા છે.

# ગુજરાતની 20 ITI અને 17 પોલિટેકનિકની ડેટા અને AI લેબ્સની સ્થાપના માટે પસંદગી

**રાજ્યસભા સાંસદ પરિમલ નથવાણીના પ્રશ્નનો ઈલેક્ટ્રોનિક્સ અને આઈટી રાજ્યમંત્રીએ આપ્યો જવાબ**

દિલ્હી,

ઈન્ડિયા-એઆઈ મિશન હેઠળ ડેટા અને એઆઈ લેબ્સની સ્થાપના માટે ગુજરાતમાં ૨૦ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ અને ૧૭ પોલિટેકનિક સહિત કુલ ૩૭ સંસ્થાઓની પસંદગી કરવામાં આવી છે. 'IndiaAI FutureSkills' સ્તંભ હેઠળની આ લેબ્સ છેં, ડેટા એનોટેશન, ડેટા ક્યુરેશન અને એપ્લાઈડ ડેટા સાયન્સમાં તાલીમ આપશે. રાજ્યસભા સાંસદ પરિમલ નથવાણી દ્વારા પૂછાયેલા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એ.આઈ.) સંબંધિત પ્રશ્નોના જવાબમાં ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી રાજ્યમંત્રી જિતિન પ્રસાદ દ્વારા આ માહિતી આપવામાં આવી હતી.

કેન્દ્ર સરકારના ઈન્ડિયા એઆઈ સ્ટાર્ટઅપ ફાઈનાન્સ સ્તંભ હેઠળ ગુજરાતમાં પ્રાદેશિક એઆઈ ઈનોવેશન ઈકોસિસ્ટમને મજબૂત કરવા અને રાજ્યના સ્ટાર્ટઅપ્સ, સ્જીસ્ઈ અને શૈક્ષણિક સંસ્થાઓને લક્ષિત સહયોગ પૂરો પાડવા માટે બે (૦૨) આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સેન્ટર્સ ઓફ એક્સેલન્સ ફાળવવામાં આવ્યા છે.

ફ્યુચર કિલ્સ સ્તંભ અન્વયે આપવામાં આવતી ફેલોશિપનો ઉદ્દેશ્ય દેશભરમાં એઆઈ રિસર્ચ કરી રહેલા અંડરગ્રેજ્યુએટ, પોસ્ટગ્રેજ્યુએટ અને ડોક્ટરલ સ્કોલર્સને સહયોગ આપીને ભારતની એઆઈ ક્ષમતાનું નિર્માણ કરવાનો છે. ગુજરાતને કુલ ૨૩ ફેલોશિપ એનાયત કરવામાં આવી છે, જેમાં ૪ અંડરગ્રેજ્યુએટ, ૧૨ પોસ્ટગ્રેજ્યુએટ અને ૭ પીએચડી રિસર્ચ ફેલોશિપ સામેલ છે, જે



રાજ્યની શૈક્ષણિક સંસ્થાઓમાં એઆઈ સંશોધન અને કૌશલ્ય વિકાસને પ્રોત્સાહન આપશે.

મંત્રીના લેખિત જવાબમાં જણાવાયું હતું કે ઈન્ડિયન એઆઈ કોમ્પ્યુટ સ્તંભ ૧૫ પેનલબદ્ધ કોમ્પ્યુટ સર્વિસ પ્રોવાઈડર્સ મારફતે સ્ટાર્ટઅપ્સ, સંશોધકો, સ્જીસ્ઈ, શૈક્ષણિક સંસ્થાઓ અને સરકારી સંસ્થાઓને સરેરાશ પ્રતિ જીપીયુ-કલાક આશરે રૂ.૬૫ના સબસિડી વાળા દરે ગ્રાફિક્સ પ્રોસેસિંગ યુનિટની સુવિધા પૂરી પાડીને હાઈ-પર્ફોર્મન્સ એઆઈ કોમ્પ્યુટિંગ સુધીની પહોંચને સરળ અને સુલભ બનાવે છે. આ સંદર્ભમાં, ગુજરાતમાં 'ગુજરાત ઈન્ફોર્મેટિક્સ લિમિટેડ' અને 'ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન લિમિટેડ' સહિતની ગુજરાત-સ્થિત સંસ્થાઓને હાઈ-એન્ડ જીપીયુ કોમ્પ્યુટની સબસિડી ધરાવતી સુવિધા ફાળવવામાં આવી છે.

લેખિત જવાબમાં આપેલી માહિતી અનુસાર, ભારતની એઆઈ સ્ટ્રેટેજી ઈ૩૦૦ બિલિયનની વાર્ષિક આવક અને ૬૦ લાખ કર્મચારીઓના વિશાળ સમૂહ ધરાવતા ભારતના વાઈબ્રન્ટ આઈટી ક્ષેત્ર પર આધારિત છે. કેન્દ્ર સરકારે ૭ માર્ચ ૨૦૨૪ ના રોજ પાંચ વર્ષ માટે રૂ. ૧૦,૩૭૧.૯૨ કરોડના કુલ બજેટ સાથે ઈન્ડિયા એઆઈ મિશનને મંજૂરી આપી હતી. આ મિશન સાત મુખ્ય સ્તંભો મારફતે કાર્યરત છે. ઈન્ડિયા-એઆઈ મિશને ૧૧ રાષ્ટ્રીય સ્તરની હેકાથોન અને ઈનોવેશન ચેલેન્જ શરૂ કરી છે.

# અમદાવાદના મનપસંદ જીમખાનામાં હાઈપ્રોફાઈલ જુગારધામનો પર્દાફાશ : ૧૮૦થી વધુ જુગારીઓ ઝડપાયા

**સ્ટેટ મોનિટરિંગ સેલે લાખો રૂપિયાની રોકડ, મોબાઈલ ફોન, વાહનો સહિતનો મુદ્દામાલ કબજે કર્યો**

અમદાવાદ,

અમદાવાદના દરિયાપુર વિસ્તારમાં સ્ટેટ મોનિટરિંગ સેલએ મોડી રાત્રે મોટી કાર્યવાહી કરીને મનપસંદ જીમખાનામાં ચાલતા હાઈપ્રોફાઈલ જુગારધામનો પર્દાફાશ કર્યો છે. સ્થાનિક પોલીસને જાણ કર્યા વિના કરવામાં આવેલી આ રેડમાં ૧૮૦થી વધુ જુગારીઓ ઝડપાયા હોવાનું સામે આવ્યું છે. પોલીસે લાખો રૂપિયાની રોકડ, મોબાઈલ ફોન, વાહનો સહિતનો મુદ્દામાલ કબજે કરીને સમગ્ર રેકેટની તપાસ શરૂ કરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ, દરિયાપુરના મનપસંદ જીમખાનામાં લાંબા સમયથી મોટા પાયે જુગાર રમાતો હોવાની બાતમીના આધારે સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે મોડી રાત્રે અચાનક દરોડો પાડ્યો હતો. રેડ પડતાં જ જીમખાનામાં અફરાતફરી મચી ગઈ હતી અને અનેક લોકો ભાગવાનો પ્રયાસ કરતા જોવા મળ્યા હતા.

એસએમસીની કાર્યવાહી દરમિયાન ૧૮૦થી વધુ લોકોની અટકાયત કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. સ્થળ પરથી લાખો રૂપિયાની રોકડ, મોબાઈલ ફોન, વાહનો અને જુગાર રમવા માટે વપરાતી અન્ય સામગ્રી પણ જપ્ત કરવામાં આવી છે. એક જ સ્થળેથી આટલી મોટી સંખ્યામાં જુગારીઓ ઝડપાતા શહેરમાં આ કાર્યવાહી ચર્ચાનો વિષય બની છે.

આ સમગ્ર ઓપરેશન સ્થાનિક પોલીસને અગાઉથી જાણ કર્યા વગર હાથ ધરવામાં આવ્યું હોવાનું સામે આવ્યું છે. જેના કારણે પોલીસ તંત્રમાં પણ ખળભળાટ મચી ગયો છે. સ્ટેટ મોનિટરિંગ સેલ હવે આ જુગારધામનું સંચાલન કોણ કરતું હતું, તેમાં કોની સંડોવણી હતી અને પાછળ કોઈ મોટું નેટવર્ક કાર્યરત હતું કે નહીં તે દિશામાં ઊંડાણપૂર્વક તપાસ કરી રહી છે.

એસએમસીએ તમામ આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. સાથે જ જપ્ત કરાયેલા મોબાઈલ ફોન, દસ્તાવેજો અને અન્ય પુરાવાના આધારે જુગારના સમગ્ર નેટવર્ક સુધી પહોંચવાના પ્રયાસો તેજ કરવામાં આવ્યા છે. તપાસ દરમિયાન વધુ મોટા ખુલાસા થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

# બંગલો વેચવાના બહાને અમદાવાદના યુવક સાથે રુ. ૫૭.૫૦ લાખની છેતરપિંડી



ગાંધીનગર,

ગાંધીનગર શહેર અને આસપાસના વિસ્તારમાં જમીનો તથા મકાનોના ભાવ આસમાને પહોંચતાં લોકોના ઈરાદા ખરાબ થઈ રહ્યા છે. મફતમાં પચાવી પાડવાની દાનત પણ જોવા મળી રહી છે. ત્યારે સુઘડ ગામની સીમમાં આવેલો બંગલો વેચાણ આપવાના બહાને અમદાવાદના એક યુવક અને તેની પત્ની પાસેથી ?૫૭.૫૦ લાખ પડાવી લઈને છેતરપિંડી આચરવામાં આવી હોવાનો કિસ્સો સામે આવ્યો છે. મકાનનો દસ્તાવેજ કરી આપ્યો નહીં અને નાણાં પરત માગતાં ધાક-ધમકીઓ આપનારા શાહીબાગના દંપતી સામે ગુનો નોંધાયો છે.

મળતી વિગતો અનુસાર, અમદાવાદના નારણપુરા વિસ્તારમાં રહેતા અને હરિયાણાની ખાનગી કંપનીમાં નોકરી કરતા હાર્દિક મોહનભાઈ પરીખ પોતાના પરિવાર માટે ગાંધીનગરમાં મકાન શોધી રહ્યા હતા. ભાટ સર્કલ પાસેના એક જાહેરાત બોર્ડ પરથી તેમનો સંપર્ક શાહીબાગના સત્યમ એપાર્ટમેન્ટમાં રહેતા યશવંત બંશીલાલ ઈનાણી સાથે થયો હતો. યશવંત ઈનાણીએ સુઘડમાં આવેલી સંસ્કાર વાટિકા સોસાયટીમાં આવેલો પોતાનો બંગલો ફર્નિચર સાથે ૨.૩૦ કરોડમાં વેચવાનું નક્કી કર્યું હતું.

મકાન પસંદ આવતાં હાર્દિકભાઈએ ટોકન અને બાના પેટે બેંક ખાતામાંથી તેમજ રોકડ સ્વરૂપે રકમો ચૂકવવાનું શરૂ કર્યું હતું. યશવંત ઈનાણી અને તેની પત્ની રીનાબેન ઈનાણીએ તમામ રકમ પોતાના ખાતામાં ન લઈ શકાય તેમ કહીને પોતાના સગા-સંબંધીઓ, બિલ્ડર તથા પરિચિતોના ખાતામાં આરટીજીએસ અને આઈએમપીએસ મારફતે પૈસા ટ્રાન્સફર કરાવ્યા હતા.

# ભરૂચના જૂના બોરભાઠામાં મેઘરાજાનો કહેર ૨૦૦ એકરથી વધુ જમીન જળબંબાકાર

**ભરૂચના જૂના બોરભાઠા ગામના ખેતરો તળાવ બની ગયા**

ભરૂચ,

ભરૂચ જિલ્લાના જૂના બોરભાઠા ગામમાં કુદરતે એવી કહેર વરસાવી છે કે, જ્યાં કાલ સુધી લીલાછમ ખેતરો લહેરાતા હતા, ત્યાં આજે માત્ર પાણીનો વિશાળ દરિયો નજરે પડી રહ્યો છે.મહેનત, આશા અને સપનાઓ બધું જ વરસાદી પાણીમાં વહી ગયું છે.

ભરૂચના જૂના બોરભાઠા ગામના ખેતરો તળાવ બની ગયા છે. જ્યાં આજે નજર કરીએ ત્યાં માત્ર પાણી જ પાણી દેખાઈ રહ્યું છે...મેઘરાજાએ થોડા દિવસ પહેલાં તોફાની બેટિંગ કરીઅને હવે વિરામ લીધો છે... પરંતુ વરસાદે ખેડૂતોના જીવનમાં જે વાવાઝોડું સર્જ્યું છે, તેના ઘા હજુ તાજા છે. અંદાજે ૨૦૦ એકરથી વધુ ખેતી વરસાદી પાણીમાં ગરકાવ થઈ ગઈ છે. ડ્રોન કેમેરાથી દેખાતા આ દ્રશ્યો જાણે ખેડૂતોના તૂટેલા સપનાઓની સાક્ષી આપી રહ્યા હોય તેમ લાગી રહ્યા છે.

જ્યાં થોડા દિવસ પહેલાં કેળ, તુવેર, કપાસ અને લીલા શાકભાજીના પાક હરિયાળી ઓઢીને ઉભા હતા... ત્યાં આજે માત્ર પાણીનું સામ્રાજ્ય છે. સતત પાણી ભરાયેલા રહેવાના કારણે ઉભો પાક સડી ગયો છે... જ્યારે નવી વાવણી માટે વાવવામાં આવેલા બિયારણમાં ફૂગ લાગી જતા આખો પાક બળી ગયો છે. ખેડૂતો કહે છે કે બેક્કો અને વેપારીઓ પાસેથી દેવું કરીને વાવણી કરી હતી... મહેનત દિવસ-રાતની હતી... આશા સારા પાકની હતી... પરંતુ કુદરતના એક જ પ્રહારે બધું જ પાણીમાં મળી ગયું. પાણી ઓસરશે... પરંતુ નુકસાનના ઘા સહેલાઈથી નહીં ઓસરે. નિષ્ણાતોના મતે જમીન ફરી ખેતીલાયક બનવામાં બે મહિનાથી વધુ સમય લાગી શકે છે. એટલે કે આ વર્ષે માત્ર પાક જ નહીં... પરંતુ ખેડૂતોની આવક, તેમની આશાઓ અને પરિવારનું ભવિષ્ય પણ સંકટમાં મુકાઈ ગયું છે.

આ સ્થિતિ માત્ર એકાદ ખેડૂતની નથી... પરંતુ સમગ્ર વિસ્તારના ખેડૂતો માટે આર્થિક આફત બની ગઈ છે. પ્રાથમિક અંદાજ મુજબ નુકસાન કરોડો રૂપિયામાં પહોંચે તેવી શક્યતા છે. ખેડૂતો સરકારને એક જ અપીલ કરી રહ્યા છે... તાત્કાલિક નુકસાનનો સર્વે કરવામાં આવે... અને સમયસર સહાય ચૂકવવામાં આવે... જેથી આગામી વાવણી માટે તેઓ ફરી એકવાર ઊભા થઈ શકે. ગામના સરપંચે પણ તંત્રને તાકીદે સર્વે પૂર્ણ કરીને સહાય જાહેર કરવાની માંગ કરી છે. કારણ કે... ખેડૂત માત્ર પોતાનું જ નહીં...સમગ્ર સમાજનું પેટ ભરે છે... અને જ્યારે ધરતીપુત્ર જ મુશ્કેલીમાં હોય... ત્યારે મદદનો હાથ પણ એટલો જ ઝડપથી આગળ વધવો જોઈએ.

# ડેડીયાપાડાના કંજાલ ગામે જીવના જોખમે ૩૦૦ મીટર નદી પાર કરી પ્રસૂતાને ૧૦૮ સુધી પહોંચાડાઈ

**ભુજના મોટા સરાડામાં પણ સગર્ભા અને વૃદ્ધને ખભા પર ઊંચકીને હોસ્પિટલ પહોંચાડાયા**

ભુજ,

કોમનવેલ્થ ગેમ્સની યજમાની અને મોડેલ સ્ટેટ ગુજરાતમાં 'ગાંડા વિકાસ'ની વરવી વાસ્તવિકતાના બે જીવંત અને કડવા કિસ્સા રાજ્યના બે જુદા જુદા જિલ્લામાંથી હાલ સામે આવી રહ્યા છે. આઝાદીના દાયકાઓ બાદ પણ અંતરિયાળ ગામો રોડ-રસ્તા જેવી પ્રાથમિક સુવિધા માટે ઝૂરી રહ્યા છે. ચોમાસા દરમિયાન રોડ-રસ્તા અને પ્રાથમિક સુવિધાઓના અભાવે નર્મદા જિલ્લાના ડેડીયાપાડા અને કચ્છ જિલ્લાના ભુજ તાલુકામાં સગર્ભા મહિલાઓ અને વૃદ્ધોને હોસ્પિટલ પહોંચાડવા માટે ગ્રામજનોએ ઝોળી અને ચાદરનો સહારો લેવો પડ્યો છે. સરકાર ભલે ગુજરાતમાં વિકાસના બેફામ બણગા મારે પરંતુ આ કિસ્સાઓ પણ આંખ આડા કાન બિલકુલ કરી શકાય નહીં!

હાલ ૨૧મી સદીમાં જમાનો ચંદ્ર પર પહોંચ્યો છે, પરંતુ ગુજરાતમાં આજે પણ અમુક વિસ્તારોમાં વૃદ્ધ-બાળકો અને મહિલાઓને જીવ બચાવવા હોસ્પિટલે પહોંચવા ફાંફા પડી રહ્યા છે. આઝાદીના દાયકાઓ પછી પણ આજે ફરી એકવાર નર્મદાના અંતરિયાળ વિસ્તારમાં સગર્ભા મહિલાને પ્રસુતિની પીડા ઉપડતા ફરી એકવાર ઝોળીમાં હોસ્પિટલ પહોંચાડવાનો વારો આવ્યો છે. વિકાસની વરવી વાસ્તવિકતાના આ દ્રશ્યો નર્મદા જિલ્લાના ડેડીયાપાડા તાલુકામાં આવેલા કંજાલ ગામના છે, જ્યાં પાકા રોડનો અભાવે જવનીબેન વસાવા નામના સગર્ભા મહિલાને અચાનક પ્રસૂતિની તીવ્ર પીડા ઉપડ્યા બાદ પરિવારજનોએ ૧૦૮ ઈમરજન્સી સર્વિસનો સંપર્ક કર્યો હતો, પરંતુ ગામ સુધી પાકો રસ્તો જ ન હોવાના કારણે એમ્બ્યુલન્સ ગામની અંદર આવી શકે તેમ નહોતી અને જવનીબેનને ઝોળીમાં હોસ્પિટલ પહોંચાડ્યા હતા.

દર્દીની ગંભીર સ્થિતિ જોઈને ગામના ૨૦થી ૨૫ જેટલા યુવાનો અને ગ્રામજનો માનવતા દાખવી આગળ આવ્યા હતા. તેમણે પ્રસૂતા મહિલાને લાકડી અને કાપડની મદદથી બનાવેલી 'ઝોળી'માં બેસાડીને ૧થી ૧.૫ કિલોમીટર સુધી પગપાળા ઊંચકીને જવાનું શરૂ કર્યું હતું. આ રસ્તામાં આવતી આશરે ૩૦૦ મીટર પહોળી ઉભરાતી ટૂંકનેર નદીને પણ ગ્રામજનોએ જીવના જોખમે પાર કરાવી હતી અને મહિલાને ૧૦૮ સુધી પહોંચાડીને હોસ્પિટલ ખસેડાઈ હતી. ગ્રામજનોની આ એકતાએ માનવતાની મિસાલ તો કાયમ કરી છે, પરંતુ તંત્ર સામે ગંભીર સવાલો ઊભા કર્યા છે.

# સુરતમાં વેપારીની મિત્રોના માનસિક ત્રાસ, આર્થિક છેતરપિંડી અને ધમકીઓથી કંટાળી આત્મહત્યા

**મૃતકને આત્મહત્યા માટે મજબૂર કરવાના ગુનામાં ત્રણેય મિત્રોની ધરપકડ**

સુરત,

મિત્રતા વિશ્વાસ, સહયોગ અને સંબંધનું પ્રતીક માનવામાં આવે છે, પરંતુ સુરતમાં ફ્રેન્ડશિપ ડેના દિવસે જ મિત્રતાના નામે વિશ્વાસઘાતનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. સરથાણા વિસ્તારમાં રહેતા એક વેપારીએ મિત્રોના સતત માનસિક ત્રાસ, આર્થિક છેતરપિંડી અને ધમકીઓથી કંટાળી આત્મહત્યા કરી લીધી હતી. આ સમગ્ર કેસમાં પોલીસે ઝડપી તપાસ કરીને મૃતકને આત્મહત્યા માટે મજબૂર કરવાના ગુનામાં ત્રણેય મિત્રોની ધરપકડ કરી છે.

મળતી માહિતી મુજબ, સરથાણા વિસ્તારમાં રહેતા વેપારી રાજેશભાઈ કુંજડીયાએ તા. ૩૦ જુલાઈના રોજ આત્મહત્યા કરી હતી. શરૂઆતમાં સામાન્ય આત્મહત્યાનો કેસ લાગતો હતો, પરંતુ પોલીસ દ્વારા કરવામાં આવેલી વિગતવાર તપાસમાં સમગ્ર ઘટનાક્રમ પાછળ મિત્રો દ્વારા કરવામાં આવેલો વિશ્વાસઘાત અને માનસિક ત્રાસ જવાબદાર હોવાનું બહાર આવ્યું છે. તપાસમાં સામે આવ્યું છે કે, રાજેશભાઈના ત્રણ મિત્રોએ તેમની પાસેથી કુલ ૧૭.૩૨ લાખ ઉછીના લીધા હતા. વેપારી તરીકે રાજેશભાઈએ મિત્રતા અને વિશ્વાસના આધારે આ રકમ આપી હતી, પરંતુ સમય પસાર થવા છતાં આરોપીઓએ પૈસા પરત આપ્યા નહોતા. જ્યારે રાજેશભાઈએ પોતાના નાણાંની માગણી શરૂ કરી ત્યારે આરોપીઓએ પૈસા આપવાને બદલે સતત ટાળટૂળ કરી હતી.

પોલીસ તપાસ દરમિયાન વધુ એક ગંભીર બાબત સામે આવી છે. આરોપીઓએ રાજેશભાઈને તેમના નામે મ્યુલ બેંક એકાઉન્ટ ખોલાવવા માટે દબાણ કર્યું હતું. સાથે જ જો તેઓ તેમની વાત નહીં માને તો તેમને સાયબર ક્રાઈમના કેસમાં ફસાવી દેવાની ધમકી પણ આપવામાં આવી હતી. આ ધમકીઓના કારણે રાજેશભાઈ ભારે માનસિક દબાણમાં આવી ગયા હતા. તપાસમાં એ પણ ખુલ્યું છે કે, આરોપીઓ માત્ર ધમકી આપીને અટક્યા નહોતા. તેઓ વારંવાર રાજેશભાઈને અપમાનજનક શબ્દોમાં વાત કરતા અને "પૈસા નથી તો મરી જાવ" જેવા શબ્દો કહી સતત માનસિક હેરાનગતિ પહોંચાડતા હતા. આ પ્રકારના અપમાન અને દબાણથી રાજેશભાઈની માનસિક સ્થિતિ સતત ખરાબ થતી ગઈ હતી.

# ગારિયાધારમાં બે વર્ષ પુર્વે બે ભાઈઓ પર હુમલો કરનાર ચાર શખ્સોને એક વર્ષની કેદ

## ૭ વર્ષના બાળકને ધમકાવવા બાબતે ઠપકો આપતા ધોકા અને લોખંડના સળિયા વડે કર્યો હતો હુમલો; ગારિયાધાર કોર્ટે દંડ પણ ફટકાર્યો

ભાવનગર,તા.૪

ગારિયાધારમાં બે વર્ષ પૂર્વે ભત્રીજાને ધમકાવવા બાબતે ઠપકો આપવા ગયેલા બે ભાઈઓ પર જીવલેણ હુમલો કરવાના ચર્ચિત કેસમાં અદાલતે ચાર આરોપીઓને દોષિત ઠેરવી એક વર્ષની સાદી કેદની સજા અને રોકડ દંડ ફટકાર્યો છે.

બનાવની વિગત મુજબ, ગારિયાધારના પાલિતાણા રોડ પર આવેલી જૈન સોસાયટી પાછળ રહેતા અવેશએહમદભાઈ ફારૂકભાઈ કાસમાણીના ૭ વર્ષના ભત્રીજાને જૂન ૨૦૨૩માં વિસ્તારના અશરફ અજીજભાઈ કનાડ અને વસીમ અજીજભાઈ કનાડે 'અહીં ચાલતો નહીં નહિતર તને મારીશ' કહી ધમકી આપી હતી. આ અંગે અવેશએહમદભાઈ ઠપકો આપવા જતાં અજીજ કનાડ, અશરફ કનાડ, રહીમ કનાડ અને વસીમ કનાડ ઉશ્કેરાઈ ગયા હતા. તેમણે પથ્થર, ધોકા અને લોખંડના સળિયા વડે માર મારી ઈજાઓ પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ અંગે ગારિયાધાર પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી.

આ કેસ ગારિયાધારના જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ એચ.આર. ઠક્કરની કોર્ટમાં ચાલી જતાં સરકારી વકીલ આર.ડી. સેજુની ધારદાર દલીલો અને પુરાવા ધ્યાને લઈ અદાલતે ચારેય આરોપીઓને ૧ વર્ષની સાદી કેદની સજા સંભળાવી હતી. ઉપરાંત દંડની રકમમાંથી ફરિયાદીને ?૫,૦૦૦ ચૂકવવાનો અને દંડ ન ભરે તો વધુ એક માસની સજાનો આદેશ કર્યો છે.

# ગૌશાળાઓના સમર્થનમાં ભાવનગરના ૫૦થી વધુ સરપંચો આવ્યા મેદાને: કલેક્ટરને પાઠવ્યું આવેદન

## સરકારી તબીબોની કાયદેસરની કાર્યવાહીની ચીમકી સામે ગૌશાળા સંચાલકો અનશન પર; ઉકેલ નહીં આવે તો રાજ્યવ્યાપી ઉપવાસની સરપંચોની ચેતવણી

ભાવનગર,તા.૪

ભાવનગર જિલ્લાના વાવડી ગામના સરપંચ અને જિલ્લા સરપંચ પરિષદના પ્રમુખ મહેન્દ્રસિંહ ગોહિલની આગેવાની હેઠળ જિલ્લાભરના ૫૦થી ૬૦ જેટલા સરપંચો એકત્ર થઈને ગૌશાળાઓ અને પશુપાલન સેવાકીય સંસ્થાઓના સમર્થનમાં કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું છે. ગૌશાળાઓ દ્વારા કરવામાં આવતી પશુઓની સારવાર સામે અમુક સરકારી ડોક્ટરો દ્વારા કાયદેસરની કાર્યવાહી કરવાની ધમકી અપાતા સંચાલકો અનશન પર ઉતર્યા છે, જેના વિરોધમાં હવે ગ્રામીણ લોકપ્રતિનિધિઓ પણ મેદાને આવ્યા છે.





તસવીર : ધવલ વાજા

સરપંચોએ આવેદનપત્રમાં જણાવ્યું હતું કે, ગૌશાળાઓ અને સેવાકીય સંસ્થાઓ દ્વારા રખડતાં, બિનવારસી અને અકસ્માતનો ભોગ બનેલા અબોલ પશુઓની ઉત્તમ સારવાર અને ભરણપોષણ કરવામાં આવે છે. ગામડાઓમાં સરપંચો પોતે લેટરપેડ પર લખીને આવા પશુઓને આ સંસ્થાઓમાં મોકલતા હોય છે. પરંતુ અમુક સરકારી ડોક્ટરો દ્વારા આ સેવાકીય કામગીરી સામે વાંધો ઉઠાવીને કાયદેસરના પગલાં ભરવાની ચીમકી આપવામાં આવી રહી છે. સરપંચોએ આક્ષેપ કર્યો હતો કે, સરકારી તંત્ર દ્વારા પશુઓની માત્ર પ્રાથમિક સારવાર કરવામાં આવે છે, પરંતુ તેમના નિભાવ, પાણી કે ચારાની પૂરતી વ્યવસ્થા કરવામાં આવતી નથી. આ વિવાદના કારણે હાલ સંસ્થાઓ દ્વારા પશુઓની યોગ્ય સંભાળ ન લેવાતા આસપાસના વિસ્તારમાં રઝળતી આશરે ૨૦ જેટલી ગાયોના મોત થયા છે, જે અત્યંત દુઃખદ બાબત છે.

મહેન્દ્રસિંહ ગોહિલે સ્પષ્ટતા કરી હતી કે, તમામ સરકારી ડોક્ટરોનો વિરોધ નથી, પરંતુ અમુક અધિકારીઓ જ આ પ્રકારની અડચણો ઊભી કરી રહ્યા છે. ગૌશાળાઓ વર્ષોથી ઉત્કૃષ્ટ સેવા કરી રહી છે અને તેમની પાસે સારવારનો અનુભવ પણ છે. જેથી મુગા પશુઓના જીવ બચાવવા માટે તેમને મુક્તપણે કામ કરવા દેવું જોઈએ. તેમણે ચીમકી આપી છે કે જો આ પ્રશ્નનું તાત્કાલિક નિરાકરણ નહીં આવે તો ભાવનગર જ નહીં, પરંતુ સમગ્ર ગુજરાતના સરપંચો દ્વારા ઉપવાસ આંદોલન શરૂ કરવામાં આવશે.

# સર ટી.માં ચાંદીપુરાના શંકાસ્પદ લક્ષણો ધરાવતી બે બાળકીઓ દાખલ

## સેમ્પલ મેળવી ગાંધીનગર લેબોરેટરીમાં મોકલાયા; અગાઉના દર્દી બાળકો સ્વસ્થ થતાં ડિસ્ચાર્જ કરાયા

ભાવનગર,તા.૪

ભાવનગરની સર ટી. હોસ્પિટલના બાળરોગ વિભાગમાં ચાંદીપુરા વાયરસ જેવાં લક્ષણો ધરાવતી બે બાળકીઓને સારવાર અર્થે દાખલ કરવામાં આવી છે. જેમાં કુંભારવાડા વિસ્તારની ૪૦ દિવસની બાળકી અને બોટાદ જિલ્લાના ભદ્રાવડી ગામની ૮ માસની બાળકીનો સમાવેશ થાય છે. તબીબો દ્વારા બંને બાળકીઓના સેમ્પલ લઈને ચકાસણી અર્થે ગાંધીનગર સ્થિત GBRC લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે. લેબ રિપોર્ટ આવ્યા બાદ જ તેઓ ચાંદીપુરા વાયરસથી સંક્રમિત છે કે નહીં તેની સત્તાવાર પુષ્ટિ થશે. હાલ બંને બાળકીઓ તબીબોની વિશેષ દેખરેખ હેઠળ સારવાર હેઠળ છે.

ઉલ્લેખનીય છે કે, ભાવનગર જિલ્લામાં જુલાઈ મહિનામાં ચાંદીપુરા વાયરસના બે કેસ નોંધાયા હતા. જે પૈકી મેલાણા ગામના ૬ વર્ષીય બાળકનું સારવાર દરમ્યાન મૃત્યુ થયું હતું, જ્યારે કાળાતળાવ ગામના ૯ માસના બાળકનો રિપોર્ટ પોઝિટિવ આવ્યા બાદ બાળરોગ વિભાગમાં સઘન સારવાર આપવામાં આવી હતી. તબિયતમાં સુધારો થતાં આ બાળક સહિત બંને પોઝિટિવ દર્દીઓને હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવી છે.

# ઓગસ્ટમાં સરકારી રજાઓની લ્હાણી: આખા મહિનામાં કુલ ૧૦ દિવસ રહેશે કચેરીઓ બંધ

## ત્રણ વખત સળંગ વીકેન્ડ અને તહેવારોની રજાઓ વચ્ચે એક દિવસની વધારાની રજા મૂકતાં જ મળશે ૪ દિવસનું મિની વેકેશન

ભાવનગર,તા.૪

સરકારી કેલેન્ડરમાં રજાઓના મહિના તરીકે ઓળખાતા ઓગસ્ટ મહિનામાં આ વર્ષે પણ સરકારી તેમજ બેંક કર્મચારીઓ માટે રજાઓની જાણે લ્હાણી થઈ છે. વર્ષ ૨૦૨૬ના ઓગસ્ટ મહિનાની શરૂઆતથી જ રજાનો માહોલ જોવા મળશે, જેમાં પાંચ રવિવારની સાપ્તાહિક રજાઓ (૨, ૯, ૧૬, ૨૩ અને ૩૦ ઓગસ્ટ), બીજા શનિવાર (૮ ઓગસ્ટ) અને ચોથા શનિવાર (૨૨ ઓગસ્ટ)ની બે રજાઓ તથા સ્વતંત્રતા દિવસ (૧૫ ઓગસ્ટ), ઈદ-એ-મિલાદ (૨૫ ઓગસ્ટ) અને રક્ષાબંધન (૨૮ ઓગસ્ટ) જેવા તહેવારોની જાહેર રજાઓ મળીને કુલ ૧૦ દિવસ બેંકો અને સરકારી કચેરીઓ બંધ રહેશે.

આ વર્ષના ઓગસ્ટ મહિનાની વિશેષતા એ છે કે કર્મચારીઓને ત્રણ વખત સળંગ બે-બે દિવસની રજાઓનો લાભ મળશે. જેમાં ૮ અને ૯ ઓગસ્ટે બીજો શનિવાર અને રવિવાર, ૧૫ અને ૧૬ ઓગસ્ટે સ્વતંત્રતા દિવસ અને રવિવાર, તથા ૨૨ અને ૨૩ ઓગસ્ટે ચોથો શનિવાર અને રવિવારની સતત રજાઓ હોવાથી કર્મચારીઓને પ્રવાસ કે પારિવારિક આયોજન માટે શ્રેષ્ઠ અનુકૂળતા મળશે.

આ ઉપરાંત, કર્મચારીઓ માટે મિની વેકેશન માણવાની પણ એક સુવર્ણ તક ઊભી થઈ છે. જો કોઈ સરકારી કર્મચારી ૨૪મી ઓગસ્ટને સોમવારે એક દિવસની મંજૂર રજા મૂકે, તો ૨૨ અને ૨૩ ઓગસ્ટના શનિ-રવિ પછી ૨૪ ઓગસ્ટની રજા અને ૨૫મી ઓગસ્ટે ઈદ-એ-મિલાદની જાહેર રજા સાથે સતત ચાર દિવસનું મિની વેકેશન માણી શકશે. આથી, સમગ્ર ઓગસ્ટ મહિનો સરકારી અને બેંક કર્મચારીઓ માટે આરામ મેળવવાનો અને પરિવાર સાથે ગુણવત્તાસભર સમય વિતાવવાનો શ્રેષ્ઠ અવસર સાબિત થશે.

# દુદાળાના સરપંચ, પંચાયત સભ્ય અને તલાટીને સોશિયલ મીડિયા પર ધમકી આપનાર ૩ શખસો સામે ગુનો દાખલ

ભાવનગર,તા.૪

ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના દુદાળા ગ્રામ પંચાયતના સરપંચ, તેમના પંચાયત સભ્ય પતિ અને ગામના તલાટી મંત્રી વિરુદ્ધ સોશિયલ મીડિયા પર અપશબ્દો વાપરીને ધમકીઓ આપવાનો ગંભીર કિસ્સો સામે આવ્યો છે. આ મામલે ગ્રામ પંચાયત સભ્યની ફરિયાદને આધારે બગદાણા પોલીસે સુરત અને વડોદરા રહેતા મૂળ દુદાળા ગામના ત્રણ શખસો સામે ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, દુદાળા ગામે રહેતા ગ્રામ પંચાયત સભ્ય ભોજાભાઈ કરણાભાઈ ભાદરકાએ બગદાણા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા અનુસાર, મૂળ દુદાળાના અને હાલ બહારગામ રહેતા આલુ ઉર્ફે અનિલ રાણાભાઈ ભાદરકા (રહે. સુરત), હામા રાણાભાઈ ભાદરકા (રહે. વડોદરા) અને દાના કાનાભાઈ રાઠોડ (રહે. કામરેજ, સુરત) નામના શખસો 'અબતક દુદા' નામનું વોટ્સએપ ગ્રુપ ચલાવે છે. આ શખસો છેલ્લા એક વર્ષથી ગ્રુપમાં અભદ્ર ભાષાનો ઉપયોગ કરીને વીડિયો પોસ્ટ કરતા હતા. આ

આભાર - નિહારીકા રવિયા

અંગે અગાઉ અરજી કરવા છતાં આરોપીઓએ વીડિયો વાયરલ કરવાનું ચાલુ રાખ્યું હતું. આરોપીઓ પંચાયત સભ્ય, તેમનાં સરપંચ પત્ની અને તલાટી મંત્રી વિરુદ્ધ અપશબ્દો બોલતા હતા અને કોઈ ગ્રામજન વિરોધ કરે તો એટ્રોસિટીના ખોટા કેસમાં ફસાવવાની ધમકી આપતા હતા. આ મામલે બગદાણા પોલીસે ત્રણેય આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## વોટ્સએપ ગ્રુપમાં અભદ્ર વીડિયો વાયરલ કરી એટ્રોસિટીમાં ફસાવી દેવાની ધમકી આપતા બગદાણા પોલીસે હાથ ધરી કાર્યવાહી

# સંવેદનશીલ હાસ્ય કલાકાર દ્વારા સોનગઢ અને પાલડીમાં શાળા ભવન માટે સખાવત

## જાણીતા સમાજસેવી જગદીશ ત્રિવેદી દ્વારા અગ્રણીઓની ઉપસ્થિતિમાં સાદગીભર્યા થયા મુહૂર્ત

ભાવનગર,તા.૪

સંવેદનશીલ હાસ્ય કલાકાર જાણીતા સમાજસેવી જગદીશ ત્રિવેદી દ્વારા દ્વારા સોનગઢ મફતનગર વિસ્તાર પ્રાથમિક શાળા અને પાલડીમાં સ્વામી અખંડઆનંદ માધ્યમિક શાળા ભવન માટે સખાવત મળી છે. અગ્રણીઓની ઉપસ્થિતિમાં આ ભવન માટે સાદગીભર્યા ઉપક્રમ સાથે મુહૂર્ત થયાં.

પોતાના હાસ્ય કાર્યક્રમો દ્વારા ભંડોળ એકત્ર કરી આરોગ્ય અને શિક્ષણ માટે સખાવત કરી રહેલ એવા સંવેદનશીલ હાસ્ય કલાકાર જાણીતા સમાજસેવી શ્રી જગદીશ ત્રિવેદી દ્વારા સિહોર તાલુકાના સોનગઢ અને પાલડીમાં શાળા ભવન માટે સખાવત મળી છે.



તસવીર : મુકેશ પંડીત

દેશ વિદેશમાં કાર્યક્રમોના માધ્યમથી આરોગ્ય શિક્ષણ માટે મથતાં કલાકાર જગદીશ ત્રિવેદી દ્વારા આજે કોઈ પણ વધારાના ઉપક્રમ સન્માન સિવાય બંને ગામોમાં સોનગઢ મફતનગર વિસ્તાર પ્રાથમિક શાળા અને પાલડીમાં સ્વામી અખંડઆનંદ માધ્યમિક શાળા ભવન માટે શાળાની જ કન્યાના હસ્તે શ્રીફળ વધેરી આ સાદગી ભર્યા મુહૂર્ત થયાં.

સર્વત્ર સહયોગી બનતાં જગદીશ ત્રિવેદીએ કહ્યું કે, હું કોઈ ઉપકાર કરતો નથી, નિમિત્ત માત્ર છું, સન્માન કે અભિવાદન જરૂરી નથી એટલે સાદગીપૂર્ણ રીતે મુહૂર્ત કરી રહ્યાં છીએ. આ સાથે ખોડિયાર માતાજીના ધામ માટેલમાં સર્વોદય સેવા સંઘ શાળા માટે પણ મુહૂર્ત થયાનું તેઓએ જણાવ્યું. આમ ત્રણ શાળાઓનું નિર્માણ કાર્ય એક સાથે થશે.

આ બંને શાળાના પ્રસંગે શિક્ષણ વિભાગના નિવૃત્ત અધિકારી રમેશભાઈ ઉપાધ્યાય, સિહોર તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી અજયભાઈ જોષી, કેળવણી નિરીક્ષક મનહરભાઈ ઉલવા, કલાકાર ધરમભાઈ વંકાણી, ગામના પંચાયત અગ્રણીઓ, કાર્યકર્તાઓ અને શિક્ષકો તથા વિદ્યાર્થીઓ દ્વારા આ નિર્માણ સંદર્ભે રાજીપો વ્યક્ત કર્યો છે.

# યુવા યુગ પરિવર્તન દ્વારા ૧૯માં સ્થાપના દિવસ નિમિતે મહા વૃક્ષારોપણ કાર્યક્રમ



તસ્વીર : કૌશિક વ્યાસ

સિહોર,તા.૪

સિહોરની સંસ્થા YYP ટ્રસ્ટ દ્વારા દર વર્ષે પ્રકૃતિના જતન હેતુ વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે, જ્યારે ચોમાસામાં વૃક્ષારોપણ કરવામાં આવે છે ત્યારે આ વર્ષે ગુજરાતમાં જે મોડલથી સદભાવના વૃધ્ધાશ્રમ દ્વારા માવજત અને સાર સંભાળ સાથે જે રીતે વૃક્ષો ઉછેરવામાં આવે છે તેવીજ રીતે YYP દ્વારા એક નમ્ર પ્રયાસ કરવામાં આવ્યો છે, જેમાં ૬ ફૂટથી વધુ ઊંચાઈના ૨૫ વૃક્ષો ટ્રી ગાર્ડ સાથે સ્ટેશન રોડ ક્રિકેટ છાપરી તેમજ તાલુકા પંચાયતની આજુબાજુમાં રોપવામાં આવ્યા હતા.

આ કાર્યમા વૃક્ષો માટેનું પ્રતિ વૃક્ષ ૧૫૦૦ લેખે ૨૫ વૃક્ષોનું યોગદાન સિહોરના જાણીતા બ્રહ્મસમાજ અગ્રણી અજયભાઈ શુક્લના માતુશ્રી ગં.સ્વ.ગીતાબા ગજાનનભાઈ શુક્લ દ્વારા અર્પણ કરી YYP સંસ્થાના આ કાર્યને વેગવંતુ બનાવવામાં મદદ કરી હતી.આ કાર્યક્રમમાં ગ્રુપના સભ્યો તથા આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યના પ્રથમ પડાવમાં ૧૧ તેમજ બીજા પડાવમાં ૨૫ સાથે કુલ અત્યાર સુધીમાં ૩૬ વૃક્ષોની સંખ્યાએ પહોંચી છે.

# રાજભવનમાં ગુજરાતના પસંદગીના સરપંચો સાથે યોજાયો પ્રાકૃતિક ખેતી અંગે સંવાદ

ભાવનગર,તા.૪

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષસ્થાને રાજભવન ખાતે આધુનિક સંચાર પ્રણાલી (એ.આઈ.) ના માધ્યમથી રાજ્યના પસંદગીના સરપંચો સાથે પ્રાકૃતિક ખેતી વિષયક વિશેષ કાર્યશાળા અને સંવાદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યશાળામાં ભાવનગર જિલ્લાના ઉમરાળા ગ્રામ પંચાયતના સરપંચ ધર્મેન્દ્રભાઈ હેજમ એ સહભાગી બની જિલ્લાના ગૌરવમાં વધારો કર્યો હતો.

## ઉમરાળાના સરપંચ ધર્મેન્દ્રભાઈ હેજમને 'સરપંચ સહભાગિતા સન્માન પત્ર' એનાયત કરાયું





ભાવનગર જિલ્લાના ઉમરાળા ગામમાં પંચાયતીરાજ અને ગ્રામ વિકાસ ક્ષેત્રે ગ્રામ પંચાયત દ્વારા અનેક લોકોપયોગી અને વિકાસલક્ષી કાર્યો કરવામાં આવી રહ્યા છે. સરપંચ ધર્મેન્દ્રભાઈ હેજમના નેતૃત્વ હેઠળ ગ્રામ પંચાયતના સભ્યો તથા ગ્રામજનોના સહયોગથી ગામમાં નમૂનેદાર વિકાસના વિવિધ આયામો સફળતાપૂર્વક અમલમાં મૂકવામાં આવી રહ્યા છે.

રાજભવન ખાતે યોજાયેલી આ કાર્યશાળામાં પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રી ઋષિકેશભાઈ પટેલ, અગ્રણી ઈભા પટેલ તેમજ સાંસદશ્રી, ધારાસભ્યઓ અને સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન રાજ્યના પસંદ થયેલા સરપંચોને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ઉમરાળાના સરપંચ ધર્મેન્દ્રભાઈ હેજમને 'સરપંચ સહભાગિતા સન્માન પત્ર' એનાયત કરવામાં આવ્યું હતું.આધુનિક સંચાર પ્રણાલી (એ.આઈ.)ના ઉપયોગથી આયોજિત આ પ્રાકૃતિક ખેતી સંવાદમાં રાજ્યના વિવિધ વિસ્તારોના સરપંચોએ ભાગ લીધો હતો. કાર્યશાળા દરમિયાન પ્રાકૃતિક ખેતીના લાભો, તેના વ્યાપક અમલીકરણ તેમજ ગ્રામ્ય સ્તરે ખેડૂતોને પ્રોત્સાહિત કરવા અંગે નિષ્ણાતોએ માર્ગદર્શન આપ્યું હતું.

સૌરાષ્ટ્ર આસપાસ

Owner : Leela News Network Private Limited, Printer & Publisher Shri Komalkant Fakirchand Sharma On behalf of Leela News Network Private Limited Printed At : Old Bunder Road, Bhavnagar Published at : T/6, Third Floor Business Centre Ghogha Gate Bhavnagar Editor : Rajesh Kiritbhai Dave * (Responsible for News Editing as per PRB Act)

સૌરાષ્ટ્ર આસપાસ

## પાકિસ્તાનમાં સત્તા સામે યુવા આક્રોશનો ડર

પાકિસ્તાનની રાજકીય અને આર્થિક સ્થિરતા પર ફરી એક વખત ગંભીર સવાલો ઉભા થયા છે અને આ વખતે સવાલો ઉઠાવનાર કોઈ વિપક્ષી નેતા કે વિદેશી એજન્સી નથી, પરંતુ પાકિસ્તાન સરકારના પોતાના ગૃહમંત્રી છે. પાકિસ્તાનના ગૃહમંત્રી મોહસિન નકવીએ તાજેતરમાં જે નિવેદન આપ્યું છે તેનાથી ઇસ્લામાબાદની સત્તાના ગલિયારામાં ભૂકંપ આવ્યો છે. તેમણે ખુલ્લેઆમ સ્વીકાર્યું છે કે દેશની આર્થિક નિષ્ફળતા, વધતું દેવું, મોંઘવારી અને બેરોજગારી જેવા મુદ્દાઓએ દેશને ઝઝૂમી લીધો છે અને જો આ અસંતોષ એકસાથે ફાટી નીકળશે તો તે સમગ્ર સિસ્ટમને ઉથલાવી દેશે. આ નિવેદનને પાકિસ્તાનમાં ચાલી રહેલા કોકરોચ આંદોલનના ડર સાથે જોડીને જોવામાં આવી રહ્યું છે.ગૃહમંત્રીએ પોતાની જ સરકારને ચેતવણી આપતા કહ્યું છે કે તમે તેમને યુથ કહો, કોકરોચ કહો કે ગમે તે કહો, પરંતુ જો તેઓ એક થઈ જશે તો બધું જ ઉથલપાથલ કરી નાખશે. આ કોકરોચ શબ્દ એ હાલમાં દક્ષિણ એશિયામાં ઉભરી રહેલા એક નવા યુવા પ્રતિકારનું પ્રતીક છે. નેપાળ અને અન્ય દેશોમાં જે રીતે યુવાનો સિસ્ટમ સામે રસ્તા પર ઉતરી આવ્યા છે, તેને આ નામ આપવામાં આવ્યું છે. આ યુવાનો કોઈ એક પક્ષના નથી, તેઓ કોઈ નેતા પાછળ નથી, તેઓ માત્ર પોતાના હક માટે લડી રહ્યા છે. તેઓને જોઈએ છે ન્યાય, મેરિટના આધારે નોકરી, સરકારી નોકરીઓમાં સમાન તક અને એક એવી સિસ્ટમ જે યોગ્ય રીતે કામ કરે. પાકિસ્તાનના ગૃહમંત્રીનું નિવેદન દર્શાવે છે કે તેમને હવે આ નેતૃત્વ વગરના યુવા આક્રોશનો સૌથી વધુ ડર સતાવી રહ્યો છે.પાકિસ્તાનની વર્તમાન સ્થિતિ જોઈએ તો ગૃહમંત્રીનો આ ડર વાજબી પણ લાગે છે. દેશ મોંઘવારીના ભરડામાં છે, રૂપિયાની કિંમત સતત ઘટી રહી છે, વિદેશી દેવું વધી ગયું છે અને યુવાનો પાસે ડિગ્રીઓ છે પણ નોકરીઓ નથી. સરકારી નોકરીઓમાં ભ્રષ્ટાચાર અને ભલામણનું ચલણ છે, જેનાથી સામાન્ય યુવાન પોતાને ઠગાયેલો અનુભવે છે. જ્યારે પેટમાં ભૂખ હોય અને હાથમાં ડિગ્રી હોવા છતાં કામ ન હોય ત્યારે આક્રોશ જન્મે છે અને આ આક્રોશ જ્યારે એકસાથે ફાટે છે ત્યારે મોટી ક્રાંતિ સર્જાય છે. પાકિસ્તાન સરકાર સમજી ગઈ છે કે તેની પરંપરાગત રાજનીતિ હવે યુવાનોને રોકી શકશે નહિ. સોશિયલ મીડિયાના યુગમાં યુવાનોને એક કરવા માટે કોઈ નેતાની જરૂર નથી. એક મેસેજ પર હજારો યુવાનો રસ્તા પર આવી શકે છે.પાકિસ્તાનની આર્થિક બેહાલી આજે કોઈ છુપી વાત નથી રહી, તે દુનિયાભરમાં ચર્ચાનો વિષય બની ગઈ છે. એક સમયે ભારતની સાથે આઝાદ થયેલો આ દેશ આજે આર્થિક રીતે સાવ તૂટી ગયો છે. તેની મુખ્ય સમસ્યા એ છે કે તેની આવક કરતા ખર્ચ અનેક ગણો વધારે છે. પાકિસ્તાનનું અર્થતંત્ર આજે દેવાના ડુંગર નીચે દબાયેલું છે. દેશ ચલાવવા માટે સરકારે વારંવાર આંતરરાષ્ટ્રીય નાણા ભંડોળ અને અન્ય દેશો પાસેથી લોન લેવી પડે છે અને પછી તે લોનનું વ્યાજ ચૂકવવા માટે ફરીથી નવી લોન લેવી પડે છે, આ એક એવું વિષચક્ર છે જેમાંથી બહાર નીકળવું પાકિસ્તાન માટે ખૂબ મુશ્કેલ બની ગયું છે.

આ બેહાલી પાછળનું બીજું મોટું કારણ મોંઘવારી અને બેરોજગારી છે. પાકિસ્તાનમાં રોજિંદી વસ્તુઓ જેવી કે લોટ, તેલ અને શાકભાજીના ભાવ આસમાને પહોંચ્યા છે, જે સામાન્ય માણસના બજેટની બહાર છે. બીજી તરફ દેશમાં ઉદ્યોગો બંધ થઈ રહ્યા છે જેના કારણે યુવાનો પાસે નોકરીઓ નથી. ભણેલા ગણેલા યુવાનો પણ કામની શોધમાં ભટકી રહ્યા છે.

# ખોરડાની ખાનદાની

**નાનપણમાં અભણ કન્યા સાથે થયેલા વેવિશાળ પછી ડૉક્ટર બનેલા યુવકને હવે તેની સાથે લગ્ન કરી જીવન ગુજારો કરવાનો ક્ષોભ અનુભવાય છે, પણ તેના મા-બાપ અને સામે પક્ષે દીકરી પણ ખોરડાની ખાનદાની સાચવવામાં મક્કમ હોવાથી તે બન્ને લગ્નગ્રંથિથી જોડાઈ ગયાં**

અલપ ઝલપ -ડૉ. મનહર ઠાકર

મધુસૂદનનાં બા-બાપુજી સમજતાં નથી. દીકરાની વાત સાંભળવા તૈયાર નથી. ગામડાની એક અભણ છોકરી સાથે તેના લગ્ન કરાવવા માંગે છે. ગામડાનો વતની અને અમદાવાદની મેડિકલ કોલેજમાં અભ્યાસ કરતાં મધુસૂદનની આ આપવીતી છે.

તેનું વેવિશાળ નાનપણમાં, ગામમાં જ જ્ઞાતિની છોકરી સાથે થઈ ગયું હતું. પણ તેણે હવે મેડિકલમાં વધુ અભ્યાસ માટે ઓસ્ટ્રેલિયા જવાનું નક્કી કર્યું. આથી ગામડાની અભણ છોકરી સાથે લગ્ન કરીને, ઓસ્ટ્રેલિયા જવું તેને ક્ષોભજનક લાગ્યું. એને થયું કે આ તો કજોડું થશે.

નાનપણમાં નાની ઉંમરે તેનું વેવિશાળ થયું એ યાદ નથી, પણ પોતે ભણીને હવે ડોકટર થવા જઈ રહ્યો હતો અને છોકરી સાવ અભણ હતી. આ સિવાય તેની સમક્ષ એ દીકરી સાથે લગ્ન ન કરવા માટે તેના ઓછા ભણતર ઉપરાંત પણ બીજું એક મોટું કારણ પણ હતું.

વેવિશાળ પછી જ દીકરીને પોલિયોને કારણે ડાબા પગે ચાલવામાં ખચકો આવતો, તેની ચાલ પણ ખોડંગતી હતી અને એ ખોટ હતી. જ્ઞાતિના રીત-રિવાજ મુજબ નાનપણમાં તેમનું વેવિશાળ થયું ત્યારે તેણીના પગે આવી કોઈ તકલીફ નહોતી, પગમાં આ તકલીફ તો પછી થઈ હતી. ડૉ. મધુસૂદન પગનું કારણ દર્શાવી તેની સાથે લગ્ન કરવાની ના પાડે, સમાજ પણ તે વાતને સ્વીકારી લે. લોકો સ્વાભાવિક રીતે જ ડૉ. મધુસૂદનનો પક્ષ લે, કેમ કે, તે તો હવે ડૉક્ટર બની ગયો હતો.

'પણ નૈતિક રીતે આવું કરાય નહી.' તેવું મક્કમપણે તેનાં બા-બાપુજી માનતાં હતાં. ' આપણું તકદીર સમજીને, સમજણપૂર્વક જીવન કેવી રીતે જીવાય એ વિચારવું જોઈએ.' બા-બાપુજી સહજતાથી મધુસૂદનને સમજાવવા માટે પ્રયત્ન કરી રહ્યાં હતાં.

મધુસૂદન નિઃશબ્દ બની આ બધું સાંભળી રહ્યો હતો.

તેના બાપુજીએ કહ્યું, “ધારો કે, બધી રીતે યોગ્ય છોકરી સાથે લગ્ન કરીએ અને લગ્ન થયા પછી તેને લકવા થઈ જાય કે અન્ય કોઈ બિમારી આવે તો આપણે શું કરીએ? આમાં છોકરીનો શો દોષ ?'

તેની બાએ કહ્યું, 'હું હૃદયપૂર્વક માનું છું કે, માણસના સુખનો આધાર એ પોતે સમજણ અને વિવેક સાથે કેટલી બાંધછોડ કરવા તૈયાર છે તેના પર રહેલો છે.'

આટલી વાતો થતી રહી ત્યાં દીકરી તેની માને લઈને અહીં આવી ચડી.

મધુસૂદનનાં બા-બાપુજીએ બન્નેને આવકાર્યા અને ખાટલે ગોદડું પાથરીને બેસાડ્યાં.




દીકરીની માએ કહ્યું, " ગામમાં વાત થાય છે કે મધુસૂદન ડૉક્ટર બનીને વિદેશ જાય છે એટલે મારી આ અભણ તથા પગે ખચકાતી દીકરી સાથેનું વેવિશાળ ફોક કરવા માંગે છે, આ વાત સાંભળીને દીકરીએ મને કીધું કે આપણે રૂબરૂ જઈએ, મારે જાતે જ વાત કરવા જાઉં છે ; તે અટાણે આવ્યાં છીએ."

મધુસૂદનને પાસે બેસાડીને તેના બા-બાપુજી બોલ્યા, " અમે અટાણે મધુને સમજાવવા જ બેઠાં કે, આપણી ખાનદાની લાજે એવો કોઈ નિર્ણય કરવાનો નથી, નથી ને નથી...!

દીકરીએ કહ્યું, " તમે બધાં વડીલો બેઠાં છો ત્યારે મારે કાંઈ કહેવું એ અવિવેક ગણાય, છતાં મારા હૈયાની વાત કહેવા આવી છું કે, જિંદગીમાં ચૂંદડી તો એકની જ ઓઢાય. મેં તમારી ચૂંદડી ઓઢી લીધી છે, હવે તો પડી પટોળે ભાત, ફાટે પણ ફીટે નહી હો.. ઈ ભલે વિદેશ જતાં રહે પણ હું આ આંગણે એમનો ફોટો રાખીને એની સાક્ષીએ સાસુ-સસરાની સેવા કરીશ અને જો એને વિદેશમાં દવાખાનું ખોલવું હોય, કાયમી રહેવું હોય,માબાપને ત્યાં લઈ જવા હોય તો ભેળી હું પણ હાલી નીકળીશ ને ઘર તથા દવાખાને કચરા- પોતાં કરીશ, કામવાળીની જેમ રહીને રસોઈ, વાસણ બધું કામ કરીશ ને ઈને ગમતી છોકરી જોડે ચાર ફેરા ફેરવી દઈશ. એને મારા કારણે હેઠું જોવાનું થાય એવા ટાણે ક્યાંય આડીય નહી ઉતરું, પણ આયખું તો મારું એની ઓઢેલી ચૂંદડીના ભરોસે જ પૂરું કરીશ, મરણ લગણ મારા બાપના ખોરડાની ખાનદાની નહી છોડું.. બસ ! આટલું કહેવા આવી છું ને હવે જાઉં છું."

આટલું સાંભળતા મધુસૂદનના હૈયે સંવેદના પ્રગટી ત્યારે તેણે કહ્યું, " મને તારું સગપણ મંજૂર છે."

વડીલોને તો ભાવતું હતું ને વૈદ્યે કીધા જેવું થયું.

ઘડિયા લગ્ન લેવાયાં ને બન્ને પરણી ગયાં.

એ જ 'અભણ' છોકરી સાથે તેણે લગ્ન કર્યા. આજે બે સંતાનોના પરિવાર સાથે ઓસ્ટ્રેલિયામાં એ પરિવાર સુખી જીવન ગાળે છે.

# કોલેસ્ટ્રોલ વધુ છે તો ટેન્શન ન લો : ઘટાડવાના ઘરગથ્થુ ઉપાયો પણ છે

હેલ્થ ટીપ્સ



એક સમય એવો હતો કે આધાશીશી, પેટમાં ચૂંક આવવી, બેઠો માર લાગતાં કે પડી જવાથી શરીરમાં આવેલા સોજા, પગ મચકોડાય, સામાન્ય પ્રમાણમાં દાઝી જવાય, અજીર્ણ, અપચો, ઝાડાઊલટી, લૂ લાગવી, શરદીખાંસી જેવી અનેક નાનીમોટી રોજિંદી શારિરીક તકલીફો, બિમારીઓ માટે લોકો વૈદ્ય કે ડોક્ટર પાસે દોડી ન જતા. આવી બધી માંદગીના ઈલાજ દાદા-દાદી જેવા વડીલો પેઢી દર પેઢીથી મળેલી કોઠાસૂઝથી કરતા. આ કોઠાસૂઝમાં અનુભવો તથા રસોઈમાં વપરાતા મરી-મસાલા,જંગલી વનસ્પતિઓ,જડીબુટ્ટી, શાકભાજી તેમજ ઘરઆંગણે થતા તુલસી, ડમરો , કુંવરપાઠું જેવા છોડવાના આયુર્વૈદિક ઔષધીય ગુણધર્મોની જાણકારી વારસામાં મળતી. વાસ્તવમાં, સર્વ સામાન્ય બીમારીઓ મટાડવા છાલો, પાલો, મરીમસાલો અને દાદીમાનું વૈદું પૂરતાં હોય એવા ઘરગથ્થુ ઈલાજ કરાતા એવો એક જમાનો હતો.

અલબત્ત, સમય અને તે સાથે લાઈફ સ્ટાઈલ બદલાતાં ઘરગથ્થુ ઈલાજનું ચલણ ઘટ્યું છે. છતાં ધણા પરિવારો આ પરંપરાને ભૂલ્યા નથી. ખાનપાન પરનાં નિયંત્રણો સહિતના ઘરગથ્થુ ઈલાજ અસાધ્ય બીમારીઓમાં પણ રાહત આપતા હોવાનું જણાયું છે. આમાં ડાયાબીટીઝ, વધુ પડતા કોલેસ્ટ્રોલનો વગેરેનો સમાવેશ થાય છે.

કોલેસ્ટ્રોલ શું છે? : કોલેસ્ટ્રોલ એટલે લિવર દ્વારા પેદા થતું એક મહત્ત્વનું લિપિડ. ચરબી માટેના ગ્રીક શબ્દ ધૅન્જ્ધ પરથી લિપિડ શબ્દ ઊતરી આવ્યો છે. કોલેસ્ટ્રોલ શરીરની કામગીરી તથા હાર્મોનના પેદા થવામાં મહત્વની ભૂમિકા ભજવે છે.

કોલેસ્ટ્રોલના વધુ પડતા પ્રમાણથી હાર્ટએટેક, સ્ટ્રોક જેવી હૃદયની ગંભીર બિમારીઓ થવાનું જોખમ વધે છે. બિનપોષક આહાર, કસરતનો અભાવ તથા ચરબીયુકત પદાર્થો વધુ પડતા ખાવાથી કોલેસ્ટ્રોલનું પ્રમાણ વધી શકે છે. આશ્ચર્યની બાબત એ કે તેનું પ્રમાણ વધી રહ્યાનું કોઈ લક્ષણ નજરે પડતું નથી. પરિણામે આરોગ્ય કથળવાનું લાંબા ગાળાનું જોખમ સર્જાય છે. કોલેસ્ટ્રોલનું પ્રમાણ જરુર જેટલું રહે તે માટે મેડિકલ કન્સલ્ટેશન તથા પ્રિસ્ક્રાઈબ્ડ મેડિકેશન અનિવાર્ય છે. એ સાથે કોલેસ્ટ્રોલનું યોગ્ય પ્રમાણ જળવાય તેવા પ્રાકૃતિક ઈલાજ આયુર્વેદમાં પણ છે. જેમાં ઘરગથ્થુ ખાદ્ય પદાર્થનો ઉપયોગ કરાય છે. આવા ઈલાજ આ મુજબ છે.

મેથીનાં બીજ : રસોઈમાં વપરાતા મેથીના દાણાથી ભાગ્યે જ કોઈ અજાણ હોય. મેથીના ઔષધીય ગુણોને કારણે આયુર્વેદમાં એનું આગવું મહત્વ છે. આરોગ્ય માટે જરુરી એચડીએલ લૈયર ગીહજૌઅ નૈાિહ કોલેસ્ટ્રોલ (આને ગૂડ કોલેસ્ટ્રોલ પણ કહે છે)નું પ્રમાણ વધારવા સાથે મેથી લોહીમાંના ટોટલ કોલેસ્ટ્રોલ એલડીએલ (ર્ગ ગીહજૌઅ નૈાિહ) કોલેસ્ટ્રોલ (આને બેડ કોલેસ્ટ્રોલ પણ કહે છે) તથા ટ્રાઈગ્લિસરાઈડના પ્રમાણને ઘટાડે છે. ખોરાકમાં લીધેલી કુલ કેલેરીનું પ્રમાણ શરીરના વપરાશ કરતાં વધી જાય ત્યારે વધારાની ચરબી લાવનારા પદાર્થનું ચરબીમાં રુપાંતરણ થાય છે એને તે ટ્રાઈગ્લિસરાઈડ સ્વરુપે ચરબીના કોષોમાં સંગ્રહ થાય છે. મેથીમાંના સ્ટીરોઈડલ સેપોનિનને કારણે આંતરડાં કોલેસ્ટ્રોલના શોષણ (એબ્સોર્પ્શન)ની પ્રક્રિયાને ધીમી પાડે છે. સ્ટીરોઈડલ એટલે સ્ટીરોઈડ સંબંધી અને સેપોનિન એટલે વિષાળુ ગ્લાયકોસાઈડ સંયોજનોનો એક પ્રકાર.

મધ :

મધ શરીરમાંથી ચરબી ઘટાડવા સાથે કોલેસ્ટ્રોલના પ્રમાણને નિયંત્રણમાં રાખે છે. એક અભ્યાસ મુજબ મધના સેવનથી એલડીએલ (બેડ) કોલેસ્ટ્રોલના પ્રમાણમાં છ ટકાનો, ટ્રાઈગ્લીસરાઈડના પ્રમાણમાં ૧૧ ટકાનો ઘટાડો થયાનું અને સંભવતઃ એચ ડીએલ (ગૂડ) કોલેસ્ટ્રોલના પ્રમાણમાં વધારો થયાનું પણ જણાયું હતું. સવારે નાસ્તા પહેલાં એક ચમચી (ટી સ્પૂન) નૈસગક મધ, બે ચમચી એપલ સાઈડર વિનેગર (સફરજનના રસનો સરકો) તથા બે ચમચી ઈસબગૂલ લેવાથી એલડીએલ કોલેસ્ટ્રોલ ઘટી શકે છે.

લસણ :

લસણના સેવનથી ટોટલ એલડીએલ કોલેસ્ટ્રોલ તથા ટ્રાઈગ્લિસરાઈડનું પ્રમાણ ઘટ્યું હોવાનું એક અભ્યાસમાં જણાયું હતું. આહાર સાથે લસણની એકબે કળીનું સેવન કોલેસ્ટ્રોલના પ્રમાણમાં લગભગ ૧૦ ટકા સુધીનો ઘટાડો કરી શકે છે. લસણની એક કળી, અડધી ચમચી આદુનો રસ અને અડધી ચમચી લીંબુનો રસ મેળવીને બન્ને સમય જમ્યા પહેલાં લેવું હિતકારી છે.

ધાણા :

ઔષધીય ગુણર્મોની કારણે આયુર્વૈદિક ઉપચારમાં ધાણાનું મહત્વ સ્વીકારાયું છે. ધાણામાં અન્ટિઆકસિડન્ટ (ઓક્સિજનને કારણે સજીવ તથા ખોરાકમાં બગાડ થવાની પ્રક્રિયા અટકાવનાર કે મંદ કરનાર રસાયણ) પ્રચૂર પ્રમાણમાં છે જે કોલેસ્ટ્રોલ ઘટાડી શકે. બે ચમચી ધાણા નાખી ઊકાળેલું પાણી દિવસમાં બે વખત પીવાથી કોલેસ્ટ્રોલ ઘટે છે, શરીરમાંના વિષારી તત્વો દૂર થાય છે તથા પાચનક્રિયાની તકલીફોમાં રાહત રહે છે.

પ્રોસેસ્ડ ફૂડ-હાઈ ફેટ ડેરી પ્રોડક્ટ્સ ટાળો :

કોલેસ્ટ્રોલ વધુ હોય એવા લોકોએ વધુ ફેટવાળા, અલ્ટ્રા પ્રોસેસ્ડ ખાદ્ય પદાર્થો ન ખાવા જોઈએ. હાઈ ફેટ દૂધ, યોગર્ટ, ચીઝ જેવાં દૂગ્ધ ઉત્પાદન ટાળવાં જોઈએ. અલબત્ત આવા પદાર્થ ખાવાની અદમ્ય ઈચ્છા થાય તો મર્યાદિત પ્રમાણમાં ખાવા. આધિવ્યાધિના ઈલાજમાં કેટલો સમય લાગે અને પરિણામ ક્યારે મળે છે તે મહત્વનું છે. દોડધામભરી આજની લાઈફ સ્ટાઈલમાં ઘડિયાળને કાંટે માણસ જીવતો હોય અને દોડતો હોય ત્યારે બીમારી મટાડવા ધીરજ માગી લેતા આયુર્વૈદ પર આધારીત ઘરગથ્થુ ઈલાજો ભાગ્યે જ પસંદ કરે.પરંતુ અન્ય ઉપચાર પદ્ધતિ સાથે પણ કરી શકાય તેવા નિરુપદ્રવી ઘરગથ્થુ ઈલાજ કરી કોલેસ્ટ્રોલ, ડાયાબીટીઝ જેવા વિકારોને નિયંત્રણમાં રાખી શકાય તેમાં નુકસાન શું છે?

# અમેરિકામાં નોકરી કરવી એક સપનું બની જશે

**અમેરિકન સપનાને ૯૬ લાખનું તાળું: OPT ફી વધારાથી ભારતીય વિદ્યાર્થીઓની કસોટી. ભારતના લાખો વિદ્યાર્થીઓ અમેરિકા છોડીને ભરત આવી જશે તો નુકસાન ભારતને નહીં પણ અમેરિકાને વધુ થશે તે નિશ્ચિત છે**

આસપાસ ચોપાસ — સુરેશ ભટ્ટ

અમેરિકામાં અભ્યાસ કર્યા પછી ત્યાં જ નોકરી કરીને કેરિયર બનાવવાનું સપનું જોતા લાખો ભારતીય વિદ્યાર્થીઓ માટે એક ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના તંત્ર દ્વારા વિદેશી વિદ્યાર્થીઓ માટેના સૌથી મહત્વના એવા ઓપીટી પ્રોગ્રામ પર નિશાન સાધવામાં આવ્યું છે. એક તાજા પ્રસ્તાવ અનુસાર હવે અમેરિકામાં અભ્યાસ પૂર્ણ કર્યા પછી નોકરી કરવા માંગતા દરેક વિદ્યાર્થીએ લગભગ છન્નુ લાખ રૂપિયા એટલે કે એક લાખ ડોલર જેટલી માતબર ફી ચૂકવવી પડશે. આ એ જ વિદ્યાર્થીઓ છે જેમણે પહેલેથી જ લાખો રૂપિયાની લોન લઈને અમેરિકામાં અભ્યાસ કર્યો છે. આ પ્રસ્તાવ જો કાયદો બની જાય તો અમેરિકન શિક્ષણનું અર્થશાસ્ત્ર સંપૂર્ણપણે બદલાઈ જશે. આ પહેલા ગયા વર્ષે સપ્ટેમ્બરમાં ટ્રમ્પ પ્રશાસને એચ-વન બી વિઝા ફી એક હજાર ડોલરથી વધારીને એક લાખ ડોલર કરી હતી અને હવે ઓપીટી પર આ પ્રહારથી ભારતીય વિદ્યાર્થીઓમાં ભારે અસમંજસની સ્થિતિ સર્જાઈ છે. આને કારણે હજારો વિદ્યાર્થીઓ અમેરિકા છોડીને ભારત પરત આવી જશે જેનાથી નુકસાન અમેરિકાને થશે ભારત તથા તેને ફાયદો થશે એકંદર આની પોઝિટીવ અસર આ હશે.

અમેરિકન સરકારનો ઓપીટી પ્રોગ્રામ એટલે શું તેને સમજવું ખૂબ જરૂરી છે. ઓપીટીનું પૂરું નામ ઓપ્શનલ પ્રેક્ટિકલ ટ્રેનિંગ છે. આ કોઈ અલગ વિઝા નથી પરંતુ એફ-વન સ્ટુડન્ટ વિઝાનું જ એક એક્સટેન્શન છે. અમેરિકામાં કોઈ પણ વિદ્યાર્થી વિદ્યાર્થી વિઝા પર અભ્યાસ કરવા જાય છે, ત્યારે તેને માત્ર ભણવાની જ મંજૂરી હોય છે, નોકરી કરવાની નહિ. પરંતુ અભ્યાસ પૂર્ણ થયા પછી તેને જે વિષયમાં ભણ્યો હોય તે જ વિષય સાથે સંબંધિત ક્ષેત્રમાં કામ કરવાનો અનુભવ મળે તે માટે અમેરિકન સરકારે આ ઓપીટીની વ્યવસ્થા બનાવી છે. સરળ ભાષામાં કહીએ તો આ ભણ્યા પછી કમાવા અને શીખવા માટેનો એક કાનૂની સમયગાળો છે. આ કાર્યક્રમ હેઠળ સામાન્ય રીતે બે પ્રકારના નિયમો છે. જે વિદ્યાર્થીઓએ આર્ટ્સ, કોમર્સ, મેનેજમેન્ટ કે સોશિયલ સાયન્સ જેવા વિષયોમાં અભ્યાસ કર્યો હોય તેમને અભ્યાસ પૂર્ણ થયા પછી બાર મહિના એટલે કે એક વર્ષ સુધી અમેરિકામાં રહીને નોકરી કરવાની મંજૂરી મળે છે. જ્યારે જે વિદ્યાર્થીઓએ સ્ટેમ કેટેગરીમાં અભ્યાસ કર્યો હોય એટલે કે સાયન્સ, ટેકનોલોજી, એન્જિનિયરિંગ અને મેથ્સ જેવા ટેકનિકલ ક્ષેત્રોમાં ડિગ્રી મેળવી હોય તેમને ચોવીસ મહિનાનું વધારાનું એક્સટેન્શન મળે છે, એટલે કુલ ત્રણ વર્ષ સુધી તેઓ અમેરિકામાં નોકરી કરી શકે છે. આ સમય દરમિયાન વિદ્યાર્થીને પૂરા સમયની નોકરી કરવાનો હક મળે છે અને તે અમેરિકન વર્ક કલ્ચરમાં ઢળી શકે છે. કંપનીઓ પણ આ સમય દરમિયાન વિદ્યાર્થીની ક્ષમતાનું મૂલ્યાંકન કરે છે. આ જ કારણ છે કે ઓપીટીને અમેરિકન ડ્રીમની પહેલી સીડી માનવામાં આવે છે. તાજેતરના આંકડા અનુસાર હાલમાં લગભગ ચાર લાખ વિદેશી વિદ્યાર્થીઓ ઓપીટી પર અમેરિકામાં કામ કરી રહ્યા છે, જેમાં સૌથી વધુ હિસ્સો ભારતીયોનો છે.

ઓપીટી પછી આવે છે એચ-વન બી વિઝાનો તબક્કો જે આ સમગ્ર પ્રક્રિયાનું સૌથી મહત્વનું પગથિયું છે. એચ-વન બી વિઝા એ અમેરિકાનો નોન-ઈમિગ્રન્ટ વર્ક વિઝા છે જે અમેરિકન કંપનીઓને વિદેશી કુશળ કામદારોને નોકરી પર રાખવાની મંજૂરી આપે છે. સામાન્ય રીતે કોઈ પણ વિદ્યાર્થી ઓપીટી પૂર્ણ કરે ત્યારબાદ તે જે કંપનીમાં કામ કરતો હોય તે કંપની તેના માટે એચ-વન બી વિઝા કોટા માટે અરજી કરે છે. આ વિઝા માટે દર વર્ષે લોટરી સિસ્ટમ હોય છે અને તે મેળવ્યા પછી જ વિદ્યાર્થી લાંબા સમય સુધી અમેરિકામાં કાયદેસર રીતે સ્થાયી થઈ શકે છે અને બાદમાં ગ્રીન કાર્ડ માટે અરજી કરી શકે છે. આંકડા કહે છે કે ઓપીટી કરનારા પંચોતેર ટકા જેટલા વિદ્યાર્થીઓ આખરે એચ-વન બી વિઝા દ્વારા અમેરિકામાં જ સેટલ થઈ જાય છે. ટ્રમ્પ પ્રશાસને ગયા વર્ષે આ એચ-વન બી વિઝા ફીમાં ધરખમ વધારો કરીને તેને એક હજાર ડોલરથી સીધી એક લાખ ડોલર કરી દીધી હતી, જોકે તેના પર હાલમાં કાયદાકીય રોક લાગેલી છે. પરંતુ હવે ઓપીટી પર પણ એક લાખ ડોલરની ફી લગાવવાની તૈયારીથી આ માર્ગ લગભગ બંધ થવા જેવો બની જશે.

આ નવા કાયદાને કારણે ભારતીય વિદ્યાર્થીઓને પડનારી મુશ્કેલી અકલ્પનીય હશે. ઓપીટી પ્રોગ્રામમાં હાલમાં લગભગ એક લાખ ભારતીય વિદ્યાર્થીઓ છે જે કુલ વિદેશી વિદ્યાર્થીઓમાં સૌથી વધુ સંખ્યા છે. મોટાભાગના ભારતીય વિદ્યાર્થીઓ મધ્યમવર્ગીય પરિવારમાંથી આવે છે અને તેઓ ભારે લોન લઈને અમેરિકા ભણવા જાય છે. તેમનું આખું ગણિત એ હોય છે કે બે વર્ષની માસ્ટર્સ ડિગ્રી પછી ત્રણ વર્ષ ઓપીટીમાં કામ કરીને તેઓ લોન ભરપાઈ કરશે.




જો અભ્યાસ પૂર્ણ થયા પછી તરત જ નોકરી શરૂ કરતા પહેલા જ છન્નુ લાખ રૂપિયા ફી તરીકે ભરવાના આવે તો આ ગણિત સંપૂર્ણપણે ખોરવાઈ જશે. એક તો અમેરિકન યુનિવર્સિટીઓની ફી જ કરોડોમાં હોય છે, તેની ઉપર આ નવી ફી ભરવી એ સામાન્ય પરિવાર માટે અશક્ય બની જશે. તેના કારણે ઘણા વિદ્યાર્થીઓએ અધવચ્ચે અભ્યાસ છોડીને ભારત પાછા ફરવું પડશે. આ ઉપરાંત જે વિદ્યાર્થીઓ ઓપીટી પર છે તેમને નોકરી આપતી કંપનીઓ પણ આટલી મોટી ફી ભરવા તૈયાર નહિ થાય કારણ કે કંપનીઓ માટે પણ આ ખર્ચ ખૂબ મોટો કહેવાય. તેના પરિણામે ભારતીય વિદ્યાર્થીઓને નોકરીઓ મળવી મુશ્કેલ બનશે અને અમેરિકામાં ભારતીય ટેલેન્ટનો જે દબદબો છે તેને મોટો ફટકો પડશે. આ નિયમથી માત્ર વિદ્યાર્થીઓ જ નહિ પરંતુ અમેરિકન અર્થતંત્રને પણ નુકસાન થશે કારણ કે સ્ટેમ ક્ષેત્રના કુશળ લોકોની અછત સર્જાશે.

આ સમગ્ર મામલે ભારત સરકારે ખૂબ જ સંતુલિત અને જવાબદારીપૂર્વકનું વલણ અપનાવ્યું છે. આ અંગે ભારતના વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે નવી દિલ્હીમાં એક પ્રેસ કોન્ફરન્સમાં પોતાનું નિવેદન આપ્યું હતું. તેમણે કહ્યું હતું કે અમે આ સમગ્ર સ્થિતિ પર સતત નજર રાખી રહ્યા છીએ. તેમણે સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે વિઝા અને ઈમિગ્રેશન એ કોઈપણ સાર્વભૌમ દેશનો વિશેષાધિકાર છે અને અમેરિકાને પોતાના નિયમો બનાવવાનો સંપૂર્ણ હક છે, તેમાં ભારત દખલ કરવા માંગતું નથી. પરંતુ સાથે સાથે તેમણે એ પણ ઉમેર્યું હતું કે જ્યારે પણ અમારા વિદ્યાર્થીઓના હિતોની વાત આવશે ત્યારે અમે અમારો પક્ષ ચોક્કસપણે અને મક્કમતાથી રજૂ કરીશું. ભારત સરકારનું આ નિવેદન દર્શાવે છે કે તે રાજદ્વારી માર્ગે આ મુદ્દાને ઉકેલવા માંગે છે અને અમેરિકન પ્રશાસન સાથે સતત સંપર્કમાં છે. સરકારનો ઉદ્દેશ એ છે કે કોઈ પણ નિર્ણયથી ભારતીય વિદ્યાર્થીઓને અન્યાય ન થાય અને તેમની મહેનત વ્યર્થ ન જાય.

# ટીમ ઈન્ડિયામાં વાપસી પર ભુવનેશ્વર કુમારે આખરે મૌન તોડ્યુ :"હું જ્યાં છું ત્યાં ખુશ છું"

મુંબઈ,

ટીમ ઈન્ડિયાએ આઈસીસી વનડે વર્લ્ડ કપ ૨૦૨૭ માટે તેની તૈયારીઓ શરૂ કરી દીધી છે. જોકે, ઈંગ્લેન્ડ સામેની ત્રણ મેચની વનડે શ્રેણીમાં ૨-૧ થી મળેલી હાર બાદ, બોલરોના પ્રદર્શન પર ઘણા પ્રશ્નો ઉભા થયા હતા, જેના કારણે ઘણા ક્રિકેટ નિષ્ણાતો માને છે કે ભુવનેશ્વર કુમારને ટીમમાં સામેલ કરવો જોઈએ. ભારતીય ટીમના પસંદગીકારોએ હજુ સુધી આ અંગે કોઈ ટિપ્પણી કરી નથી, પરંતુ ભારતીય ટીમમાં વાપસી અંગે ભુવનેશ્વર કુમારના નિવેદનથી સ્પષ્ટ થઈ ગયું છે કે તે જ્યાં છે ત્યાં ખુશ છે.



ભુવનેશ્વર કુમારે છેલ્લે ૨૦૨૨ માં વનડે રમી હતી, અને ત્યારથી તે ટીમ ઈન્ડિયામાં તેની વાપસીની રાહ જોઈ રહ્યો છે. દરમિયાન, ભુવીએ ઘરેલુ ક્રિકેટ અને આઈપીએલ રમવાનું ચાલુ રાખ્યું, જ્યાં તેણે છેલ્લી આઈપીએલ સીઝનમાં બોલ સાથે પ્રભાવશાળી પ્રદર્શન કર્યું. ઈઝમ્ પોડકાસ્ટ પર બોલતા, ભુવનેશ્વર કુમારે કહ્યું, "હું ખૂબ જ શાંત છું, અને હું આ માટે મારા પરિવારને શ્રેય આપું છું કારણ કે અમે ઘરે ક્યારેય ક્રિકેટની ચર્ચા કરતા નથી. અમે ક્યારેય ચર્ચા કરતા નથી કે હું ભારતીય ટીમમાં પાછો ફરી શકીશ કે મને કેમ પસંદ કરવામાં આવ્યો નહીં. હું સમજું છું કે પરિવર્તન રમતનો એક મોટો ભાગ છે, અને સમય સાથે, એક નવી પેઢી ઉભરી આવે છે, અને આ રમતનો એક ભાગ છે. હું હાલમાં જ્યાં છું ત્યાં ખુશ છું."

પોતાના નિવેદનમાં ભુવનેશ્વર કુમારે વધુમાં કહ્યું, "હું ભારતીય ટીમ માટે રમ્યો છું, અને તે એવી વસ્તુ નથી જે મારે હમણાં પ્રાપ્ત કરવાની છે. જો મને તક મળે, તો તે ખૂબ સારી વાત છે. હું જાણું છું કે મારે શિસ્તબદ્ધ રહેવું પડશે. હું ઘરેલુ ક્રિકેટ રમું છું, હું યુપી ટી૨૦ લીગમાં રમું છું. આઈપીએલ ઘણા ઉત્તમ ઝડપી બોલરો ઉત્પન્ન કરવા બદલ શ્રેયને પાત્ર છે, કારણ કે જ્યારે તમે તેમને ટીમમાં લાવો છો, ત્યારે તેમને તક આપવી મહત્વપૂર્ણ છે." ભુવનેશ્વર કુમારે ૧૨૧ વનડે રમી છે, જેમાં ૩૫.૧૧ ની સરેરાશથી ૧૪૧ વિકેટ લીધી છે.

# ઓસ્ટ્રેલિયાએ ભારતના પ્રવાસ માટે અંડર-૧૯ ટીમની જાહેરાત કરી : રાજકોટ અને અમદાવાદમાં મેચ રમાશે

અમદાવાદ,

યુવા ક્રિકેટનો રોમાંચ આવતા મહિને ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે પ્રગટ થશે. ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ ભારતના પ્રવાસ માટે તેની અંડર-૧૯ પુરુષોની ટીમની જાહેરાત કરી છે. આ ૧૬ ખેલાડીઓની ટીમ સપ્ટેમ્બરથી ઓક્ટોબર દરમિયાન એક મહિનાના ભારતના પ્રવાસે જશે, જેમાં ભારતીય અંડર-૧૯ ટીમ સામે વનડે અને ચાર દિવસીય મેચ રમશે. આ પ્રવાસ ઓસ્ટ્રેલિયાના ઉભરતા સ્ટાર્સ માટે એક મોટી તૈયારી તરીકે જોવામાં આવે છે.

ક્રિકેટ ઓસ્ટ્રેલિયાના યુવા રાષ્ટ્રીય પસંદગી પેનલે આ ટીમની પસંદગી કરી છે. દેશભરના છ રાજ્યોના ખેલાડીઓની પસંદગી કરવામાં આવી છે. ક્વીન્સલેન્ડમાં સૌથી વધુ ખેલાડીઓની પસંદગી કરવામાં આવી છે, જેમાં ન્યૂ સાઉથ વેલ્સમાંથી ચાર, વિક્ટોરિયામાંથી ત્રણ, દક્ષિણ



ઓસ્ટ્રેલિયામાંથી બે, પશ્ચિમ ઓસ્ટ્રેલિયામાંથી બે અને તાસ્માનિયામાંથી એક ખેલાડીનો સમાવેશ થાય છે. પ્રવાસ દરમિયાન, ઓસ્ટ્રેલિયન ટીમ ૧૩ સપ્ટેમ્બરથી ૯ ઓક્ટોબર દરમિયાન રાજકોટ અને અમદાવાદમાં ભારતીય અંડર-૧૯ ટીમ સામે ત્રણ વનડે અને બે ચાર દિવસીય મેચ રમશે. ઉપખંડની પડકારજનક પરિસ્થિતિઓમાં રમવાનો આ અનુભવ યુવા ખેલાડીઓની ટેકનિકલ કુશળતા અને માનસિક શક્તિની મોટી કસોટી માનવામાં આવે છે.

ઓસ્ટ્રેલિયન ભૂતપૂર્વ વિકેટકીપર ટિમ નીલ્સનને ટીમના કોચ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. નીલ્સન લાંબા સમયથી ક્રિકેટ ઓસ્ટ્રેલિયાના યુવા વિકાસ કાર્યક્રમનો ભાગ રહ્યા છે અને હાલમાં ડાર્વિનમાં બાંગ્લાદેશ સામે રમાતી ક્રિકેટ ઓસ્ટ્રેલિયા ઠેંનું સંચાલન કરી રહ્યા છે. ક્રિકેટ ઓસ્ટ્રેલિયાના રાષ્ટ્રીય વિકાસ વડા, સોન્યા થોમ્પસન, એ જણાવ્યું હતું કે આ પ્રવાસ ખેલાડીઓની કારકિર્દીમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. તેણીએ કહ્યું કે ભારત જેવી પડકારજનક પરિસ્થિતિઓમાં મજબૂત વિરોધી ટીમ સામે રમવાથી ખેલાડીઓને પોતાને ચકાસવાની અને તમામ ફોર્મેટમાં તેમની રમત સુધારવાની ઉત્તમ તક મળશે. તેણીએ ટિમ નીલ્સનની નિમણૂકનું પણ સ્વાગત કર્યું, કહ્યું કે તેમનો અનુભવ યુવા ખેલાડીઓ માટે ખૂબ ફાયદાકારક રહેશે.

# નેહરા પાસે રમતની દરેક પરિસ્થિતિને સમજવા અને ઉકેલવાની અસાધારણ ક્ષમતા : મોઈન અલી

મુંબઈ,

જ્યારે ક્રિકેટની દુનિયામાં સૌથી તેજ ક્રિકેટ મગજની વાત આવે છે, ત્યારે મોટાભાગના લોકો મહેન્દ્ર સિંહ ધોની વિશે વિચારે છે. પરંતુ ઈંગ્લેન્ડના ભૂતપૂર્વ ઓલરાઉન્ડર મોઈન અલીનો મત અલગ છે. મોઈનએ ભૂતપૂર્વ ભારતીય ફાસ્ટ બોલર અને ગુજરાત ટાઈટન્સના મુખ્ય કોચ આશિષ નેહરાને શ્રેષ્ઠ ક્રિકેટ મગજ ગણાવ્યા છે. તેમણે કહ્યું કે નેહરા પાસે રમતની દરેક પરિસ્થિતિને સમજવા અને ઉકેલવાની અસાધારણ ક્ષમતા છે.



તેમની કારકિર્દી દરમિયાન, મોઈન અલીએ ચેન્નાઈ સુપર કિંગ્સમાં એમએસ ધોની જેવા દિગ્ગજ કેપ્ટન સાથે ડ્રેસિંગ રૂમ શેર કર્યો હતો. તેમણે ઘણા દિગ્ગજ કેપ્ટન અને કોચ સાથે પણ કામ કર્યું હતું, પરંતુ તેમના મતે, આશિષ નેહરાની રમત વાંચવાની ક્ષમતા અનોખી છે. મોઈન અને નેહરાએ ૨૦૧૮ અને ૨૦૧૯ માં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરમાં સાથે કામ કર્યું હતું. તે સમયે, નેહરા ટીમના બોલિંગ કોચ હતા. મોઈન કહે છે કે તે બે વર્ષ દરમિયાન, તેમને નેહરાની વ્યૂહાત્મક વિચારસરણી અને ખેલાડીઓને હેન્ડલ કરવાની તેમની રીતને નજીકથી સમજવાની તક મળી.

બીયર્ડ બિફોર વિકેટ પોડકાસ્ટમાં, મોઈન અલીએ કહ્યું કે તેમના માટે, ક્રિકેટિંગ મગજ એવી વ્યક્તિ છે જે રમતની લગભગ દરેક પરિસ્થિતિને સમજે છે. તેમણે વધુમાં કહ્યું કે એવી વ્યક્તિ જેની પાસે લગભગ દરેક પરિસ્થિતિ માટે જવાબ અથવા સિદ્ધાંત હોય છે અને જે રમતના દરેક પાસાની ચર્ચા કરે છે. એક ખેલાડી કેમ સારો નથી, બીજો કેમ સારો છે, તે પરિસ્થિતિમાં શું થવું જોઈએ અને શું થઈ શકે છે.

મોઈનએ કહ્યું કે નેહરાના મંતવ્યો ફક્ત અનુમાન પર આધારિત નથી, પરંતુ ડેટા અને અનુભવ બંને દ્વારા સમર્થિત છે. પરંતુ તેની પાસે કંઈક ખાસ છે. અને તે ખાસ વાત ડેટા અથવા પુરાવા દ્વારા સમર્થિત છે. આ પહેલા પણ બન્યું છે, આ ત્યારે બન્યું હતું, અને તેથી જ આ હવે થઈ શકે છે. ત્યારબાદ તેમણે આશિષ નેહરાનો સ્પષ્ટ ઉલ્લેખ કરતા કહ્યું કે તેઓ જે નામનો ઉલ્લેખ કરશે તે આશિષ નેહરા છે. તેઓ ગુજરાતના કોચ છે. તેમણે તેમની સાથે ઈઝમ્માં થોડા વર્ષો કામ કર્યું. જ્યારે ક્રિકેટ મગજની વાત આવે છે, ત્યારે આ વ્યક્તિ જાણે છે કે તે શું વાત કરી રહ્યો છે.

# સ્ટીફન ફ્લેમિંગના કોચિંગને કારણે જો રૂટ ફરીથી ટેસ્ટ ટીમની કેપ્ટનશીપ સંભાળવા માટે સંમત થયો

નવીદિલ્હી,

ઈંગ્લેન્ડ અને વેલ્સ ક્રિકેટ બોર્ડ એ અનુભવી બેટ્સમેન જો રૂટને ટેસ્ટ ટીમના કેપ્ટન તરીકે ફરીથી નિયુક્ત કર્યા છે. ન્યુઝીલેન્ડના ભૂતપૂર્વ મહાન સ્ટીફન ફ્લેમિંગને નવા મુખ્ય કોચ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

રૂટ બેન સ્ટોક્સની જગ્યાએ અને ફ્લેમિંગ બ્રેન્ડન મેક્કુલમની જગ્યાએ આવે છે. એ નોંધવું જોઈએ કે બ્રેન્ડન મેક્કુલમ વનડે અને ટી ૨૦ ટીમોના કોચ રહેશે. ૩૫ વર્ષીય જો રૂટે જણાવ્યું હતું કે સ્ટીફન ફ્લેમિંગના કોચિંગને કારણે તેઓ ફરીથી ટેસ્ટ ટીમની કેપ્ટનશીપ સંભાળવા માટે સંમત થયા હતા.



જો રૂટે અગાઉ ૨૦૧૭ માં પહેલીવાર ટીમની કેપ્ટનશીપ કરી હતી, પરંતુ નબળા પરિણામોને કારણે ૨૦૨૨ માં કેપ્ટનશીપ છોડી દીધી હતી. ઈંગ્લેન્ડના મેનેજિંગ ડિરેક્ટર રોબ કીના જણાવ્યા અનુસાર, જો રૂટને ફરીથી કેપ્ટનશીપ આપવાનો નિર્ણય ફ્લેમિંગની સલાહના આધારે લેવામાં આવ્યો હતો. સોશિયલ મીડિયા પર શેર કરાયેલા એક ઈન્ટરવ્યુમાં, જો રૂટે જણાવ્યું હતું કે સ્ટીફન ફ્લેમિંગના કોચિંગને કારણે તેમણે ફરીથી કેપ્ટનશીપ સંભાળવાનો નિર્ણય લીધો.

રૂટ માને છે કે ફ્લેમિંગની રમત પ્રત્યેની સમજ, ટીમના ભવિષ્ય માટેનું તેમનું વિઝન અને તેમનું આગળનું આયોજન ઉત્તમ છે. આ જ કારણ છે કે રૂટ ખૂબ ખુશ છે.

# વિવેક ઓબેરોય રામાયણ ફિલ્મની સંપૂર્ણ ફી કેન્સરથી પીડિત બાળકો માટે દાન કરશે



મુંબઈ,

વિવેક ઓબેરોય ભારતીય સિનેમાની સૌથી અપેક્ષિત ફિલ્મોમાંની એક નિતેશ તિવારીની "રામાયણ" માં અભિનય કરવા માટે તૈયાર છે. રણબીર કપૂર, યશ અને સાઈ પલ્લવી અભિનીત, તે રાવણની બહેન શૂર્પનખાના પતિ વિદ્યુતજિહ્વાની ભૂમિકા ભજવશે. જોકે, વિવેક ઓબેરોય હવે ફક્ત તેની ફિલ્મ જ નહીં, પરંતુ તેની ઉદારતા માટે પણ સમાચારમાં છે. અભિનેતાના ઉમદા નિર્ણયે લોકોના દિલ જીતી લીધા છે. તેણે આ ફિલ્મ માટે તેની સંપૂર્ણ ફી કેન્સરથી પીડિત બાળકો માટે દાન કરવાનો નિર્ણય લીધો છે.

વિવેક ઓબેરોયે કહ્યું, "મેં નિર્માતા નમિત મલ્હોત્રાને કહ્યું હતું કે હું આ માટે એક પણ પૈસો લેવા માંગતો નથી. હું તેને એક એવા હેતુ માટે દાન કરવા માંગુ છું જેમાં હું વિશ્વાસ કરું છું. હું મારી સંપૂર્ણ ફી કેન્સરથી પીડિત બાળકોને દાન કરવા માંગુ છું." મેં તેમને કહ્યું કે હું તમને ટેકો આપવા માંગુ છું કારણ કે મને તમારું કામ ગમે છે અને મને લાગે છે કે તે ભારતીય સિનેમાને મોટા પાયે વૈશ્વિક સ્તરે લઈ જશે.

આ પ્રોજેક્ટ વિશે વાત કરતા, વિવેક ઓબેરોયે નિર્માતા નમિત મલ્હોત્રા અને દિગ્દર્શક નિતેશ તિવારીના વિઝનની પ્રશંસા કરી, 'રામાયણ'ને ભારતીય સિનેમા માટે એક વળાંક ગણાવ્યો. ઓબેરોયે ન્યૂઝ આઉટલેટને કહ્યું:

"નમિત અને નિતેશ જે કરી રહ્યા છે તે ખરેખર ભારતીય સિનેમાને વૈશ્વિક મંચ પર લઈ જઈ રહ્યા છે. રામાયણ એ હોલીવુડની સૌથી મોટી ફિલ્મોનો ભારતનો જવાબ હશે. તેઓ એક એવી કંપની સાથે કામ કરી રહ્યા છે જેણે વીએફએક્સમાં સાત કે આઠ ઓસ્કાર જીત્યા છે.

# દીપિકા પાદુકોણ હાલમાં પુત્રી દુઆની સંભાળ રાખવામાં વ્યસ્ત



મુંબઈ,

દીપિકા પાદુકોણે અને રણવીર સિંહ તેમના બીજા બાળકની અપેક્ષા રાખી રહ્યા છે. આ બોલિવૂડ સ્ટાર કપલે થોડા મહિના પહેલા ખૂબ જ ખાસ રીતે પોતાની બીજી ગર્ભાવસ્થાની જાહેરાત કરી હતી. દીપિકા આ દિવસોમાં લાઈમલાઈટથી દૂર છે. તે ભાગ્યે જ સોશિયલ મીડિયા પર પોસ્ટ શેર કરે છે, પરંતુ તાજેતરમાં, તેણીએ એક ઈન્સ્ટાગ્રામ સ્ટોરી દ્વારા તેની ગર્ભાવસ્થા વિશે અપડેટ આપ્યું. તેણીએ તેની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર એક વિડિઓ શેર કર્યો છે, જેમાં ખુલાસો થયો છે કે તેણી તેની ગર્ભાવસ્થા દરમિયાન પણ ઘણી ઉથલપાથલનો અનુભવ કરી રહી છે.

દીપિકા પાદુકોણે તેની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર ફરીથી પોસ્ટ કરેલી રીલ દર્શાવે છે કે તે ગર્ભાવસ્થા દરમિયાન પણ તેની પુત્રી દુઆની સંભાળ રાખવામાં પોતાનો બધો સમય વિતાવી રહી છે. વીડિયોમાં, એક ગર્ભવતી મહિલા તેના બાળકને ઉછેરતી જોઈ શકાય છે. કેપ્શનમાં લખ્યું છે, "ગર્ભાવસ્થા દરમિયાન ૨૦ પાઉન્ડથી વધુ વજન ન ઉપાડો, જ્યારે હું આ સમગ્ર ગર્ભાવસ્થા દરમિયાન આવું કરી રહી છું..."દીપિકા પાદુકોણે અને રણવીર સિંહે સપ્ટેમ્બર ૨૦૨૪ માં તેમની પુત્રી દુઆનું વિશ્વમાં સ્વાગત કર્યું અને આ વર્ષના એપ્રિલમાં તેમની બીજી ગર્ભાવસ્થાની જાહેરાત કરી. તેઓએ ગર્ભાવસ્થા કીટ પકડીને તેમની પુત્રી દુઆનો એક સુંદર ફોટો શેર કર્યો. આ સુંદર ફોટા સાથે, દીપિકા અને રણવીરે જાહેરાત કરી કે તેઓ ટૂંક સમયમાં તેમના બીજા બાળકનું વિશ્વમાં સ્વાગત કરશે. આ પોસ્ટ પછી, દંપતીને દરેક ક્ષેત્રેથી અભિનંદન મળ્યા. ટિપ્પણી વિભાગમાં, દંપતીના ફોલોઅર્સથી લઈને સેલિબ્રિટી સુધીના બધાએ પ્રતિક્રિયા આપી અને આ સારા સમાચાર માટે તેમને અભિનંદન આપ્યા.

દીપિકા પાદુકોણના કાર્યક્ષેત્ર પર, તેની પાસે બે મોટા પ્રોજેક્ટ્સ છે. એક શાહરૂખ ખાન અને સુહાના ખાન સાથે "કિંગ" અને બીજો અલ્લુ અર્જુન સાથે "રાકા" છે.

## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| શિ | ર | ર | કા | ર | કા | બિ | દ | સા | લ | સ | હા |
| ક્ષ | શિ | મા | બં | મા | ક | ળો | દ | ધ | વિ | ર | બા |
| ક | ચી | શ | ડી | ઇ | ઐ | બં | ર | દ | બં | ઈ | એ |
| બ | શ | પ્ર | દ | ણે | ળ | ભો | ર | ધ | સા | વિ | વિ |
| શિ | ક્ષ | ણ | ક | સા | અં | મો | ર | ઉ | ઈ | ચા | મા |
| ર | દ | અં | ળ | ન | ભો | ખ | લ | ર | ર | એ | જ્ઞા |
| સ | ર | વા | ળો | અ | દ | ર | ણ | ણા | ભા | ણિ | મા |
| ગ | બં | લી | અં | કા | ઇ | ડી | ક | ગી | ળ | ભો | મા |
| સા | ણ | તુ | લ | ક્ષ | ક | ર | મ | પ્રા | કા | ક | હિ |
| બા | ર | સા | ખ | ર | બ | ણા | મા | ઉ | વિ | સા | વિ |
| લી | બં | મા | તુ | બા | ઔ | કા | લા | ર | કા | જ્ઞા | ગ |
| કા | ધ | સા | ર | ણ | કા | ર | ળ | ગ | ન | ગં | ર |

શબ્દ શોધો: મોભો, રણકાર, બારસાખ, વિચારણા, વિજ્ઞાન, શિક્ષક, શિક્ષણ, સરવાળો, સાલસ, હારબંધ

# શગુન શર્માએ ગૌરવ ખન્ના પર ટીવી સુપરસ્ટારને ગુંડા કહેવાનો આરોપ લગાવ્યો

મુંબઈ,

ટીવી અભિનેતા ગૌરવ ખન્ના છેલ્લા કેટલાક મહિનાઓથી સમાચારમાં છે. "બિગ બોસ ૧૯" ટ્રોફી જીત્યા પછી, ગૌરવ હવે બીજા રિયાલિટી શોમાં દેખાવા માટે તૈયાર છે. ગૌરવ સ્ટંટ-આધારિત રિયાલિટી શો "ખતરોં કે ખિલાડી ૧૫" માં દેખાશે, જે પહેલી વાર નવા સ્પર્ધકો સાથે હાજર રહેશે. આ શો હજુ શરૂ પણ થયો નથી, અને વિવાદ પહેલાથી જ શરૂ થઈ ગયો છે. દરમિયાન, શોના એક સ્પર્ધક શગુન શર્માએ ગૌરવ ખન્ના પર ગુંડાગીરી કરવાનો આરોપ લગાવ્યો છે. શગુન કહે છે કે "ખતરોં કે ખિલાડી ૧૫" દરમિયાન, ગૌરવ તેની સાથે ખૂબ જ અસંસ્કારી વર્તન કરતો હતો અને સતત ગુંડાગીરી કરતો હતો.



શગુન શર્માએ ફિલ્મજ્ઞાન સાથેની વાતચીતમાં ગૌરવ ખન્ના સાથે કામ કરવા અંગે ટિપ્પણી કરી. આ ઘટના વિશે બોલતા, "ક્યોંકી સાસ ભી કભી બહુ થી ૨" અભિનેત્રીએ કહ્યું, "ગૌરવ ખન્ના એક એવો વ્યક્તિ છે જેણે મને ખૂબ હેરાન અને ગુંડાગીરી કરી છે. મને લાગે છે કે તે એવી વ્યક્તિ છે જેને હું ફરી ક્યારેય મળવા માંગતી નથી." દરમિયાન, શગુનને પૂછવામાં આવ્યું કે સેટ પર એવું શું થયું જેના કારણે તેણીએ ગૌરવ ખન્ના વિશે આવું કહ્યું. જવાબમાં, તેણીએ કહ્યું, "જો કોઈ સ્ટંટ હોત અને પાંચમાંથી ચાર સ્પર્ધકો નિષ્ફળ ગયા હોત, તો તે ફક્ત મને જ નિશાન બનાવત. તે કહેત કે શગુન કંઈ નથી. તેણે ખૂબ જ ખરાબ વાતો કહી હતી."

શગુન શર્માએ આગળ કહ્યું, "હું માનું છું કે લોકો વાસ્તવિક જીવનમાં બદલાય છે. તેથી, હું એમ નહીં કહું કે કદાચ તે વાસ્તવિક જીવનમાં પણ એવો જ છે જેવો તે ત્યાં વર્તે છે." શગુન શર્માના નિવેદન પછી, નેટીઝન્સ હવે બે જૂથોમાં વહેંચાઈ ગયા છે. જ્યારે કેટલાક લોકોએ શગુન શર્માને ટેકો આપતા કહ્યું કે તેણે "બિગ બોસ ૧૯" દરમિયાન સમાન વ્યક્તિત્વ દર્શાવ્યું હતું, ત્યારે અન્ય લોકોએ ગૌરવ ખન્નાને ટેકો આપતા કહ્યું કે તેઓ આશ્ચર્યચકિત થયા કે આટલા બધા લોકો અચાનક ગૌરવ વિરુદ્ધ કેમ બોલવા લાગ્યા છે.

બીજી બાજુ, ગૌરવ ખન્નાનું અંગત જીવન પણ સતત સમાચારમાં રહે છે. અભિનેતાની પત્ની અને અભિનેત્રી, આકાંક્ષા ચમોલા, હાલમાં રિયાલિટી શો "લોકઅપ ૨" માં દેખાઈ રહી છે, જ્યાં તેણીએ ખુલાસો કર્યો કે તે અને ગૌરવ એક વર્ષથી અલગ છે અને છૂટાછેડા લેવાના છે. તેણીએ પાછળથી ખુલાસો કર્યો કે તે બાયસેક્સ્યુઅલ છે અને તાજેતરમાં તેણી તેના એક રહસ્ય વિશે ચિંતિત દેખાઈ હતી. આકાંક્ષાએ કહ્યું કે જો તેણીનું ત્રીજું રહસ્ય જાહેર થશે, તો તેણી અને ગૌરવ ખન્ના જાહેરમાં લિંચિંગનો સામનો કરી શકે છે, અને તેમના પરિવારો તેમને ટેકો આપશે નહીં. ગૌરવ ખન્નાએ તાજેતરમાં જ શોમાં ભાગ લીધો હતો, પરંતુ આકાંક્ષા તેની એન્ટ્રીથી નાખુશ હતી, જેનો તેણીએ પછીથી ખુલાસો કર્યો.

# મહાપાલિકા દ્વારા કડક વસુલાત ઝુંબેશ: કરોડોની આવક, કુંભારવાડામાં ૪૦૦ મિલકતના પાણીના કનેક્શન કાપયા

## બાકીદારો સામે સીલિંગ અને જપ્તીના પગલાંથી ફફડાટ; સરકારી કચેરીઓના બાકી વેરા પ્રત્યે બેધારી નીતિ સામે પ્રજામાં ભારે રોષ

ભાવનગર,તા.૪

ભાવનગર મહાનગરપાલિકા દ્વારા નાણાંકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે મિલકત વેરા વસૂલાતની ઝુંબેશ અત્યારથી જ કડક બનાવી દેવામાં આવી છે. સોમવારના રોજ એક જ દિવસમાં ૨૬૨ કરદાતાઓ દ્વારા કુલ ૨૫ લાખનો મિલકત વેરો ભરપાઈ કરવામાં આવ્યો હતો. આ સાથે જ ચાલુ નાણાંકીય વર્ષમાં કાર્પેટ એરિયા કર પદ્ધતિ હેઠળ મનપાની કુલ આવક રૂ. ૧૩૩.૫૮ કરોડ સુધી પહોંચી ગઈ છે. બીજી તરફ, બાકીદારો સામે તંત્ર દ્વારા લાલ આંખ કરવામાં આવી રહી છે. મનપાના ઘરવેરા વિભાગે ચાલુ વર્ષે વેરો ન ભરનાર કુલ ૨૫૦ મિલકતોને ટાંચમાં લીધી છે. આ ઉપરાંત, શહેરના નારી રોડ અને કુંભારવાડા સ્થિત ખાતરવાડી વિસ્તારમાં ૪૦૦ જેટલી રહેણાંકીય મિલકતોના બાકીદારોના પાણી પુરવઠા કનેક્શન કાપી નાખવામાં આવ્યા છે. તંત્રની આ આકરા પગલાંની નીતિથી બાકીદારોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. અધિકારીઓના જણાવ્યા મુજબ, આગામી દિવસોમાં પણ આ કાર્યવાહી ચાલુ રહેશે અને વેરો ન ભરનારની મિલકતો સીલ કરવામાં આવશે. જોકે, મનપાની આ કામગીરી સામે સ્થાનિક લોકોમાં ભારે વિરોધ પણ જોવા મળી રહ્યો છે. પ્રજાનો આરોપ છે કે સામાન્ય અને નાના બાકીદારો સામે કોર્પોરેશન કડક કાયદાનો ડંડો ઉગામે છે, પરંતુ વિવિધ સરકારી કચેરીઓનો કરોડો રૂપિયાનો વેરો બાકી હોવા છતાં તેમની સામે કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવતી નથી. મહાનગરપાલિકાની આ બેધારી નીતિ સામે લોકોમાં તીવ્ર ટીકાઓ થઈ રહી છે, જ્યારે ભાજપના શાસકો આ મામલે મૌન સેવી રહ્યા હોવાથી રોષ જોવા મળી રહ્યો છે.

# મસ્તરામબાપાની ૩૭મી પુણ્યતિથિની ભાવભેર ઉજવણી





તસવીર : ધવલ વાજા

શહેરના ચિત્રામાં આવેલ મસ્તરામબાપા મંદિર ખાતે મસ્તરામબાપુ સંસ્થાન સેવા ટ્રસ્ટ ચિત્રા, ભાવનગર દ્વારા પરમ પૂજ્ય સંત મસ્તરામબાપુની ૩૭મી પુણ્યતિથિની આજે સોમવારના રોજ ધામધૂમથી ઉજવવામાં આવેલ. ભાવનગર શહેરને સંતની ભૂમિ તરીકે ઓળખવામાં આવે છે. ત્યારે ભાવનગરમાં શહેરમાં પ્રવેશ કરતા પ્રથમ મોજે મસ્તરામબાપાનું મંદિરનું સ્થાનક આવે છે. અને ભાવિકો શહેરમાં આશીર્વાદ સાથે પ્રવેશ કરે છે. આ પ્રસંગે ગુરુપૂજન, પ્રસાદ વિતરણ કરવામાં આવ્યુ હતું.

# ભાવનગરમાં વિપ્ર ભાઈઓ માટે જ્યોતિષ વિદ્યા શીખવાનો નિઃશુલ્ક વર્ગ શરૂ થશે

ભાવનગર,તા.૪

ભાવનગર શહેરમાં વિપ્ર ભાઈઓ માટે પાયાથી જ્યોતિષ વિદ્યા શીખવાનો એક મોટો અવસર શરૂ થઈ રહ્યો છે. આ નિઃશુલ્ક વર્ગનો પ્રારંભ આજે ૪ ઓગસ્ટ ૨૦૨૬, મંગળવાર રાત્રિથી થશે.

આ વર્ગો દર મંગળવાર અને બુધવારે રાત્રે ૮ થી ૯ વાગ્યા દરમિયાન યોજાશે. જ્યોતિષ શીખવા માટેનું સ્થળ શ્રી રંગ ભુવન, પ્રજાપતિ બ્રહ્માકુમારી વિશ્વવિદ્યાલય પાસે, સરદારનગર સર્કલ, ભરતનગર રોડ, ભાવનગર નક્કી કરવામાં આવ્યું છે. આ અભ્યાસ વર્ગ સંપૂર્ણપણે નિઃશુલ્ક રહેશે, જેમાં વિદ્યાર્થીઓની નિયમિતતા અનિવાર્ય છે.

શિક્ષણ આપનાર ગુરુ તરીકે જાણીતા જ્યોતિષાચાર્ય ડૉ. પ્રણવભાઈ રાજ્યગુરુ સેવા આપશે. તેઓ જ્યોતિષ વિષયમાં પી.એચ.ડી. ધરાવે છે અને વર્ષ ૨૦૦૨ થી આ ક્ષેત્રમાં કાર્યરત છે. અગાઉ તેઓ સરકારશ્રીના પાઠ્યપુસ્તકોમાં કન્વીનર અને લેખક તરીકે પણ સેવા આપી ચૂક્યા છે. નામ નોંધણી માટે શ્રી રંગ ભુવન કાર્યાલયનો સંપર્ક કરવાનો રહેશે અથવા ડૉ. પ્રણવભાઈના ૭૦૧૬૩૭૩૯૪૧ નંબર પર મેસેજ મોકલી શકાશે. પંજીકરણ કરનાર તમામ સભ્યોને વોટ્સએપ ગ્રુપમાં જોડવામાં આવશે.

# વ્હાલી દીકરી યોજનાના લાભોનું વિતરણ, શિક્ષણ અને રમત-ગમત ક્ષેત્રે ઉત્કૃષ્ટ દીકરીઓનું સન્માન



ભાવનગર,તા.૪

ભાવનગર જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રીની કચેરી દ્વારા નારી વંદન ઉત્સવ સપ્તાહ અંતર્ગત શ્રી વિધા વિહાર માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા, દેસાઈનગર ખાતે 'બેટી બચાવો, બેટી પઢાવો' યોજના અંતર્ગત જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો.

કાર્યક્રમ દરમિયાન નારી વંદન ઉત્સવના મહત્વ, વ્હાલી દીકરી યોજના, બેટી બચાવો-બેટી પઢાવો યોજના, પોક્સો અધિનિયમ, ગુડ ટચ-બેડ ટચ, ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇન, ૧૦૯૮ ચાઈલ્ડ હેલ્પલાઈન, સખી વન સ્ટોપ સેન્ટર તેમજ મહિલા સ્વાવલંબન અને કિશોરીઓના આરોગ્ય અંગે સરળ ભાષામાં માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે મહાનુભાવોના હસ્તે બે લાભાર્થીઓને વ્હાલી દીકરી યોજનાના મંજૂરી હુકમો અને દીકરી વધામણા કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત શિક્ષણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર ૬ અને રાજ્ય કક્ષાની રમત-ગમતમાં સિદ્ધિ મેળવનાર ૪ દીકરીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં જિલ્લા મહિલા અને બાળ અધિકારી આર. કે. જાખણીયા, શાળાના આચાર્ય છગનભાઈ જાંબુચા, વિવિધ વિભાગોના અધિકારીઓ, શિક્ષકો અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીનીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

# ભાવનગર ગ્રામ્ય પોલીસે રૂ. ૪૬.૭૭ લાખથી વધુનો મુદ્દામાલ મૂળ માલિકોને પરત સોંપ્યો

## સાયબર ફ્રોડની રોકડ, ચોરાયેલા સોના-ચાંદીના દાગીના અને વાહનો સોંપાયા

ભાવનગર,તા.૪

ભાવનગર ગ્રામ્ય વિભાગના મદદનીશ પોલીસ અધિક્ષક ઘનશ્યામ ગૌતમના માર્ગદર્શન હેઠળ વરતેજ રંગોલી ચોકડી સ્થિત ત્રિમંદિર ખાતે તેરા તુઝકો અર્પણ અંતર્ગત ભાવનગર ગ્રામ્ય પોલીસે રૂ. ૪૬.૭૭ લાખથી વધુનો મુદ્દામાલ મૂળ માલિકોને પરત સોંપ્યો હતો.

વરતેજ, વેળાવદર ભાલ, ઘોઘા અને સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનેલા સાયબર ફ્રોડ, ચોરી, છેતરપિંડી અને ગુમ થયેલા કેસોમાંથી કબ્જે કરાયેલો કુલ રૂ. ૪૬,૭૭,૭૭૪ નો મુદ્દામાલ તેના મૂળ માલિકોને સુપ્રત કરવામાં આવ્યો હતો.જેમાં સાયબર ફ્રોડ અને છેતરપિંડીના ?૩૮.૫૨ લાખથી વધુ રોકડા, ચોરીમાં ગયેલારૂ ૧.૦૬ લાખના સોના-ચાંદીના દાગીના તથા રોકડ, રૂ. ૩૧,૪૯૯ ની કિંમતના ૩ મોબાઈલ ફોન અને રૂ. ૫૦,૦૦૦ નું એક મોટરસાયકલ સમાવિષ્ટ છે.

પોલીસ સ્ટેશન વાઈઝ કામગીરી જોઈએ તો, વરતેજ પોલીસ સ્ટેશન દ્વારા ?૮.૭૨ લાખ, ઘોઘા પોલીસ સ્ટેશન દ્વારા રૂ.૧.૯૩ લાખ, વેળાવદર ભાલ પોલીસ સ્ટેશન દ્વારા ?૬.૧૫ લાખ અને સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન દ્વારા ?૨૯.૯૫ લાખથી વધુનો મુદ્દામાલ રિકવર કરીને માલિકોને પરત કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે પોલીસ અધિકારીઓ અને લાભાર્થી નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# હોમિયોપેથીક મેડિકલ કોલેજના રી-યુનિયન કાર્યક્રમમાં મહુવાના તબીબનું કરાયું સન્માન



ભાવનગર,તા.૪

અમદાવાદ હોમિયોપેથિક મેડિકલ કોલેજના વર્ષ ૧૯૯૭-૨૦૦૨ના વિદ્યાર્થીઓનું વાર્ષિક રી-યુનિયન યોજાયું હતું. જેમાં પૂર્વ વિદ્યાર્થીઓ વર્ષો બાદ કોલેજ કેમ્પસમાં પહોંચ્યા હતા અને જીવનના મહત્ત્વપૂર્ણ તબક્કાને આકાર આપનારા સંસ્મરણો, અનુભવો અને કોલેજના દિવસોને તાજા કર્યા હતા. આ રિ-યુનિયન કાર્યક્રમમાં મહુવાના તબીબ અને મહાત્મા ગાંધી આરોગ્ય મંદિર રાજુલાના સુપ્રિટેન્ડન્ટ કમલેશ જોશીનું ગરીબ અને જરૂરમંદ દર્દીઓની સેવાની ઉત્કૃષ્ટ કામગીરી માટે સન્માન કરવામાં આવ્યું હતું.

# સિહોરમાં તમાકુ નિયંત્રણ સ્ક્વોર્ડનો સપાટો, ૧૪ દુકાનદારોને રોકડ દંડ



તસવીર : કૌશિક વ્યાસ

સિહોર,તા.૪

ભાવનગર જિલ્લા ડિસ્ટ્રીક્ટ નોડલ ઓફિસરઅને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીની સુચના અને માર્ગદર્શન હેઠળ સિહોર શહેર ખાતે તમાકુ નિયંત્રણ અધિનિયમ સ્ક્વોડ દ્વારા સરપ્રાઈઝ ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું, જેમાં સિહોર તાલુકા હેલ્થ ઓફિસર ડૉ આશિયા હુનાણીની અધ્યક્ષતામાં બિન અધિકૃત રીતે તમાકુના વેચાણ અને COTPA-2003 અધિનિયમનું ચુસ્તપણે અમલીકરણની કામગીરી હાથ ધરવામાં આવેલ,

સ્ક્વોર્ડ દ્વારા તમાકુ અને તમાકુની બનાવટોના જથ્થાબંધ અને છૂટક વેચાણ કરતા સ્થળો, પાન મસાલાની દુકાનો પર અને જાહેર સ્થળો બસ સ્ટેન્ડ પર સરપ્રાઈઝ ચેકીંગ હાથ ધરીને કુલ ૧૪ જગ્યાએ COTPA-2003 અધિનિયમના ભંગ બદલ રૂપીયા ૧૭૦૦/- નો દંડ કરીને પાવતી આપીને જમા લેવામાં આવેલ.

# સઘન સર્વેલન્સમાં ૧.૩૬ લાખથી વધુ ઘરોની તપાસનો કરાયો દાવો

## ૨૮૬ ટીમો દ્વારા ૪.૭૪ લાખની વસ્તી કવર કરાઈ; મચ્છરોના પોરા મળેલા ૧,૧૦૦થી વધુ ઉત્પત્તિ સ્થાનોનો કરાયો નાશ

ભાવનગર,તા.૪

ભાવનગર મહાપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા શહેરમાં વાહકજન્ય રોગોના નિયંત્રણ માટે મિશન મોડમાં સઘન સર્વેલન્સ હાથ ધરવામાં આવ્યું છે. સમગ્ર શહેરને આવરી લેતા ખાસ આયોજન હેઠળ ગત અઠવાડિયા દરમિયાન આરોગ્ય વિભાગની ૨૮૬ ટીમો અને ૫૪ સુપરવાઈઝરોએ ઘેર-ઘેર ફરીને બૃહદ ઝુંબેશ ચલાવી હતી. આ સર્વેલન્સ દરમિયાન કુલ ૧,૩૬,૦૭૫ ઘરોની મુલાકાત લઈને ૪,૭૪,૭૭૭ વસ્તીને કવર કરવામાં આવી હતી. જેમાં ૫૨૬ ઘરોમાંથી મચ્છરોના પોરા મળી આવ્યા હતા. ટીમો દ્વારા ૪,૩૭,૨૩૪થી વધુ પાત્રો ચકાસવામાં આવ્યા હતા, જેમાંથી ૬૨૫ પાત્રોમાં પોરા જણાતાં તેનો તાત્કાલિક નાશ કરવામાં આવ્યો હતો. આ કામગીરી અંતર્ગત ઘરોની અંદર ૧,૧૬૯ અને ઘરોની બહાર ૧,૧૭૦ મળીને કુલ ૨,૩૩૯ મચ્છર ઉત્પત્તિ સ્થાનોનો નાશ કરાયો હતો તથા ૨૫૮ બહારના સ્થળોને ઓઈલથી ટ્રીટ કરવામાં આવ્યા હતા. ઉપરાંત, સર્વે દરમિયાન ૧,૭૧૭ લોહીના નમૂના લઈ મેલેરિયા પરીક્ષણ કરવામાં આવ્યું હતું, જેમાં એકપણ કેસ પોઝિટિવ મળી આવ્યો નથી. કન્સ્ટ્રક્શન સાઈટ, શાળા અને આંગણવાડીઓ મળીને ૩૬ સ્થળોની તપાસ કરાતાં ૧ સ્થળેથી પોરા મળી આવ્યા હતા. આ કામગીરી સાથે આરોગ્ય ટીમો દ્વારા લોકોને વાહકજન્ય રોગોના લક્ષણો, બચાવના ઉપાયો અને નજીકના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનો સંપર્ક કરવા અંગે જાગૃતિ પણ પૂરી પાડવામાં આવી હતી.

# સોનગઢ સ્ટેશન પર પોરબંદર અને વેરાવળ ટ્રેનને મળ્યું સ્ટોપેજ

## કેન્દ્રીય મંત્રી નિમુબેન બાંભણિયાના પ્રયાસોથી બે ટ્રેનની સુવિધાનો મળશે લાભ

ભાવનગર,તા.૪

ભાવનગર લોકસભા સાંસદ તથા ભારત સરકારના ઉપભોક્તા બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ રાજયમંત્રી નિમુબેન જયંતિભાઈ બાંભણિયાના પ્રયત્નોથી રેલવે બોર્ડ દ્વારા જાળિયા સ્ટેશન પર ટ્રેન નં. ૫૯૫૫૭/૫૯૫૬૦ પોરબંદર–ભાવનગર–પોરબંદર પેસેન્જર અને ટ્રેન નં. ૫૯૫૫૮/૫૯૫૫૯ ભાવનગર–વેરાવળ–ભાવનગર પેસેન્જર તેમજ સોનગઢ (SGD) સ્ટેશન પર ટ્રેન નં. ૫૯૫૫૭/૫૯૫૬૦ પોરબંદર–ભાવનગર–પોરબંદર પેસેન્જરના પ્રાયોગિક ઠેરાવને મંજૂરી આપવામાં આવી છે.

તા. ૦૧ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ સોનગઢ રેલવે સ્ટેશન પર આયોજિત એક ઔપચારિક સમારોહ દરમિયાન આ ઠેરાવનો પ્રારંભ કરવામાં આવ્યો. આ અવસરે જનપ્રતિનિધિઓએ સોનગઢ રેલવે સ્ટેશન પર હાજર રહી ટ્રેન નં. ૫૯૫૫૭ પોરબંદર–ભાવનગર પેસેન્જરને લીલી ઝંડી બતાવી જાળિયા અને સોનગઢ સ્ટેશનો પર બે જોડી પેસેન્જર ટ્રેનોના પ્રાયોગિક ઠેરાવનો શુભારંભ કરાવ્યો. મંડળ રેલ પ્રબંધક દિનેશ વર્માએ જણાવ્યું કે આ ટ્રેનોના પ્રાયોગિક ઠેરાવથી જાળિયા અને સોનગઢ વિસ્તારના મુસાફરોને મુસાફરીમાં વધુ સુવિધા મળશે. વધુ સારી રેલ કનેક્ટિવિટી ઉપલબ્ધ થતાં સ્થાનિક નાગરિકોના અવરજવર વધુ સરળ બનશે તેમજ વિસ્તારના સામાજિક અને આર્થિક વિકાસને પણ પ્રોત્સાહન મળશે.

પશ્ચિમ રેલવે મુસાફરોની જરૂરિયાતો અને જન અપેક્ષાઓને સર્વોચ્ચ પ્રાથમિકતા આપતાં રેલ સેવાઓના વિસ્તરણ, મુસાફર સુવિધાઓના ઉન્નતીકરણ તથા સુરક્ષિત, સરળ અને સુવિધાજનક મુસાફરી સુનિશ્ચિત કરવા માટે સતત પ્રયત્નશીલ છે.

# માંજલપુર વિધાનસભાની પેટાચૂંટણીની જીતને શહેર ભાજપે આવકારી

ભાવનગર,તા.૪

તાજેતરમાં વડોદરા જિલ્લાની માંજલપુર વિધાનસભા સીટમાં ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર સતયેન્દ્રભાઈ પટેલની જંગી જીત થતા ભાવનગર શહેર ભાજપ અધ્યક્ષ કુમારભાઈ શાહ, કેન્દ્રીય રાજય મંત્રી નિમુબેન બાંભણીયા, કેબિનેટ મંત્રી જીતુભાઈ વાઘાણી, ધારાસભ્ય સેજલબેન પંડ્યા, મેયર ઉષાબેન તલરેજા, મહામંત્રીઓ નરેન્દ્રસિંહ ગોહિલ, નિલેશભાઈ રાવલ અને મુકેશભાઈ ડાભી સહીત શહેર સંગઠન, સ્ટે. ચેરમેન કિશનભાઈ મહેતા સહીત મનપાના પદાધિકારીઓ અને નગરસેવકો, વરિષ્ટ આગેવાનો અને કાર્યકર્તાઓએ માંજલપુર વિધાનસભાની આ જીતને હર્ષોલ્લાસ સાથે આવકારી હતી.

# અવસાન નોંધ

**મો.ચા.રા.સ. બ્રાહ્મણ મરણ (અમદાવાદ)**

સ્વ . મોહનલાલ મગનલાલ રાજયગુરુ(વરતેજ) ના પૌત્ર ભીષ્મ આશિષભાઈ રાજયગુરુ (ઉં.વ. ૨૨), હાલ કેનેડાનો તા.૧૮/૭/૨૬ના રોજ કેનેડા મુકામે સ્વર્ગવાસ થયેલ છે.તેઓ આશિષભાઈ મોહનભાઈ રાજયગુરુ (AYLEN PHARMA, અમદાવાદ)તથા પૂર્વીબેનના પુત્ર તથા હિરના મોટા ભાઈ થાય. સ્વ. બાલાશંકરભાઈ (સોનગઢ), સ્વ. નટવરલાલભાઈ (ઠાડચ) તથા સ્વ. જટાશંકરભાઈ (વરતેજ)ના પૌત્ર.રાજુભાઈ ગોર(વરતેજ), ડો. તુષારભાઈ રાજયગુરુ (જીવન જ્યોત હોસ્પિટલ), નિખીલભાઈ રાજયગુરુ (ઠાડચ), નિકુંજભાઈ રાજયગુરુ (સુરત), ભદ્રેશભાઈ (સોનગઢ),વંદનાબેન નીરજભાઈ દવે, બિંદિયાબેન સુધીરભાઈ પંડ્યા(તળાજા), કંચનબેન પ્રવીણકુમાર ત્રિવેદી, સ્વ. હીનાબેન રાજેન્દ્રકુમાર, ચેતનાબેન શૈલેષકુમાર, ચંદુબેન , હંસાબેન ,નીતાબેન, પન્નાબેન, જાગૃતિબેન તથા નીલમબેન નીરજકુમાર દવે(બોટાદ)ના ભત્રીજા થાય. નેન્સી અને વિદિશા સચિનના નાના ભાઈ,હર્ષિલ, સાર્થક, હારિત, હિત્વા,જિયાંશીના મોટા ભાઈ થાય.તથા આયુષ દવે,વત્સલ પંડ્યા,જાનવી દવેના મામાના દિકરા થાય. મોસાળ પક્ષે સ્વ. નવીનચંદ્ર ઈશ્વરલાલ ત્રિવેદી (વાલવોડવાળા) તથા મધુબેન ત્રિવેદીના દોહિત્ર તેમજ સંજયભાઈ ત્રિવેદી (યુ.એસ.એ.) અને હેતલબેન ઉપાધ્યાય (છોટાઉદેપુર), ત્રિવેદી યોગેશભાઈ, ત્રિવેદી પ્રદીપભાઈ (પ્રિન્સિપાલ,ઘરશાળા), ત્રિવેદી નિખિલભાઈ તથા ત્રિવેદી રચિત (કેનેડા) ના ભાણેજ તેમજ હર્ષદભાઈ રાજયગુરુ (શિહોર)ના ભાણેજના દીકરા થાય.તેઓની સંયુક્ત સાદડી તા. ૬/૮/૨૬ ને ગુરુવારના રોજ, બપોરના ૪થી ૬ દરમ્યાન છાપરું હોલ,ઘોઘા સર્કલ, ભાવનગર ખાતે રાખેલ છે.નોંધઃસદગતની અંતિમવિધિ ધાર્મિક સ્થળે રાખેલ છે.

# તરણેતર મેળો પશુ હરીફાઈમાં પશુપાલકો ભાગ લઈ શકશે

ભાવનગર,તા.૧

ભાવનગર જિલ્લામાંથી ગીર ગાય, ગીર સાંઢ, ગીર વોડકી, જાફરાબાદી ભેંસ, જાફરાબાદી પાડો, જાફરાબાદી ખડાઈ જેવા પશુઓને પ્રદર્શનમાં લઈ જવા ઈચ્છુક પશુપાલકોને નજીકના તાલુકા પશુ દવાખાને દિન-૩ માં સંપર્ક કરવા નાયબ પશુપાલન નિયામક જિલ્લા પંચાયત ભાવનગર દ્વારા જણાવાયું છે.

જિલ્લા બાળ સુરક્ષા એકમ
ટી-૧૬, ત્રીજો માળ, બહુમાળી ભવન, એસ.ટી.સ્ટેન્ડ પાસે, ભાવનગર
ફોન નંબર: ૦૨૭૮ - ૨૪૨૨૦૭૨ E-Mail: dcpu-gscps-bhv@gujarat.gov.in

મોડલ ફોસ્ટર કેર ગાઈડલાઈન - ૨૦૨૪

કાળજી અને રક્ષણની જરૂરીયાત ધરાવતા બાળકો જેવા કે અનાથ, ઘર વિનાના, કોઇ કુદરતી કે માનવસર્જિત આપત્તિઓનો ભોગ બનેલા, બાળ મજુરી કે બાળ લગ્નનો ભોગ બનેલા, તસ્કરી કરાયેલ, એચ.આઇ.વી. એઇડ્સ થી અસરગ્રસ્ત, ગૂમ થયેલ કે મળી આવેલ બાળક, દિવ્યાંગ બાળક, બાળ-ભિક્ષુક, દુર્વ્યવહાર કે શોષિત થયેલ બાળક, માતા-પિતા ગંભીર રીતે બિમાર હોય અને બાળકની સાર-સંભાળ રાખવા અસમર્થ હોય તેવા ૬ થી ૧૮ વર્ષ વયજુથ સુધીના બાળકો જે સમુદાયમાં રહેતા હોય અથવા બે વર્ષથી વધુ સમયથી બાળ સંભાળ સંસ્થામાં રહેતા હોય અને દત્તક લેવા માટે કાયદેસર રીતે જાહેર કરવામાં ન આવ્યા હોય તેવા બાળકોને વૈકલ્પિક સંભાળના હેતુ માટે પાલક પરીવાર અથવા જુથ પાલક સંભાળમાં મુકવામાં આવે છે.

ઇચ્છુક પાલક પરીવાર અથવા જુથ પાલક સંભાળ માટે રસ ધરાવતા પરીવાર અથવા સંસ્થાએ ઉકત સરનામે રૂબરૂ સંપર્ક કરવા વિનંતી છે.

જિલ્લા બાળ સુરક્ષા અધિકારી
જિલ્લા બાળ સુરક્ષા એકમ
ભાવનગર

માહિતી-ભાવ-૪૯૩-૨૬

ઇ-ટેન્ડરીંગ જાહેર નિવિદા નં. ૦૬ સને ૨૦૨૬-૨૭
માર્ગ અને મકાન વિભાગ (વિદ્યુત)
ગુજરાત સરકાર

ગુજરાત રાજયના રાજયપાલશ્રી વતી કાર્યપાલક ઇજનેરશ્રી, વિદ્યુત મા. અને મ. વિભાગ, પી.ડબલ્યુ.ડી કેમ્પસ, પાનવાડી, ભાવનગર દ્વારા દ્વારા ૦૧ (એક) કામ માટે અંદાજીત કીંમત ૮૪.૫૬ લાખ માટે ટેન્ડર નોંધાયેલા વિદ્યુત ઇજારદારો પાસેથી માંગવામાં આવે છે.

ટેન્ડર દસ્તાવેજો વેબસાઇટ www.tender.nprocure.com ઉપર તા. ૦૪/૦૮/૨૦૨૬ થી જોવા મળશે અને તા. ૧૮/૦૮/૨૦૨૬ ના ૧૬:૦૦ કલાક સુધી ડાઉનલોડ, અપલોડ કરી શકાશે અને તા. ૧૮/૦૮/૨૦૨૬ ના રોજ ૧૬:૧૦ કલાકે પ્રાથમિક દસ્તાવેજો વિભાગીય કચેરીએ ખોલવામાં આવશે. વધારાની માહિતી અને ઓન-લાઇન ટેન્ડર ભરવા માટે ઉપર દર્શાવેલ વેબસાઇટ જોવી. હવે પછીના દરેક સુધારા ફક્ત ઓનલાઈન કરવામાં આવશે.

માહિતી-ભાવ-૪૯૫-૨૬

પાલિતાણાનગરપાલિકા - પાલિતાણા
જીલ્લો : ભાવનગર
ઓનલાઈન ઈ-ટેન્ડરીંગ (બીજો પ્રયત્ન)

આથી પાલિતાણા નગરપાલિકા, પાલિતાણા, જીલ્લોઃભાવનગરને સરકારશ્રી દ્વારા મંજુર થયેલ સને-૨૦૨૬/૨૭ વર્ષ માટે સરકારશ્રી દ્વારા મંજુર થયેલ તથા મળવાપાત્ર ગ્રાંટ/લોન તેમજ સ્વભંડોળ હેઠળ શહેરમાં ફક્ત રૂ.૫.૦૦ લાખની મર્યાદા સુધીના કામો વાર્ષિક રેઈટ કોન્ટ્રાકટથી અને સને-૨૦૨૬/૨૭ વર્ષની ચોમાસા દરમ્યાન નુકશાન પામેલ રસ્તાને મજબુતી કરણયોજનાઅંતર્ગત નીચે મુજબની વિગતે કામગીરી કરાવવા માટે ઓનલાઈન ટેન્ડર આમંત્રિત કરે છે. કામનું નામ:-અંતર્ગત જુદા-જુદા વિસ્તારમાં ટ્રી-મીક્સ સાથે સી.સી, આર.સી.સી. અને પેવિંગ બ્લોક રોડની કામગીરી આમ ઉપર મુજબની વિગતની કામગીરી કરાવવા માટે તા.૦૫/૦૮/૨૦૨૬થી ઓનલાઈન ઈ-ટેન્ડરીંગ ભાવપત્રક, વિગતવાર ટેન્ડર નોટિસ, બીડ દસ્તાવેજો, પ્રાઈસ બીડ વગેરે વેબસાઈટhttps://tender.nprocure.comઉપર ઉપલબ્ધ થશે અને ડાઉનલોડ થશે અને હવે પછીની તમામ આનુષાંગિક માહિતી,સૂચના અને સુધારા ઉપર જણાવેલ વેબસાઈટ પર મુકવામાં આવશે. પાલિતાણા નગરપાલિકા કોઈપણ કારણ દર્શાવ્યા વગર પ્રાપ્ત થયેલી કોઈપણ અથવા બધી ઓફરોને નકારવાનો અધિકાર અનામત રાખે છે.

| | |
|---|---|
| ડી. એન. હૂણ | કુલદીપભાઈ એ. મોરી |
| ચીફ ઓફિસર | કારોબારી સમિતિ ચેરમેન |
| નગરપાલિકા પાલિતાણા | નગરપાલિકા પાલિતાણા |
| વિરેન્દ્રસિંહજી ડી. સરવૈયા | સુલોચનાબેન જે. મકવાણા |
| ઉપપ્રમુખ | પ્રમુખ |
| નગરપાલિકા પાલિતાણા | નગરપાલિકા પાલિતાણા |

માહિતી-ભાવ-૪૯૧-૨૬

# યુ.એસના વોશિંગ્ટનમાં ૨૫૦,૦૦૦ એકરથી વધુ વિસ્તારમાં લાગેલી આગને કારણે મોટા પ્રમાણમાં લોકોનું સ્થળાંતર

વોશિંગ્ટન,

યુ.એસના વોશિંગ્ટન રાજ્યના પોણા દસ લાખ એકરથી વધુ વિસ્તારમાં લાગેલી આગને કારણે સ્પોકેન વિસ્તારમાં વ્યાપક સ્થળાંતર અને વીજળી ગુલ થઈ ગઈ છે, એમ રાજ્યના જાહેર જમીનોના કમિશનર ડેવ અપથેગ્રોવે વર્ચ્યુઅલ પ્રેસ કોન્ફરન્સ દરમિયાન જણાવ્યું હતું.

રાજ્યભરમાં લગભગ ૪,૦૦૦ લોકો એક ડઝનથી વધુ આગ સામે લડી રહ્યા હતા, એમ રાજ્યના જાહેર જમીનોના કમિશનર ડેવ અપથેગ્રોવે જણાવ્યું હતું.

ગવર્નર બોબ ફર્ગ્યુસને શનિવારે સવારે રાજ્યવ્યાપી કટોકટી અને બળી જવા પર પ્રતિબંધ જાહેર કર્યો હતો. અધિકારીઓએ જણાવ્યું હતું કે આગને લગતી કોઈ ઈજાઓ કે જાનહાનિ હજુ સુધી જાણીતી નથી.

પૂર્વીય વોશિંગ્ટનના લગભગ ૨૩૦,૦૦૦ રહેવાસીઓનું ઘર, સ્પોકેન, ઓલ્ડ ટ્રેલ્સ ફાયરનો સામનો કરી રહ્યું છે, જે વોશિંગ્ટન સ્ટેટ ફોરેસ્ટર જ્યોર્જ ગીસ્લરના જણાવ્યા અનુસાર ૩,૦૦૦ એકર પર સક્રિય છે અને ૪,૦૦૦ માળખાઓને જોખમમાં મૂકે છે.

મેયર લિસા બ્રાઉને જણાવ્યું હતું કે સ્પોકેનમાં કેટલીક મુખ્ય સુવિધાઓ ખાલી કરાવવામાં આવી



છે, જેમાં પાણી સુધારણા સુવિધાઓ, કચરો-ઊર્જા પ્લાન્ટ અને વેટરન્સ અફેર્સ ડિપાર્ટમેન્ટ હોસ્પિટલનો સમાવેશ થાય છે.

બપોરે ૩:૩૦ વાગ્યા સુધીમાં (૨૨૩૦ જીએમટી), સ્પોકેનમાં લગભગ ... અહેવાલ આપ્યો છે કે ૬૦,૦૦૦ લોકો વીજળી વિના હતા.

"આપણું રાજ્ય બહુવિધ આગ સાથે ખૂબ જ ગંભીર પરિસ્થિતિનો સામનો કરી રહ્યું છે," ફર્ગ્યુસને જણાવ્યું હતું કે, સમગ્ર સપ્તાહના અંતે ભારે પવન અને ઉચ્ચ તાપમાન આગ સામે લડવાનું વધુ પડકારજનક બનાવશે.

ઉનાળા માટે અત્યાર સુધી, વોશિંગ્ટન રાજ્યમાં લગભગ ૪૫૦,૦૦૦ એકર બળી ગયું છે, અપથેગ્રોવે જણાવ્યું હતું. "આ સામાન્ય નથી. ... સમગ્ર વોશિંગ્ટન રાજ્યમાં આપણે આગને ભડકતી જોઈ રહ્યા છીએ," તેમણે કહ્યું.

સ્પોકેનમાં લાગેલી આગ રાજ્યમાં પાંચ "મુખ્ય જટિલ આગ"માંથી એક છે, ગિસલરે જણાવ્યું હતું. તેમણે કહ્યું કે રાજ્યના ઉત્તરપૂર્વીય ભાગમાં આવેલી કૈસર કેન્યોન ફાયર, આશરે ૧૩૪,૦૦૦ એકરમાં ફેલાયેલી છે.

# યુસીસી કાયદાની માત્ર ભારતમાં જ નહીં પરંતુ પાકિસ્તાન - બાંગ્લાદેશમાં પણ જરૂર : તસ્લીમા

## બાંગ્લાદેશી લેખિકાના નિવેદનથી મૌલવીઓ અને મુસ્લિમ સંગઠનોમાં રોષ

કોલકાતા,

બે દાયકા પછી પશ્ચિમ બંગાળના કોલકાતા પરત ફરેલી બાંગ્લાદેશી લેખિકા તસ્લીમા નસરીનએ એક નિવેદન બહાર પાડ્યું છે જેનાથી મૌલવીઓ અને મુસ્લિમ સંગઠનો ગુસ્સે થયા છે. રવિવારે, તસ્લીમા નસરીને કોલકાતામાં બાંગ્લાદેશની પરિસ્થિતિનું વર્ણન કર્યું. નસરીને કહ્યું કે ભારતમાં યુસીસી લાગુ થવો જોઈએ અને બાંગ્લાદેશ અને પાકિસ્તાનમાં પણ આવા કાયદાની જરૂર છે. એ નોંધનીય છે કે બંગાળમાં સત્તા પરિવર્તન પછી હાલમાં સમાન નાગરિક સંહિતા પર કામ ચાલી રહ્યું છે. બાંગ્લાદેશી દેશનિકાલ કરાયેલ લેખિકા તસ્લીમા નસરીને કહ્યું કે મહિલાઓ સામેના ભેદભાવને સમાપ્ત કરવા માટે ભારતમાં સમાન નાગરિક સંહિતા યુસીસી લાગુ કરવી જરૂરી છે.

તસ્લીમાએ કહ્યું, "હું છેલ્લા ૪૦ વર્ષથી યુસીસી માટે લડી રહી છું. કોઈપણ સભ્ય દેશમાં તે ખૂબ જ જરૂરી છે. બાંગ્લાદેશ, પાકિસ્તાન અને ભારતમાં સમાન નાગરિક સંહિતાની જરૂર છે. બધા માટે સમાન કાયદા હોવા જોઈએ. મહિલાઓને ઘણા ભેદભાવનો સામનો કરવો પડે છે, અને યુસીસી આ ભેદભાવને નોંધપાત્ર રીતે દૂર કરી શકે છે." પશ્ચિમ બંગાળ સરકારે રાજ્ય માટે યુસીસીના ડ્રાફ્ટની સમીક્ષા કરવા માટે એક ઉચ્ચ-સ્તરીય સમિતિની રચના કર્યા પછી તસ્લીમાનું આ નિવેદન આવ્યું છે. બાંગ્લાદેશનો ઉલ્લેખ કરતા, તસ્લીમા (૬૩) એ કહ્યું કે સમાનતા એ સભ્યતાનો પાયો છે, પરંતુ ઘણી સ્ત્રીઓ હજુ પણ ભેદભાવનો સામનો કરે છે.

તસ્લીમાએ કહ્યું કે બાંગ્લાદેશમાં હિન્દુ મહિલાઓને સમાન અધિકારોનો અભાવ છે. તે તેના પિતાની મિલકતનો વારસો મેળવી શકતી નથી. જો હિન્દુ મહિલાઓ સ્વતંત્રતા અને સમાન અધિકાર ઈચ્છતી હોય, તો યુસીસી જરૂરી છે.

# ઈપીએસ-૯૫ હેઠળ ઓછામાં ઓછા માસિક ૭,૫૦૦ ની પેન્શનની માંગ વધુ તીવ બની

## પેન્શનરોનું ૫ ઓગસ્ટે દેશવ્યાપી વિરોધ પ્રદર્શનનું એલાન

નવીદિલ્હી,

કર્મચારીઓની ભવિષ્ય નિધિ સંગઠન (ઈપીએસ) પેન્શન યોજના ઈપીએસ-૯૫ હેઠળ આવરી લેવામાં આવેલા પેન્શનરોએ સોમવારે ૫ ઓગસ્ટે દેશવ્યાપી વિરોધ પ્રદર્શનનું આહ્વાન કર્યું છે જેમાં ઓછામાં ઓછા માસિક રૂ. ૭,૫૦૦ ની પેન્શનની માંગ કરવામાં આવી છે. હાલમાં, કર્મચારી પેન્શન યોજના હેઠળ લઘુત્તમ માસિક પેન્શન ફક્ત ૧,૦૦૦ છે, અને વર્તમાન સિસ્ટમ ૧ સપ્ટેમ્બર, ૨૦૧૪ થી અમલમાં છે.

ઈપીએસ-૯૫ રાષ્ટ્રીય સંઘર્ષ સમિતિએ કર્મચારી પેન્શન યોજના હેઠળ લઘુત્તમ માસિક પેન્શન ૭,૫૦૦ કરવા, મોંઘવારી ભથ્થું પૂરું પાડવા, પેન્શનરો અને તેમના જીવનસાથીઓને મફત તબીબી સંભાળ પૂરી પાડવા અને સુપ્રીમ કોર્ટના ચુકાદાઓ અનુસાર પાત્ર નિવૃત્ત કર્મચારીઓને ઉચ્ચ પેન્શન લાભો આપવાની માંગને સમર્થન આપવા માટે વિરોધ પ્રદર્શનનું આહ્વાન કર્યું છે.

રાષ્ટ્રીય સંઘર્ષ સમિતિના રાષ્ટ્રીય અધ્યક્ષ કમાન્ડર અશોક રાઉતે જણાવ્યું હતું કે પેન્શન પ્રણાલીમાં સુધારાની લાંબા સમયથી માંગ કરવામાં આવી રહી છે. ઈપીએસ-૯૫ હેઠળ આવરી લેવામાં આવતા હજારો પેન્શનરો ૫ ઓગસ્ટે દિલ્હીના જંતર-મંતર ખાતે વિરોધ પ્રદર્શન કરશે. સમિતિનું કહેવું છે કે ઘણા વર્ષોથી મેમોરેન્ડમ સબમિટ કરવા, શાંતિપૂર્ણ દેખાવો કરવા અને સરકારને અપીલ કરવા છતાં, આ મુદ્દા પર કોઈ સકારાત્મક નીતિગત નિર્ણય લેવામાં આવ્યો નથી.

# કોમનવેલ્થ ગેમ્સના વેઈટલિફ્ટિંગ મેડલ વિજેતાઓ કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયા દ્વારા રોકડ પુરસ્કારોથી સન્માનિત

## એથ્લેટ્સને શાળાઓ અને કોલેજોની મુલાકાત લઈને નવી પેઢીને પ્રેરણા આપવા અનુરોધ કર્યો

નવી દિલ્હી,

કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રી ડો. મનસુખ માંડવિયાએ સોમવારે ગ્લાસગોમાં ભારતના કોમનવેલ્થ ગેમ્સ ૨૦૨૬ ના વેઈટલિફ્ટિંગ મેડલ વિજેતાઓના ઐતિહાસિક પ્રદર્શનની પ્રશંસા કરતા તેઓનું સન્માન કર્યું હતું. ભારતીય વેઈટલિફ્ટર્સે ૧૧ જેટલી વજન કેટેગરીમાં સ્પર્ધા કરી હતી અને આઠ મેડલ — એક ગોલ્ડ, છ સિલ્વર અને એક બ્રોન્ઝ સાથે પરત ફર્યા હતા. ભારતીય ટુકડીએ અનેક કોમનવેલ્થ ગેમ્સ અને કોમનવેલ્થ રેકોર્ડ્સ નોંધાવ્યા હતા, જ્યારે કેટલાક એથ્લેટ્સે વ્યક્તિગત શ્રેષ્ઠ લિફ્ટ પણ પ્રાપ્ત કરી હતી.

મંત્રીશ્રીએ કોમનવેલ્થ ગેમ્સમાં તેમની ઉત્કૃષ્ટ સિદ્ધિઓની જાહેરાતમાં ગોલ્ડ મેડલ વિજેતાઓને ?૩૦ લાખ, સિલ્વર મેડલ વિજેતાઓને ?૨૦ લાખ અને બ્રોન્ઝ મેડલ વિજેતાઓને ?૧૦ લાખના રોકડ પુરસ્કારો અર્પણ કર્યા હતા, જ્યાં ભારતીય વેઈટલિફ્ટર્સે દેશના સૌથી મજબૂત અભિયાનોમાંનું એક આપ્યું હતું. લિફ્ટર્સને અભિનંદન આપતા ડો. માંડવિયાએ જણાવ્યું હતું કે સમગ્ર દેશે તેમની સિદ્ધિઓની ઉજવણી કરી છે. "સંસદમાં પણ જ્યારે પણ તમે મેડલ જીત્યા ત્યારે જાહેરાતો કરવામાં આવી હતી. તે ક્ષણોએ દરેક ભારતીયને ગૌરવ અપાવ્યું હતું," તેમણે કહ્યું. મંત્રીશ્રીએ દ્રોણાચાર્ય એવોર્ડ વિજેતા વિજય શર્મા સહિતના કોચને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી, જેઓ સોમવારે સન્માન સમારોહ દરમિયાન ઉપસ્થિત હતા, તેમણે ચેમ્પિયન બનાવવા માટે તેમની અપરિહાર્ય ભૂમિકા પર ભાર મૂક્યો હતો. "એથ્લેટની મુસાફરીમાં ગુરુની સૌથી મોટી ભૂમિકા હોય છે. ચેમ્પિયન બનાવવામાં કોચના યોગદાનથી મોટું કંઈ નથી," તેમણે ઉમેર્યું. ઓલમ્પિક સિલ્વર મેડલ વિજેતા મીરાબાઈ ચાનુએ સતત ત્રણ કોમનવેલ્થ ગેમ્સ ગોલ્ડ મેડલ જીતનાર પ્રથમ ભારતીય વેઈટલિફ્ટર બનીને ઈતિહાસ રચ્યો હતો, જ્યારે ઋષિકાંત સિંહ અને વલ્લુરી અજય બાબુએ સ્નેચમાં નવા કોમનવેલ્થ ગેમ્સ રેકોર્ડ બનાવ્યા હતા. જ્ઞાનેશ્વરી યાદવ અને હરજિંદર કૌર સહિતના કેટલાક લિફ્ટર્સે વ્યક્તિગત શ્રેષ્ઠ પ્રદર્શન નોંધાવ્યું હતું. સ્પર્ધા કરનાર ૧૧ વેઈટલિફ્ટર્સમાંથી છ ખેલો ઈન્ડિયા એથ્લેટ્સ (KIAs) છે. મેડલ વિજેતાઓમાં જ્ઞાનેશ્વરી ખેલો ઈન્ડિયા એથ્લેટ છે, જ્યારે બિંદિયારાની દેવી, હરજિંદર અને અન્ય લોકો પટિયાલામાં સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના નેશનલ સેન્ટર ઓફ એક્સેલન્સ (NCOE) ખાતે તાલીમ લે છે, જે ભારતના ગાસરૂટ અને ભદ્ર એથ્લેટ વિકાસ ઈકોસિસ્ટમની સફળતામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

# આરદી ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ નો ipo ૫ ઓગસ્ટ થી ખૂલશે




ઓફરની પ્રાઈસ બેન્ડ ઈક્વિટી શેરદીઠ રૂ ૫૦થી રૂ ૫૩ રાખવામાં આવી છે બિડ લઘુતમ ૨૮૧ ઈક્વિટી શેર અને પછી ૨૮૧ ઈક્વિટી શેરના ગુણાંકમાં કરી શકાશે.ઈશ્યુ ૫ ઓગસ્ટ એ ખુલશે અને ૭ઓગસ્ટ ના રોજ બંધ થશે.

# ભારતની સૌથી મોટી તાકાત ગણાતા યુવાનોએ રાષ્ટ્ર નિર્માણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે : મનોજ સિન્હા

## યુવાનોને રાષ્ટ્ર નિર્માણમાં સક્રિય ભૂમિકા ભજવવા અને ડ્રગ્સના દુરૂપયોગ જેવા સામાજિક દુષણોથી દૂર રહેવા હાંકલ કરી

શ્રીનગર,

જમ્મુ અને કાશ્મીરના લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હાએ કહ્યું કે ભારતની સૌથી મોટી તાકાત તેની યુવા વસ્તી છે, દેશની લગભગ ૬૫ ટકા વસ્તી ૩૫ વર્ષથી ઓછી ઉંમરની છે. તેમણે યુવાનોને રાષ્ટ્ર નિર્માણમાં સક્રિય ભૂમિકા ભજવવા અને ડ્રગ્સના દુરૂપયોગ જેવા સામાજિક દુષણોથી દૂર રહેવા હાકલ કરી.

'ડ્રગ-મુક્ત યુવા ફોર એ ડેવલપ્ડ ઈન્ડિયા સંકલ્પ અભિયાન' ના કેન્દ્રશાસિત પ્રદેશ-સ્તરના લોન્ચને સંબોધતા, લેફ્ટનન્ટ ગવર્નરે કહ્યું કે ૧૫ થી ૨૯ વર્ષની વયના આશરે ૩૭૦ મિલિયન યુવાનો દેશના વિકાસમાં યોગદાન આપવા આતુર છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ વર્ચ્યુઅલી આ ૧૦૦-અઠવાડિયાના રાષ્ટ્રવ્યાપી અભિયાનનો પ્રારંભ કર્યો.

મનોજ સિન્હાએ જણાવ્યું હતું કે આ અભિયાન યુવાનોને સ્વસ્થ જીવનશૈલી અપનાવવા, સકારાત્મક વિચારસરણી વિકસાવવા અને વિકસિત ભારતના નિર્માણમાં તેમની ભાગીદારી સુનિશ્ચિત કરવા માટે પ્રોત્સાહિત કરવાનો પ્રયાસ છે. તેમણે ભાર મૂક્યો હતો કે યુવાનોની ઉર્જા દેશના વિકાસને નવી દિશા આપી શકે છે. તેમણે જણાવ્યું હતું કે ૨૦૨૦ માં શરૂ કરાયેલ આ અભિયાન ફક્ત એક સરકારી કાર્યક્રમ નથી, પરંતુ ડ્રગના દુરુપયોગ સામે એક જન આંદોલન છે. દેશભરમાં આશરે ૧૦,૦૦૦ સ્થળોએ ૧૦ મિલિયનથી વધુ યુવાનોની ભાગીદારી એ વાતનો પુરાવો છે કે સમાજ ડ્રગના દુરુપયોગ સામે એક થઈને કામ કરી રહ્યો છે.

લેફ્ટનન્ટ ગવર્નરે જમ્મુ અને કાશ્મીરમાં ચલાવવામાં આવી રહેલા "ડ્રગ-મુક્ત જમ્મુ અને કાશ્મીર અભિયાન" ની સિદ્ધિઓ પર પણ પ્રકાશ પાડ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે ડ્રગ સંબંધિત કેસોમાં અત્યાર સુધીમાં આશરે ૨,૩૦૦ FIR નોંધવામાં આવી છે.

# ઉઝબેકિસ્તાનના વિદેશ મંત્રીએ રાષ્ટ્રપતિ સાથે મુલાકાત કરી

નવી દિલ્હી,

ઉઝબેકિસ્તાન ગણરાજ્યના વિદેશ મંત્રી મહામહિમ શ્રી સઈદોવ બખ્તિયાર ઓદિલોવિચે સોમવારે (૦૩ ઓગસ્ટ, ૨૦૨૬) ના રોજ રાષ્ટ્રપતિ ભવન ખાતે ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુ સાથે મુલાકાત કરી હતી. શ્રી ઓદિલોવિચ અને તેમના પ્રતિનિધિ મંડળનું રાષ્ટ્રપતિ ભવનમાં સ્વાગત કરતા રાષ્ટ્રપતિજીએ જણાવ્યું હતું કે ભારત અને ઉઝબેકિસ્તાન પ્રાચીન વેપાર માર્ગોમાં મૂળ ધરાવતા ઊંડા ઐતિહાસિક, સાંસ્કૃતિક અને સંસ્કૃતિ સંબંધિત સંબંધો ધરાવે છે. તેમણે રેખાંકિત કર્યું હતું કે સ્થાપત્ય, ભાષા, વાનગીઓ, સંગીત અને ધાર્મિક પરંપરાઓમાં વહેંચાયેલા વારસાએ દ્વિપક્ષીય ભાગીદારીને વધુ મજબૂત બનાવી છે. રાષ્ટ્રપતિજીએ જણાવ્યું હતું કે મુલાકાતે આવેલા ઉઝબેક પ્રતિનિધિ મંડળમાં ઉચ્ચ સ્તરીય નેતાઓની હાજરી અને આ મુલાકાતની સાથે સાથે ભારત-ઉઝબેકિસ્તાન બિઝનેસ ફોરમનું આયોજન બંને પક્ષોના વ્યવસાયોનો એકબીજાના બજારોમાં વધતા વિશ્વાસને દર્શાવે છે. તેમણે ખાણકામ ક્ષેત્રે, ખાસ કરીને રેર અર્થ મિનરલ્સ, કૃષિ, ફાર્માસ્યુટિકલ્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજીમાં ભારત અને ઉઝબેકિસ્તાન વચ્ચે સહયોગની અપાર સંભાવનાઓ પર પણ પ્રકાશ પાડ્યો હતો. રાષ્ટ્રપતિજીએ એ નોંધતા આનંદ વ્યક્ત કર્યો હતો કે ઉઝબેકિસ્તાનના ૩,૦૦૦ થી વધુ અધિકારીઓ, વ્યાવસાયિકો અને વિદ્યાર્થીઓએ અમારા આઈટીઈસી (ITEC) તાલીમ અભ્યાસક્રમો અને અન્ય શિષ્યવૃત્તિ કાર્યક્રમોનો લાભ લીધો છે.

# હમાસની હથિયારો છોડવાની નહીં, ગાઝામાં ફરીથી પગપેસારો કરવાની તૈયારી : નેતન્યાહુ

## યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા સોદાની જાહેરાત કર્યા પછી ઈઝરાયલની પહેલી જાહેર પ્રતિક્રિયા



તહેરાન,

ઈઝરાયલે હમાસ સાથેના પ્રસ્તાવિત હથિયારો સોંપવાના કરાર અંગે અમેરિકા સમક્ષ "ગંભીર સુરક્ષા ચિંતાઓ" વ્યક્ત કરી છે. ઈઝરાયલી વડા પ્રધાન કાર્યાલયના એક અધિકારીએ આ માહિતી પૂરી પાડી છે. નોંધ કરો કે આ અઠવાડિયાની શરૂઆતમાં યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા સોદાની જાહેરાત કર્યા પછી ઈઝરાયલની આ પહેલી જાહેર પ્રતિક્રિયા છે.ઈઝરાયલી વડા પ્રધાન કાર્યાલયના પ્રવક્તા ડોરોન સ્પીલમેને જણાવ્યું હતું કે ઈઝરાયલી ગુપ્તચર એજન્સીઓ માને છે કે હમાસ ખરેખર નિઃશસ્ત્રીકરણ ઈચ્છતો નથી, પરંતુ તેના લશ્કરને ફરીથી મજબૂત બનાવવા માંગે છે. જ્યાં સુધી હમાસ તેના શસ્ત્રો સંપૂર્ણપણે સોંપી ન દે ત્યાં સુધી ઈઝરાયલી દળો ગાઝામાંથી પાછા નહીં હટે. હાલમાં, ઈઝરાયલી સૈન્ય ગાઝાના ૬૦ ટકાથી વધુ ભાગ પર નિયંત્રણ રાખે છે. અમારું મૂલ્યાંકન છે કે જો હમાસ તેના શસ્ત્રો સંપૂર્ણપણે સોંપે તે પહેલાં આપણે આપણા સૈનિકો પાછા ખેંચી લઈએ, તો તે ઝડપથી ગાઝામાં તેની હાજરીનો વિસ્તાર કરશે, તેના આતંકવાદી માળખાને ફરીથી બનાવશે, ઈઝરાયલી સમુદાયો માટે ખતરા તરીકે ફરીથી ઉભરી આવશે, અને ૭ ઓક્ટોબર, ૨૦૨૩ ના રોજ થયેલા હુમલા જેવો બીજો હુમલો કરવાનો પ્રયાસ કરશેઃ ડોરોન સ્પીલમેન ડોરોન સ્પીલમેને કહ્યું, "નિઃશસ્ત્રીકરણનો અર્થ શસ્ત્રોનું સંપૂર્ણ શરણાગતિ છે. અમે કંઈ ઓછું સ્વીકારીશું નહીં." નોંધનીય છે કે સ્પીલમેનનું આ નિવેદન હમાસે જાહેરાત કર્યાના થોડા દિવસો બાદ જ આવ્યું છે કે તે લગભગ ત્રણ વર્ષના સંઘર્ષને સમાપ્ત કરવા માટે નવ મહિના પહેલા હસ્તાક્ષર કરાયેલા યુએસ-મધ્યસ્થી યુદ્ધવિરામ કરાર હેઠળ નિઃશસ્ત્રીકરણ પ્રક્રિયા શરૂ કરશે.

# હિમાચલ પ્રદેશમાં વરસાદે તબાહી મચાવી, ચંબામાં અચાનક પૂરથી વ્યાપક નુકસાન

## સુલતાનપુરમાં વરસાદી પાણી લોકોના ઘરોમાં ઘૂસી ગયા : પરેલમાં એક ઘર પર મોટા પથ્થરો પડ્યા

શિમલા,

હિમાચલ પ્રદેશમાં ફરી એકવાર વરસાદે તબાહી મચાવી છે. ચંબામાં ભારે નુકસાન થયું છે. અનેક વિસ્તારોમાંથી અચાનક પૂરના અહેવાલો સામે આવ્યા છે. વરસાદને કારણે ચંબામાં સુલતાનપુર, પરેલ, સારોલ અને ઉદયપુરમાં ભારે નુકસાન થયું છે. સુલતાનપુરમાં વરસાદી પાણી લોકોના ઘરોમાં ઘૂસી ગયા છે, જ્યારે પરેલમાં એક ઘર પર મોટા પથ્થરો પડ્યા છે. મોડી રાતના આ વિનાશને કારણે સુલતાનપુર વિસ્તારમાં અંધાધૂંધી ફેલાઈ ગઈ હતી, જેના કારણે રહેવાસીઓને રાત જાગીને વિતાવવી પડી હતી. એક બાઈક કાટમાળ નીચે દટાઈ ગઈ હતી, જ્યારે પથ્થરો પડતાં અને ગટરના પાણી વહેવાથી એક ઘરને નોંધપાત્ર નુકસાન થયું હતું.

સોમવારે હિમાચલના અનેક ભાગોમાં હળવાથી ભારે વરસાદ પડ્યો હતો. હવામાન વિભાગે રાજ્યના વિવિધ ભાગો માટે "ઓરેન્જ એલર્ટ" જારી કર્યું છે. હવામાન કેન્દ્રે સુધીમાં મંડી, શિમલા, સિરમૌર અને સોલન જિલ્લામાં અચાનક પૂરની ચેતવણી આપી છે. છેલ્લા કેટલાક દિવસોમાં ભારે વરસાદને કારણે ભૂસ્ખલન અને અચાનક પૂરને કારણે રાજ્યભરમાં કુલ ૧૦૮ રસ્તા બંધ કરી દેવામાં આવ્યા છે. વધુમાં, ૩૮ પીવાના પાણી પુરવઠા યોજનાઓ અને નવ પાવર ટ્રાન્સફોર્મર બંધ થઈ ગયા છે. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન્સ સેન્ટર અનુસાર, મંડીમાં આશરે ૩૯ રસ્તાઓ, કુલ્લુમાં ૩૩, શિમલામાં ૧૧, સિરમૌરમાં નવ, ચંબામાં સાત, કાંગડામાં પાંચ અને લાહૌલ અને સ્પીતિમાં ત્રણ રસ્તાઓ બંધ છે. શિમલા હવામાન કેન્દ્રે ઓરેન્જ એલર્ટ જારી કર્યું હતું, જેમાં ચારથી પાંચ જિલ્લાના અલગ અલગ વિસ્તારોમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરવામાં આવી હતી. શિમલા હવામાન કેન્દ્રના વૈજ્ઞાનિક સંદીપ કુમાર શર્માના જણાવ્યા અનુસાર,૬ ઓગસ્ટ સુધી રાજ્યભરમાં ચોમાસું સક્રિય રહેશે અને મોટાભાગના વિસ્તારોમાં વરસાદ ચાલુ રહેશે. તેમણે જણાવ્યું હતું કે ઘણા વિસ્તારોમાં સતત હળવો થી મધ્યમ વરસાદ થવાની સંભાવના છે, કેટલાક સ્થળોએ ભારે થી ખૂબ જ ભારે વરસાદ પડશે. હવામાન વિભાગે લોકોને નદીઓ અને નાળાઓ નજીક જવાનું ટાળવા અને હવામાન ચેતવણીઓનું પાલન કરવાની વિનંતી કરી છે.

છેલ્લા ૨૪ કલાકમાં, કાંડાઘાટમાં ૧૦૬.૪ મીમી, કાહુમાં ૪૦.૨ મીમી, કોઠીમાં ૩૯.૨ મીમી, સરાહનમાં ૩૪.૫ મીમી, જોગીન્દર નગરમાં ૩૧ મીમી, જટ્ટન બેરેજમાં ૨૪.૪ મીમી, શિમલા ૧૭.૮ મીમી અને કુફરી ૧૫ મીમી વરસાદ નોંધાયો છે. તાપમાનની દ્રષ્ટિએ, કુકુમસેરી રાજ્યનું સૌથી ઠંડુ સ્થળ હતું, જ્યાં રાત્રિનું તાપમાન ૧૨.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જ્યારે ઉનામાં દિવસનું સૌથી વધુ તાપમાન ૩૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

# શ્રાવણ મહિનાના પહેલા સોમવારે ઉજ્જૈનથી કાશી સુધીના મંદિરોમાં ભક્તોની ભીડ જામી

## મંદિરોમાં હર હર મહાદેવ અને બમ બમ ભોલેના નાદ ગુંજી ઉઠ્યા

નવીદિલ્હી,

શ્રાવણ મહિનાના પહેલા સોમવારે સવારથી જ શિવ મંદિરોમાં શ્રદ્ધાનો ઉછાળો જોવા મળ્યો. સવારથી જ શિવ મંદિરોમાં શ્રદ્ધાનો ઉછાળો જોવા મળ્યો. મંદિરોમાં હર હર મહાદેવ અને બમ બમ ભોલેના નાદ ગુંજી ઉઠ્યા. આસ્થાના આ પર્વની તસવીરો દેશના ખૂણે ખૂણે જોવા મળી રહી છે, જેમાં ઉજ્જૈનનું મહાકાલ મંદિર, કાશી વિશ્વનાથ મંદિર અને દેવઘર બાબા ધામનો સમાવેશ થાય છે. મોડી રાતથી જ ભક્તો ઉજ્જૈનના મહાકાલેશ્વર મંદિરના દર્શન કરવા માટે કતારમાં ઉભા રહ્યાં હતાં મંદિરના દરવાજા સવારે ૨:૩૦ વાગ્યે ખુલ્યા. ત્યારબાદ, બાબા મહાકાલની ભસ્મ આરતી સવારે ૩:૦૦ વાગ્યે શરૂ થઈ. ભસ્મ આરતી પહેલા, બાબાને પાણીથી સ્નાન કરાવવામાં આવ્યું અને પછી મહાપંચામૃત અભિષેક કરવામાં આવ્યો, જેમાં દૂધ, દહીં, ઘી, મધ અને ફળોના રસનો સમાવેશ થતો હતો. અભિષેક પછી, ભગવાન શિવને ભાંગ અને ચંદનથી શણગારવામાં આવ્યા, અને ભગવાનને વસ્ત્રો પહેરાવવામાં આવ્યા. ત્યારબાદ ભસ્મ બાબાને અર્પણ કરવામાં આવી. ભસ્મને રાખમાં ફેરવ્યા પછી, કરતાલ, ઢોલ અને શંખના તાલ સાથે ભસ્મ આરતી કરવામાં આવી હતી. ભક્તો આ દિવસની ખાસ રાહ જુએ છે, તેથી સવારથી જ મહાકાલના દરબારમાં ઉત્સાહ અને આનંદનું વાતાવરણ જોવા મળ્યું હતું. સોમવારે બાબા મહાકાલની શોભાયાત્રા કાઢવાની પણ પરંપરા રહી છે તેથી, આજે સાંજે બાબાની શોભાયાત્રા પણ કાઢવામાં આવી હતી એવું માનવામાં આવે છે કે રાજા મહાકાલ પોતાની પ્રજાના સુખાકારીની પૂછપરછ કરવા માટે શહેરની મુલાકાત લેવા માટે શોભાયાત્રામાં નીકળે છે. અહીં, લાખો ભક્તો બાબાની શોભાયાત્રા જોવા માટે રસ્તાના કિનારે કલાકો સુધી રાહ જુએ છે અને મહાકાલની એક ઝલક મેળવવા માટે પોતાને ધન્ય માને છે.

વારાણસીના કાશી વિશ્વનાથ ધામમાં પણ શ્રાવણ મહિનાના પહેલા સોમવારે ભારે ભીડ જોવા મળી હતી. મંદિર વહીવટીતંત્રે જલાભિષેક માટે દૂર-દૂરથી આવેલા ભક્તો અને યાત્રાળુઓનું ફૂલોની વર્ષા કરીને સ્વાગત કર્યું હતું. મંગળા આરતી પછી જ ભક્તો જલાભિષેક માટે આવવા લાગ્યા, મંદિરમાં પ્રવેશવા માટે બંને બાજુ કતારો લાગી ગઈ. ભક્તો મૈદાગીનથી ચોક, ગેટ નંબર ૪, સિલ્કો ગલી અને ગેટ નંબર ૪-એ થઈને મંદિર સંકુલમાં આવવાનું ચાલુ રાખ્યું, જ્યારે ગોદૌલિયા, ઢુંઢીરાજ ગેટ નંબર ૧ અને નન્નુ ફરિયા લેનથી ભક્તો આવવાનું ચાલુ રાખ્યું. વારાણસી કમિશનરેટ પોલીસ ભીડ નિયંત્રણ અને સુરક્ષા માટે સતર્ક રહી.

દેવઘરમાં પણ ભક્તોનો પ્રવાહ એકઠો થયો. શ્રાવણ મહિનાના પહેલા સોમવારે ઝારખંડના દેવઘરમાં બાબા વૈદ્યનાથ ધામ ખાતે જલાભિષેક માટે ભક્તોની મોટી ભીડ એકઠી થઈ. સુલતાનગંજથી ગંગાજળ લઈને કાવડીઓ બાબા વૈદ્યનાથ પાસે જલાભિષેક કરવા માટે પગપાળા આશરે ૧૦૦ કિમીનું અંતર કાપે છે.

DR. LATHIYA'S SKIN CLINIC
Dr. Sandip Lathiya
MD, Skin & VD
Dermatologist, Cosmetologist & Dermatosurgeon
ઉપલબ્ધ સારવારો
• ખીલ અને ખીલના ડાઘ
• એલર્જી અને ખંજવાળ
• સફેદ ડાઘ (vitiligo)
• સોરાયસિસ અને એક્ઝિમા
• વાળ ખરવા અને ટાલ પડવી
• ફંગલ ઈન્ફેક્શન
• નખના રોગો
• બાળકો અને મહિલાઓના ચામડીના રોગો
વિશેષ સારવારો
• Laser Hair Removal
• Chemical Peel
• PRP Hair Treatment
• CO2 Laser Treatment
ગ્રાઉન્ડ ફ્લોર, કાર્લટન સ્કેવર, માધવદિપ કોમ્પલેક્ષની પાસે, કાળાનાળા, ભાવનગર ગુજરાત-૩૬૪૦૦૧
M. 79841 66946

LEELA NEWS NETWORK P. LTD
ભાવનગર આવૃત્તિ
# સૌરાષ્ટ્ર આસપાસ
સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર
બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન: (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫



BLOSSOM WOMEN'S HOSPITAL & MATERNITY HOME
ડૉ. પૂજા ઘોરી લાઠીયા
એમ. એસ. સ્ત્રી રોગ તથા પ્રસુતિ નિષ્ણાત
Dr. Pooja Ghori Lathiya
MS Obstetrics and Gynecology
લેપ્રોસ્કોપિક સર્જન
ઉપલબ્ધ સુવિધાઓ:
• નોર્મલ તથા સિઝેરિયન ડિલિવરી
• સોનોગ્રાફી
• બાળક રહેવામાં તકલીફ
• ગર્ભાશય તથા ગાંઠના ઓપરેશન
• નળીમાં બાળક રહ્યું હોય તે દૂર કરવાની સુવિધા
• જોખમી ડિલિવરી
• ગર્ભાશયના કેન્સરનું રસીકરણ
+91 79843 10939
સરનામું : શોપ નં. ૨૦૪-૨૦૫, બીજો માળ, ઓરનેટ કોમ્પ્લેક્સ, રસોઈ હોટેલ ની નજીક, કાળુભા રોડ, ભાવનગર - ૩૬૪૦૦૧

# ભરૂચા ક્લબ પાસે મોડી રાત્રે રાજ ટ્રાવેલ્સના સંચાલકને આંતરી બેલ્ટ અને સાંકળ વડે હુમલો

## ગાડી સરખી ચલાવવાનું કહેતાં ઉશ્કેરાયેલા શખ્સે મળતિયાઓ સાથે મળી અજાણ્યા ૬ શખસોએ હુમલો કર્યો : "અમે મીયાભાઈ છીએ" કહી જાનથી મારી નાખવાની ધમકી આપી હુમલાખોરો ફરાર

ભાવનગર,તા.૪

ભાવનગર શહેરના ભરૂચા ક્લબ અને મહાલક્ષ્મી ડાઈનિંગ હોલ પાસે ગઈકાલે રાત્રે જાહેર રોડ પર તકરાર બાદ ટ્રાવેલ્સ સંચાલક પર હુમલો કરવાની એક ગંભીર ઘટના સામે આવી છે. મોટરસાઈકલ સરખી રીતે ચલાવવાનું કહેવા જેવી નાની બાબતે ઉશ્કેરાઈ જઈને અજાણ્યા શખસોના ટોળાએ ટ્રાવેલ્સ સંચાલક યુવક પર બેલ્ટ, સાંકળ અને ઢીસા-મુક્કી વડે હિંસક હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

મળતી વિગતો અનુસાર, ભાવનગરના વિઠ્ઠલવાડી, નવજીવન સોસાયટીમાં રહેતા અને રાજ ટ્રાવેલ્સ નામે વ્યવસાય કરતા ૩૨ વર્ષીય યુવરાજસિંહ અનિરુદ્ધસિંહ જાડેજા ગઈકાલે તા. ૩ ઓગસ્ટ ૨૦૨૬ ના રોજ રાત્રિના આશરે ૧૧:૩૦ વાગ્યાના સુમારે પોતાના બહેનના ઘરેથી પરત ફરી રહ્યા હતા. આ દરમિયાન મીણબત્તી સર્કલ પાસે પહોંચતાં બે અજાણ્યા ટુ-વ્હીલર ચાલકો તેમની સામે જોઈને વાહન ચલાવતા હોવાથી યુવરાજસિંહે તેમને સરખી રીતે ગાડી ચલાવવાનું કહ્યું હતું. આ બાબતે અજાણ્યા વાહનચાલકો એકદમ ઉશ્કેરાઈ ગયા હતા અને યુવરાજસિંહ સાથે ગાળાગાળી કરવા લાગ્યા હતા.

તકરાર વધતાં યુવરાજસિંહ આગળ નીકળી ભરૂચા ક્લબ પાસે આવેલા મહાલક્ષ્મી ડાઈનિંગ હોલના ત્રણ રસ્તા પાસે પહોંચ્યા ત્યારે પેલા બે બાઈક પર આવેલા અજાણ્યા ૬ જણાએ એકસંપ થઈને તેમને ઘેરી લીધા હતા અને કમરપટ્ટા (બેલ્ટ), મુઠ્ઠીઓ તેમજ લોખંડની સાંકળ વડે આડેધડ માર મારવાનું શરૂ કર્યું હતું. આ બનાવ દરમિયાન અવાજ આવતાં આજુબાજુના લોકો અને ફરિયાદીના પરિચિત મિત્રો જિતેન્દ્રસિંહ સરવૈયા તથા કિશનભાઈ પંડ્યા છોડાવવા વચ્ચે પડ્યા હતા.

લોકો ભેગા થઈ જતાં હુમલાખોરો "અમે મીયાભાઈ છીએ" તેમ કહી, હવે પછી સામે મળશો તો જાનથી મારી નાખવાની ધમકી આપી ત્યાંથી ભાગી છૂટ્યા હતા. હુમલામાં ઈજાગ્રસ્ત થયેલા યુવરાજસિંહને તુરંત જ સારવાર અર્થે ભાવનગરની સર ટી. હોસ્પિટલના ટ્રોમા સેન્ટર ખાતે ખસેડવામાં આવ્યા હતા. આ ઘટના અંગે હોસ્પિટલ પહોંચેલી પોલીસે યુવરાજસિંહ જાડેજાની ફરિયાદના આધારે ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

# મોખડાજી સર્કલના ખુલ્લા પ્લોટમાંથી ઈંગ્લીશ દારૂ ભરેલી ઈકો કાર ઝડપાઈ, આરોપી ફરાર

## નાની-મોટી ૧૧૧૬ બોટલ, ૯૬ બિયર અને કાર મળી ૩.૩૧ લાખનો મુદ્દામાલ જપ્ત કરતી એલસીબી



તસવીર : ધવલ વાજા

ભાવનગર,તા.૪

ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચના સ્ટાફે બાતમીના આધારે ઘોઘારોડ વિસ્તારમાં મોખડાજી ગોહિલ સર્કલ પાસે આવેલ એક ખુલ્લા પ્લોટમાં રેડ કરી હતી. અને ઈકો કારમાંથી ઈંગ્લીશ દારૂ અને બિયરનો મોટો જથ્થો ઝડપી લીધો હતો જોકે રેડ દરમિયાન આરોપી મળી આવ્યો ન હતો

ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચના સ્ટાફને પેટ્રોલિંગ દરમ્યાન ખાનગીરાહે બાતમી મળેલ કે રાજારામના અવેડાવાળા ખાંચામાં, ઘોઘા રોડ, ભાવનગર ખાતે રહેતો અર્જુન રણજીતભાઈ મકવાણા તેના રહેણાંક મકાનની બાજુમાં આવેલ તેના કબ્જા-ભોગવટાના ખુલ્લા પ્લોટમાં બહારથી ભારતીય બનાવટના વિદેશી દારૂનો જથ્થો રાખી સફેદ કલરની મારૂતિ સુઝુકી કંપનીની ઈકો કાર રજી.નંબર-GJ-04-DN 7051 માં હેર-ફેર કરે છે. બાતમીના આધારે પંચોને સાથે રાખી રેઈડ કરતાં સફેદ કલરની મારૂતિ સુઝુકી કંપનીની ઈકો કાર રજી. નંબર -GJ-04-DN 7051 ખાલી પ્લોટમાં પડેલ મળી આવેલ. આ કારની આજુ-બાજુમાં અર્જુન રણજીતભાઈ મકવાણા રહે. રાજારામના અવેડાવાળા ખાંચામાં, મેલડી માતાના મંદિરની બાજુમાં, ઘોઘારોડ, કે અન્ય કોઈ હાજર મળી આવેલ નહિ. આ કારમાં ચાવી લગાડેલ હોય. જે કારનો દરવાજો ખુલ્લો હોય. જે કારમાં જોતાં આગળ તથા પાછળની સીટના ભાગે અંગ્રેજીમાં ગ્રીન લેબલ લખેલ તથા ઓફીસર ચોઈસ તથા કીંગફીશર બીયરની ખાખી કલરના પુંઠાની પેટીઓ પડેલ જોવામાં આવેલ, જે પેટીઓ બહાર કાઢી જોતાં તેમાંથી ઓફિસર ચોઈસ વ્હીસ્કી (750 ML): નંગ ૧૦૮ (કિંમત રૂ. ૫૨,૯૨૦), ગ્રીન લેબલ વ્હીસ્કી (180 ML): નંગ ૧૦૦૮ (કિંમત રૂ. ૧,૨૦,૯૬૦), કિંગફીશર બીયર (500 ML): નંગ ૯૬ (કિંમત રૂ. ૧૨,૭૬૮)મળી આવેલ પોલીસે દારૂ-બિયરનો જથ્થો તથા મારુતિ સુઝુકી ઈકો કાર (રજી. નં. GJ-04-DN-7051): કિંમત રૂ. ૧,૫૦,૦૦૦ મળી કુલ રૂપિયા ૩,૩૧,૧૪૮ નો મુદ્દામાલ જપ્ત કરી ઘોઘારોડ પોલીસ મથકમાં ફરાર આરોપી અર્જુન રણજીતભાઈ મકવાણા વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટની કલમ ૬૫(એ), ૬૫(ઈ), ૧૧૬(બી), અને ૯૮(૨) મુજબ ગુનો નોંધીને આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

# ભંડારિયા ગામે કૌટુંબિક તકરારમાં મોટા ભાઈ પર સગા ભાઈનો દાતરડા વડે હુમલો

## બહેનની સગાઈ બાબતે બોલાચાલી થતાં નાના ભાઈએ હુમલો કરતા લોહિયાળ ઈજા

ભાવનગર,તા.૪

ભાવનગર તાલુકાના ભંડારીયા ગામે રામદેવપીરના મંદિર પાસે કૌટુંબિક ઝઘડામાં નાના ભાઈએ પોતાના મોટા ભાઈ પર દાતરડા વડે ગંભીર હુમલો કરવાનો બનાવ સામે આવ્યો છે. આ ઘટનામાં ગંભીર રીતે ઘવાયેલા મોટા ભાઈને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

મળતી વિગતો અનુસાર, ભંડારીયા ગામે રહેતા અને ડ્રાઈવિંગનો વ્યવસાય કરતા ગણેશભાઈ કાળુભાઈ પરમાર (ઉં.વ. ૩૯) ના નાની બહેનના વેવિશાળ બાબતે પરિવારમાં તકરાર થઈ હતી. આ બાબતે ઉશ્કેરાઈ જઈ ગણેશભાઈના નાના ભાઈ નિલેશ કાળુભાઈ પરમારે ગાળો આપી ઘરમાંથી દાતરડું લાવી ગણેશભાઈના જમણા હાથ પર ઘા ઝીકી દીધો હતો. હુમલાને કારણે ગણેશભાઈને હાડકામાં ફેક્ચર અને ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્ત ગણેશભાઈને ત્વરિત સારવાર અર્થે ભાવનગરની સર ટી. હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે, જ્યાં તેઓ હાલ સારવાર હેઠળ છે. આ અંગે ગણેશભાઈની ફરિયાદના આધારે વરતેજ પોલીસે આરોપી નિલેશ પરમાર વિરુદ્ધ મ્હજી ની વિવિધ કલમો તેમજ જી.પી. એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હેડ કોન્સ્ટેબલ ડી.એસ. સોરઠીયાએ હાથ ધરી છે.

# નારી ગામે ગાળો આપવાની ના પાડતાં યુવક પર ધારીયા વડે હુમલો

## વરતેજ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ; ઈજાગ્રસ્ત મજૂર સર ટી. હોસ્પિટલમાં સારવાર હેઠળ

ભાવનગર,તા.૪

ભાવનગર તાલુકાના નારી ગામે વાડી વિસ્તારમાં જમવાના પ્રોગ્રામ દરમિયાન બોલાચાલી થતાં એક યુવક પર ધારીયા વડે ગંભીર હુમલો કરવામાં આવ્યો હોવાની ઘટના સામે આવી છે. આ મામલે વરતેજ પોલીસ મથકે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

મળતી વિગતો અનુસાર, નારી ગામે શેરી નં-૩ માં રહેતા અને છૂટક મજૂરી કરતા પ્રદીપભાઈ પ્રવીણભાઈ ડાભી (ઉં.વ. ૩૦) તા. ૩ ઓગસ્ટ ૨૦૨૬ ના રોજ બપોરના આશરે ૩:૦૦ વાગ્યે ગામના વિજયભાઈ હીરાભાઈ પરમારની વાડીએ જમવા માટે ભેગા થયા હતા. આ દરમિયાન સાથે હાજર રહેલા સુરેશભાઈ ઉર્ફે સુખો સાર્દૂળભાઈ મકવાણાએ પ્રદીપભાઈને ગાળો આપતાં, તેમણે ગાળો બોલવાની ના પાડી હતી. જેથી ઉશ્કેરાઈ જઈને સુરેશે વાડીમાં પડેલું ધારીયું ઉપાડી પ્રદીપભાઈના ડાબા હાથ પર મારી દીધું હતું.

આ હુમલામાં ડાબા હાથે ગંભીર ઈજા અને ફેક્ચર થતાં પ્રદીપભાઈને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ભાવનગરની સર ટી. હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેમના હાથે ૬ થી ૭ ટાંકા આવ્યા છે. ઈજાગ્રસ્તની ફરિયાદના આધારે વરતેજ પોલીસે આરોપી સુરેશ ઉર્ફે સુખા સામે BNS ની કલમ ૧૧૭(૨), ૧૧૮(૧), ૩૫૨ અને જી.પી. એક્ટ કલમ ૧૩૫ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હેડ કોન્સ્ટેબલ સાગરદાન લાંગડીયાએ હાથ ધરી છે.

# આડોડિયાવાસમાંથી દારૂ સાથે એક ઝડપાયો: એલસીબીએ રૂ.૨ હજારનો દેશી દારૂ જપ્ત કર્યો

ભાવનગર,તા.૪

શહેરના રજનીપાન પાસે આવેલા આડોડિયાવાસ વિસ્તારમાંથી લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે રેઈડ પાડીને ગેરકાયદેસર દેશી દારૂના જથ્થા સાથે એક ૨૫ વર્ષીય યુવકની અટકાયત કરી છે.

મળતી વિગતો અનુસાર, એલસીબી શાખાના અનાર્મ પોલીસ કોન્સ્ટેબલ રાહુલભાઈ છનાભાઈ ધતુરાતરે બાતમીના આધારે હાથ ધરેલી કાર્યવાહી દરમિયાન આડોડિયાવાસમાં રહેતો ઉમંગ ઉમેશભાઈ રાઠોડ (ઉં.વ. ૨૫) નામનો યુવક પોતાના કબજામાં વગર પાસ-પરમિટનો દેશી દારૂ રાખી હાજર મળી આવ્યો હતો. પોલીસે સ્થળ પરથી રૂ. ૨,૦૦૦ની કિંમતનો ૧૦ લિટર દેશી દારૂનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

આ મામલે એલસીબી કોન્સ્ટેબલે કાયદેસરની ફરિયાદ નોંધાવતાં પોલીસે આરોપી ઉમંગ રાઠોડ વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટની કલમ ૬૫(એ)(એ) મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# કુંભારવાડામાં ખુલ્લા વાડામાં સંતાડી રાખેલ ઈંગ્લીશ દારૂનો જથ્થો ઝબ્બે

## રૂ.૩૧૧૨૦ની કિંમતની ૮૮ બોટલ જપ્ત કરતી બોરતળાવ પોલીસ

ભાવનગર,તા.૪

બોરતળાવ પોલીસ સ્ટેશનની ટીમે ભાવનગરના કુંભારવાડા-નારી રોડ પીપરચોક વિસ્તારમાં મળેલી ચોક્કસ બાતમીના આધારે દરોડો પાડી રૂ.૩૧,૧૨૦ કિંમતનો ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો કબજે કર્યો હતો. પોલીસને માહિતી મળી હતી કે અગાઉ પ્રોહિબિશનના ગુનામાં પકડાવાનો બાકી રહેલો હારૂન અવેશભાઈ પોતાના ઘર પાછળના ખુલ્લા વાડામાં દારૂનો જથ્થો વેચાણ માટે સંતાડી રાખે છે.

બાતમીના આધારે પોલીસે પંચોની હાજરીમાં સ્થળ પર રેડ કરતા આરોપી હાજર મળ્યો નહોતો. જોકે, વાડામાં બાવળના ઝાડ નીચે રાખેલા ત્રણ કંતાનના કોથળામાંથી ૮૮ બોટલ વિદેશી દારૂ મળી આવ્યો હતો. જેમાં ઓફિસર ચોઈસ વિસ્કીની ૩૬ બોટલ, ૮ સ સ્પેશિયલ રેર વિસ્કીની ૧૨ બોટલ અને વિન્ટેજ જામુન વોડકાની ૪૦ પ્લાસ્ટિક બોટલ મળી આવી હતી. પોલીસે સમગ્ર જથ્થો કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આરોપી હારૂન અવેશભાઈ અગાઉ પણ દારૂના ગુનામાં વોન્ટેડ હોવાનું સામે આવ્યું છે. બોરતળાવ પોલીસે તેની સામે પ્રોહિબિશન એક્ટની કલમ ૬૫(એ)(ઈ) અને ૧૧૬(બી) હેઠળ ગુનો નોંધી તેને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

# ઘોઘાના તળાવમાં ડૂબેલા યુવકનો ઢળતી સાંજે મૃતદેહ હાથ લાગ્યો : શોક ફેલાયો

## ભેંસ લેવા જતા ૨૨ વર્ષના યુવકે જીવ ગુમાવ્યો પરિવારમાં શોકની લાગણી



ભાવનગર,

ઘોઘામાં આવેલા તળાવમાં યુવક ડુબી ગયાની જાણ થતા જ સ્થાનિક તરવૈયાની ટીમ દ્વારા શોધખોળ હાથ ધરવામાં આવ્યા બાદ મોડી રાત સુધી કોઈ પત્તો નહી મળતા બીજા દિવસે મંગળવારે એનડીઆરએફની ટીમ દ્વારા દિવસભર શોધખોળના અંતે સાંજના સમયે યુવકનો મૃતદેહ મળતા પરિવારમાં શોક છવાયો હતો.

ઘોઘામાં સદ તળાવ આવેલુ છે. જ્યાં અબ્દુલ તવાબ યાસીન શેખ(ઉ.૨૨)નામનો યુવક ડુબી ગયો હોવાની વાત વાયુ વેગે ફેલાઈ હતી. આ ઘટનાસોમવારે સાંજના પાંચેક વાગ્યે બની હતી. દરમિયાનમાં સ્થાનિક તરવૈયાઓએ તળાવમાં ઝંપલાવ્યું હતું રાતના નવથી સાડા નવ વાગ્યા સુધી તળાવમાં શોધખોળ ચાલુ રાખી હતી તેમ છતા યુવકનો કોઈ પત્તો મળ્યો ન હતો. દરમિયાનમાં બીજા દિવસે વહીવટી તંત્રએ એનડીઆરએફની ટીમને રવાના કરી હતી. સવારના સાતેક વાગ્યેથી ૨૫ જેટલા જવાનોએ તળાવમાં શોધખોળ ચાલુ કરી હતી. બપોર થવા છતા યુવકનો કોઈ પત્તો મળ્યો ન હતો. પરિવારજનોની ચિંતા વધી હતી. સતત શોધોખળના અંતે સાંજના ચારેક વાગ્યે અબ્દુલ તવાબનો મૃતદેહ હાથ લાગ્યો હતો. જે મૃતદેહ તેના પરિવારજનોને સોંપ્યો હતો.

# ઘેટીના ગૌ પ્રેમી સંત સામે પોલીસ ફરિયાદના મામલે સાંજે અપાશે કલેકટરને આવેદન

ભાવનગર,તા.૪

ભાવનગર જિલ્લાના ઘેટી ગામે ગૌશાળા ચલાવવા સંત શરદગીરી બાપુ જેઓ અપંગ છે છતાં વર્ષોથી ગાયોની સેવા કરી રહ્યા છે તેઓ પર તમે આ ગાયોના ઓપરેશન ના કરી શકો તેવી પોલીસ ફરિયાદ કરેલ છે. ગૌ પ્રેમી સંત પર પોલીસ ફરિયાદ કર્યાના વિરોધમાં આજે સાંજે ૫ કલાકે ગૌ પ્રેમી પ્રકાશ વાઘાણી સહિતના સભ્યો દ્વારા જિલ્લા કલેક્ટરને આવેદન પત્ર આપવામાં આવશે. ગૌ પ્રેમી સંતને ન્યાય આપવા માંગણી કરાશે.

## ક્રાઇમ ન્યુઝ

# જોગર્સ પાર્ક પાસે મજૂર પર ત્રિકમ વડે હુમલો

ભાવનગર,તા.૪

શહેરમાં સરકારી હાર્ટ સામે આવેલા જોગર્સ પાર્કની ફૂટપાથ પર રહેતા અને છૂટક મજૂરી કરતા ભરતભાઈ ભગાભાઈ સરવૈયા (ઉં.વ. ૪૫) તા. ૩ ઓગસ્ટ ૨૦૨૬ ના રોજ સાંજના સમયે ભોપાભાઈ વણઝારા નામના ટ્રેક્ટર માલિક સાથે મજૂરી કામ અર્થે ગયા હતા. પરત આવ્યા બાદ ભરતભાઈએ પોતાની મજૂરીના રૂ. ૬૦૦ માંગતા, ભોપાભાઈએ ઉશ્કેરાઈ જઈને ગાળો આપી હતી. ગાળો બોલવાની ના પાડતાં ભોપાભાઈએ પોતાના મોટરસાઈકલના કેરિયરમાં રાખેલું ત્રિકમ કાઢી ભરતભાઈના માથાના ભાગે ઝીકી દીધું હતું, જેનાથી તેમને ડાબી આંખના નેણ ઉપર ગંભીર ઈજા પહોંચી હતી. "એ" ડિવિઝન પોલીસે આરોપી ભોપા વણઝારા વિરુદ્ધ BNS ની કલમ ૧૧૮(૧), ૩૫૧(૨), ૩૫૨ તથા જી.પી. એક્ટ કલમ ૧૩૫ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હેડ કોન્સ્ટેબલ અબ્દુલસમદ શેખે હાથ ધરી છે.

### સરતાનપરના રહેણાંકી મકાનમાંથી ૨૧ બોટલ વિદેશી દારૂ ઝડપાયો

ભાવનગર,તા.૪

તળાજા તાલુકાના સરતાનપર ગામે ટીંબા વિસ્તારમાં રહેતા સંજય બુધાભાઈ ચુડાસમાના રહેણાકી મકાનમાંથી તળાજા પોલીસે દારૂની ૨૧ બોટલ ઝડપી લઈ સંજય બુધાભાઈ ચુડાસમા સામે ગુનો નોંધ્યો છે.

### નાની પાણિયાળી ગામેથી દારૂની ચાર બોટલ સાથે મહિલા ઝડપાઈ

ભાવનગર,તા.૪

પાલિતાણાના નાની પાણિયાળી ગામે રહેતા સુનિતાબેન વિનોદભાઈ પરમારને તેના ઝુંપડામાંથી પાલિતાણા ગ્રામ્ય પોલીસે વિદેશી દારૂની ચાર બોટલ સાથે ઝડપી લઈ પાલિતાણા ગ્રામ્ય પોલીસ મથકમાં ગુનો નોંધ્યો છે.

# દારૂની બે બોટલ સાથે ધ્રુપકાનો શખ્સ ઝબ્બે

ભાવનગર,તા.૪

સિહોરના ધ્રુપકા ગામે રહેતા અલ્પેશ સુખાભાઈ ગોહિલને તેના રહેણાકી મકાનમાં વિદેશી દારૂની બે બોટલ સાથે સિહોર પોલીસે ઝડપી લઈ ગુનો નોંધ્યો છે.

# ભ્રષ્ટ્રાચારનો બોલતો પુરાવો !: કુંભારવાડામાં લાખોના ખર્ચે બનેલા RCC રોડમાં પડ્યો ભુવો

ભાવનગર શહેરના કુંભારવાડાથી સર્કલ તરફ જવાના મુખ્ય માર્ગ પર લાખો રૂપિયાના ખર્ચે તાજેતરમાં જ બનાવાયેલા આરસીસી (RCC) રોડ પર ભુવો પડવાની ઘટના સામે આવી છે. આ માર્ગ પરથી દૈનિક ધોરણે હજારો નાગરિકો સહિત મહાનગરપાલિકાના વાહનોની પણ સતત અવરજવર રહે છે. આમ છતાં, તંત્ર દ્વારા આ ભુવાનું વહેલી તકે સમારકામ હાથ ન ધરાતાં અકસ્માત સર્જાવાની ભીતિ સેવાઈ રહી છે. કામગીરીની નબળી ગુણવત્તા સામે આવતાં સ્થાનિક લોકોમાં ભારે રોષ વ્યાપ્યો છે અને રોડ નિર્માણમાં મોટા પાયે ભ્રષ્ટાચાર થયો હોવાના આક્ષેપો ઊઠી રહ્યા છે.


તસવીર : ધવલ વાજા

# મહુવાની સગીરાનું અપહરણ કરી ભાગેલા તળાજાના શખ્સને સુરત પોલીસે ઝડપ્યો

## સુરત ક્રાઈમ બ્રાન્ચે બસ સ્ટેન્ડ પાસેથી સગીરા સાથે પકડી લીધો, ભાવનગર પોલીસને સોંપવાની કવાયત હાથ ધરી

ભાવનગર,

ભાવનગર જિલ્લાના બગદાણા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા સગીરાના અપહરણના ગુનામાં સામેલ આરોપીને સુરત ક્રાઈમ બ્રાન્ચ દ્વારા સેન્ટ્રલ બસ સ્ટેન્ડ પાસેથી ઝડપી લેવામાં આવ્યો છે. પોલીસ ટીમે બાતમીના આધારે દરોડો પાડીને ૨૬ વર્ષીય ડ્રાઈવર આરોપી કરણ હમીરભાઈ ખસીયા (રહે. ભેગાલીગામ, તા. તળાજા, જિ. ભાવનગર)ને ભોગ બનનાર નાબાલિક છોકરી સાથે ડીટેઈન કરી લીધો છે. ગત તા. ૨૩ જુલાઈના રોજ વહેલી સવારે ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના કરમદીયાગામની વાડી વિસ્તારમાંથી એક સગીરા ગુમ થઈ હતી. અજાણ્યો શખ્સ આ નાબાલિક છોકરીને લગ્ન કરવાની લાલચ આપી, લલચાવી-ફોસલાવી બદકામ કરવાના ઈરાદે અપહરણ કરી લઈ ગયો હોવાની ફરિયાદ સગીરાના પિતા દ્વારા નોંધાવવામાં આવી હતી. આ બનાવ સંદર્ભે ભાવનગરના બગદાણા પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો, જે બાદ આરોપીની શોધખોળ શરૂ કરાઈ હતી. દરમિયાન સુરતમાં પેટ્રોલિંગ કરીરહેલા પોલીસ સબ ઈન્સ્પેક્ટર અને તેમની ટીમને ચોક્કસ બાતમી મળતા ભોગ બનનાર સગીરા સુરત સેન્ટ્રલ બસ સ્ટેન્ડ પર હોવાનું સામે આવ્યું હતું, જેથી સમય સૂચકતા વાપરીને બંનેને તુરંત તાબામાં લેવામાં આવ્યા હતા. સુરત ક્રાઈમ બ્રાંચ દ્વારા આરોપી કરણ ખસીયાની અટકાયત કર્યા બાદ તેની વિરુદ્ધ કાયદેસરની કાગળ પરની કાર્યવાહી પૂર્ણ કરવામાં આવી છે. આ સાથે જ ભોગ બનનાર સગીરાની સુરક્ષા અને આરોપીની આગળની પૂછપરછ તથા કાનૂની તપાસ માટે ભાવનગરના બગદાણા પોલીસ સ્ટેશનના તપાસ કરનાર અમલદારને સોંપવા માટેની જરૂરી તજવીજ હાથ ધરવામાં આવી છે.